# પ્રાતર્નમામિ




## ઉષ:પ્રાર્થના
(અર્થ સહિત)

# સાયંસ્મરામિ



## સાયંપ્રાર્થના
(અર્થ સહિત)

|| चतुर्थोऽध्यायः ||



श्री वासुदेवानंदसरस्वती सस्मित सुवाचा । पृच्छा करिती बाळ तू कोणाचा ?।
"तुमचाच" शब्द ये गुरुनिष्ठेचा । शिष्योत्तम पांडुरंग मुखातूनी ।।७७।।

વાસુદેવાનંદ સરસ્વતી સસ્મિત સુવાચા/પૃચ્છા કરિતી "બાલ તૂ કોણાચા ?" /"તુમચાચ" શબ્દ યે ગુરુનિષ્ઠેચા/શિષ્યોત્તમ પાંડુરંગ મુખાતૂની/સ્વામીમુખે નિઘતી તૃપ્ત શબ્દ હે/"હા આમુચા મુલગા આહે" શિષ્ય સ્વીકાર ઝાલા પાહે/ખડીસાખર પ્રસાદ હી દીધલા/ઝાલા પ્રાપ્ત ખરા ગુરુપ્રસાદ/ગુરુપ્રસાદ ખડીસાખર/તે ચ હે મધુર નારેશ્વર/ગુરુનામ ગોડી અપરંપાર/યે થે અસે અક્ષય/પાંડુરંગ પાવલા ગુરુદર્શન.

શ્રી રંગ અવધૂત લીલામૃત (મરાઠી ભાષાંતરમાંથી સાભાર - સૌ. લીલાતાઈ જોશી)

(૧) પરસ્પર જાગૃત થયો, પૂર્વજન્મનો યોગ, એક-બીજાને ભેટવા, ભલો થયો સંજોગ.

(૨) "આહે મુલગા આમચા", કહી સ્વામી મહારાજ, પાંડુરંગને પ્રેમથી પૂછવા લાગ્યા રાજ.

(૩) કહે રે બાળક તું અરે !"કો નો છે તું બાળ ?" "આપ તણો" કહે બાબુ, એ ઉત્તર જો તત્કાળ.

(૪) મસ્તક મેં મૂકી દીધું, ભલે થવાનું થાય, નિશ્ચય મનનો માહરા, કદી ન નિષ્ફળ જાય.

(૫) મુજ માંથુ તો ક્યારનું, સદ્‌ગુરુ ખોળા માંહ્ય, મૂક્યું છે મેં તે હજુ, નથી ઉઠાવ્યું ક્યાંય.

(૬) સદ્‌ગુરુ પદપંકજ વિષે રાખે શ્રધ્ધા અનન્ય, તેને સદ્‌ગુરુ નિજ સમો, ખરે! બનાવે ધન્ય.

શ્રી સ્વામી મહારાજે આમુચા મુલગા આહે "આમુચા" શબ્દનો ઉપયોગ પૂજ્યશ્રી પગે લાગ્યા ને સામેથી પોતે કર્યો ને સ્વીકાર કર્યો કે "તું મારો છે" "હું તારો છું" આવું પરસ્પર મિલન, પરસ્પરના પૂર્વ જન્મયોગથી પૂજ્યશ્રીને આ સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું.

પરિવારજનો, આ પ્રસંગને ધ્યાનમાં રાખીને ભાવભીનીં નિષ્ઠાયુક્ત ભક્તિ કરીએ કે જેથી પ્રસન્ન થઈને આપણને ગુરુદર્શન થાય ને સ્વીકારે કે, "તું મારો છે" "હું તારો છું", તો જ રંગ જામે ! બાકી બધું "હું" "હું" "મારું" "મારું" વ્યર્થ છે.....

જ્યારે જ્યારે પૂ.શ્રીએ બતાવેલ ઉપાયથી ભક્તોના દુઃખો, વિઘ્નો, અશાંતિ કે સાંસારિક વિટંબણાઓ દૂર થતી ત્યારે તેઓ પૂજ્યશ્રી પાસે આવીને આર્તભાવે કહેતા કે "બાપજી ! આપે મારા..." ત્યારે પૂજ્યશ્રી કહેતા કે "આપણાં ગુરુમહારાજ છે ને ! આપણા સૌનું ધ્યાન રાખે છે".

[ આવા પ્રસંગો પરિવારજનોને ઘણું બધું કહી જાય છે..... સમજીને ભક્તિ કરી એ તો આપણને પણ પૂજ્યશ્રીનાં સાક્ષાત દર્શન થશે જ ! નહીં તો..... પૂજ્યશ્રીએ ભજનોમાં ઘણું બધું કહી દીધું છે ! ]

સંપાદક : પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય
અમદાવાદ.
મો. ૯૮૨૪૫ ૦૪૨૦૬.

મુદ્રક : અંબિકા પ્રિન્ટર્સ
અમદાવાદ.
(૦૭૯-૨૫૪૫૩૯૦૪)

ગ્રાફિક્સ : શ્રી હાર્દિક રાજેન્દ્ર ઉપાધ્યાય
**'રાહ-રંગપ્રેમની'**
આણંદ- ૩૮૮ ૦૦૧.
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

પ્રકાશક : શ્રીરંગ અવધૂત પરિવાર - યુ.એસ.એ. - કેનેડા-
ઓડિયો-વિડીયો-સીડીના ઉપાર્જનમાંથી
ફોન: ૬૩૦-૫૫૦-૪૨૧૮.

આવૃત્તિ : પ્રથમ
અનંત ચતુર્દશી, ભાદરવા સુદ ચૌદસ, ૨૦૬૪.
રવિવાર, તા. ૧૪-૦૯-૨૦૦૮.

પ્રત : ૧૦૦૦

**પંદર રૂપિયા**

# ઉષ:પ્રાર્થના

## અનુક્રમણિકા


| ક્રમાંક | પ્રાર્થના | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| | ❋ સોમવાર ❋ | |
| ૧. | દત્તપ્રબોધસ્તવ: | ૧ |
| ૨. | બિરુદાવલી-ચતુષ્ટય | ૩ |
| ૩. | મંગલ આરતી | ૪ |
| ૪. | સમર્પણ | ૫ |
| ૫. | અથ પ્રાત:સ્મરણમ્ | ૬ |
| ૬. | ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના | ૭ |
| ૭. | ધ્યાચ હ્યત્રિજમરં જીવ કરુણાકરં | ૮ |
| ૮. | દત્ત દિગંબરા ઊઠ કરુણાકરા | ૯ |
| ૯. | જાગ્યને જોગીડા દત્ત દિગંબરા | ૧૦ |
| ૧૦. | એક કિરતાર કલિતાર સૃષ્ટિ તણો | ૧૧ |
| ૧૧. | આવ દિગંબરા દત્ત કરુણાકરા | ૧૩ |
| ૧૦. | વંદન | ૧૪ |
| ૧૩. | રેવાગીતમ્ | ૧૫ |
| ૧૪. | પ્રભાતિયાંનો અર્થ | ૧૫ |
| | ❋ મંગળવાર ❋ | |
| ૧. | દત્તપ્રબોધસ્તવ: | ૨૬ |
| ૨. | બિરુદાવલી-ચતુષ્ટય | ૨૮ |
| ૩. | મંગલ આરતી | ૨૯ |
| ૪. | સમર્પણ | ૩૦ |
| ૫. | અથ પ્રાત:સ્મરણમ્ | ૩૧ |
| ૬. | ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના | ૩૨ |
| ૭. | જાગ્યને જોગીડા દત્ત દિગંબરા | ૩૩ |
| ૮. | એક આધાર કિરતારનો જગતમાં | ૩૪ |

| ક્રમાંક | પ્રાર્થના | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૯. | ભાવથી ભજન કર, હરિ તણું રટણ કર | ૩૫ |
| ૧૦. | ઊઠને જીવ ઉદ્યોગ અદકો કરી | ૩૬ |
| ૧૧. | આવ દિગંબરા દત્ત કરુણાકરા | ૩૭ |
| ૧૨. | વંદન | ૩૯ |
| ૧૩. | રેવાગીતમ્ | ૩૯ |
| ૧૪. | પ્રભાતિયાંનો અર્થ | ૪૦ |
| | ❋ બુધવાર ❋ | |
| ૧. | દત્તપ્રબોધસ્તવ: | ૪૩ |
| ૨. | બિરુદાવલી-ચતુષ્ટય | ૪૫ |
| ૩. | મંગલ આરતી | ૪૬ |
| ૪. | સમર્પણ | ૪૭ |
| ૫. | અથ પ્રાત:સ્મરણમ્ | ૪૮ |
| ૬. | ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના | ૪૯ |
| ૭. | જાગ્યને જોગીડા દત્ત દિગંબરા | ૫૦ |
| ૮. | શે મુખે વર્ણવું કીર્તિ કિરતારની | ૫૧ |
| ૯. | વિષયની વાતમાં વિષ્ણુ ભૂલી ગયા | ૫૨ |
| ૧૦. | જૂઠમાં જિંદગી જાય નર જો વહી | ૫૩ |
| ૧૧. | આવ દિગંબરા દત્ત કરુણાકરા | ૫૪ |
| ૧૨. | વંદન | ૫૫ |
| ૧૩. | રેવાગીતમ્ | ૫૬ |
| ૧૪. | પ્રભાતિયાંનો અર્થ | ૫૬ |
| | ❋ ગુરુવાર ❋ | |
| ૧. | દત્તપ્રબોધસ્તવ: | ૫૯ |
| ૨. | બિરુદાવલી-ચતુષ્ટય | ૬૧ |
| ૩. | મંગલ આરતી | ૬૨ |
| ૪. | સમર્પણ | ૬૩ |
| ૫. | અથ પ્રાત:સ્મરણમ્ | ૬૪ |
| ૬. | ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના | ૬૫ |
| ૭. | જાગ્યને જોગીડા દત્ત દિગંબરા | ૬૬ |

| ક્રમાંક | પ્રાર્થના | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૮. | ભાવ વિણ ભક્તિ નવ કામ આવે કદી | ૬૭ |
| ૯. | વિષયની વાડીમાં જીવ ભૂલો પડ્યો | ૬૮ |
| ૧૦. | આવ દિગંબરા દત્ત કરુણાકરા | ૬૯ |
| ૧૧. | દરદીનું દરદ એક દરદી જાણી શકે | ૭૦ |
| ૧૨. | વંદન | ૭૧ |
| ૧૩. | રેવાગીતમ્ | ૭૨ |
| ૧૪. | પ્રભાતિયાંનો અર્થ | ૭૨ |
| | ❋ શુક્રવાર ❋ | |
| ૧. | દત્તપ્રબોધસ્તવ: | ૭૫ |
| ૨. | બિરુદાવલી-ચતુષ્ટય | ૭૭ |
| ૩. | મંગલ આરતી | ૭૮ |
| ૪. | સમર્પણ | ૭૯ |
| ૫. | અથ પ્રાત:સ્મરણમ્ | ૮૦ |
| ૬. | ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના | ૮૧ |
| ૭. | જાગ્યને જોગીડા દત્ત દિગંબરા | ૮૨ |
| ૮. | ઊઠને મૂઢ આલસ્ય નિદ્રા ત્યજી | ૮૩ |
| ૯. | મૂળ સંસારનું મૂઢ મન માંકડું | ૮૪ |
| ૧૦. | વેણુ વાગે અલી! હૃદયકુંજે હરિ | ૮૫ |
| ૧૧. | આવ દિગંબરા દત્ત કરુણાકરા | ૮૬ |
| ૧૨. | વંદન | ૮૭ |
| ૧૩. | રેવાગીતમ્ | ૮૮ |
| ૧૪. | પ્રભાતિયાંનો અર્થ | ૮૮ |
| | ❋ શનિવાર ❋ | |
| ૧. | દત્તપ્રબોધસ્તવ: | ૯૧ |
| ૨. | બિરુદાવલી-ચતુષ્ટય | ૯૩ |
| ૩. | મંગલ આરતી | ૯૪ |
| ૪. | સમર્પણ | ૯૫ |
| ૫. | અથ પ્રાત:સ્મરણમ્ | ૯૬ |
| ૬. | ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના | ૯૭ |
| ૭. | જાગ્યને જોગીડા દત્ત દિગંબરા | ૯૮ |

| ક્રમાંક | પ્રાર્થના | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૮. | ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે | ૯૯ |
| ૯. | હોય દેવાંશી તે દેવને ઓળખે | ૧૦૦ |
| ૧૦. | એક અક્ષર અવિનાશ વ્યાપ્યું બધે | ૧૦૧ |
| ૧૧. | આવ દિગંબરા દત્ત કરુણાકરા | ૧૦૨ |
| ૧૨. | વંદન | ૧૦૩ |
| ૧૩. | રેવાગીતમ્ | ૧૦૪ |
| ૧૪. | પ્રભાતિયાંનો અર્થ | ૧૦૪ |
| | ❋ રવિવાર ❋ | |
| ૧. | દત્તપ્રબોધસ્તવ: | ૧૦૭ |
| ૨. | બિરુદાવલી-ચતુષ્ટય | ૧૦૯ |
| ૩. | મંગલ આરતી | ૧૧૦ |
| ૪. | સમર્પણ | ૧૧૧ |
| ૫. | અથ પ્રાત:સ્મરણમ્ | ૧૧૨ |
| ૬. | ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના | ૧૧૩ |
| ૭. | જાગ્યને જોગીડા દત્ત દિગંબરા | ૧૧૪ |
| ૮. | છો સુખે નિંદતા નિંદકો હરિ મને | ૧૧૫ |
| ૯. | શી કરું અર્ચના દત્ત દયાઘના? | ૧૧૬ |
| ૧૦. | આજ આનંદનું પૂર ઉરમાં વહે | ૧૧૭ |
| ૧૧. | આવ દિગંબરા દત્ત કરુણાકરા | ૧૧૮ |
| ૧૨. | વંદન | ૧૧૯ |
| ૧૩. | રેવાગીતમ્ | ૧૨૦ |
| ૧૪. | પ્રભાતિયાંનો અર્થ | ૧૨૦ |

# સાયંપ્રાર્થના

## અનુક્રમણિકા


| ક્રમાંક | પ્રાર્થના | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧. | સાયંપ્રાર્થના: મંગલાચરણ | ૧૨૩ |
| ૨. | શ્રી દત્તરક્ષાસ્તોત્રમ્ | ૧૨૪ |
| ૩. | દત્તબાવની | ૧૨૮ |
| ૪. | બિરુદાવલી-ચતુષ્ટય | ૧૩૦ |
| ૫. | ભગવાન દત્તાત્રેયની આરતી | ૧૩૧ |
| ૬. | પ.પૂ. શ્રી રંગ અવધૂત ગુરુમહારાજની આરતી | ૧૩૨ |
| ૭. | સમર્પણ | ૧૩૩ |
| ૮. | મંત્રપુષ્પાંજલિ | ૧૩૪ |
| ૯. | યાચના | ૧૩૬ |
| ૧૦. | સાયંસ્મરણમ્ | ૧૩૭ |
| ૧૧. | કરુણાત્રિપદી | ૧૩૮ |
| ૧૨. | ધૂન | ૧૩૯ |
| ૧૩. | અઘોરકષ્ટોદ્ધરણ સ્તોત્રમ્ | ૧૪૧ |
| ૧૪. | ક્ષમાપનમ્ | ૧૪૨ |
| ૧૫. | વંદન | ૧૪૩ |
| ૧૬. | નામસુધારસ | ૧૪૫ |
| ૧૭. | પ્રભુ પરખ્યા હૃદે જેણે | ૧૪૬ |
| ૧૮. | એવો દિ દેખાડ | ૧૪૭ |
| ૧૯. | ગુરુચરન પ્રીત મોરી લાગી રે! | ૧૪૮ |
| ૨૦. | મોહે દત્ત દરસકી આસ | ૧૪૮ |
| ૨૧. | સ્તોત્રના અર્થ | ૧૪૯ |
| ૨૨. | **પરિશિષ્ટ** | |
| | (i) પ.પૂ. શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજની આરતી | ૧૫૨ |
| | (ii) ભગવતી મા રુકમામ્બાની આરતી | ૧૫૪ |
| | (iii) પ્રકાશિત પુસ્તકોની સૂચિ | ૧૫૫ |

# ઉષઃ પ્રાર્થના

## પ્રાર્થના-સોમવાર

### ૧. દત્તપ્રબોધસ્તવઃ ।

અજિતામૃતયોગનિદ્રિતાચ્યુતશક્તેઃ સ્વકૃતાતિમોહિત ।
ધ્રુમુખે શ્રુતિબન્દિગીતતો ભગવજ્જાગૃહિ જાગૃહિ ત્ર્યધીટ્ ॥

નિત્યો હિ યસ્ય મહિમા ન હિ માનમેતિ
સ ત્વં મહેશ ભગવન્મઘવન્મુખેડ્ય ।
ઉત્તિષ્ઠ તિષ્ઠદમૃતૈરમૃતૈરિવોક્તૈર્-
ગીતાગમૈશ્ચ પુરુધા પુરુધામશાલિન્ ॥૧॥

ભક્તેષુ જાગૃહિ મુદા હિ મુદારભાવં
તલ્પં વિહાય સવિશેષ વિશેષહેતોઃ ।
યઃ શેષ એષ સકલઃ સકલસ્વગીતૈ-
સ્ત્વં જાગૃહિ શ્રિતપતે તપતે નમસ્તે ॥૨॥

દૃષ્ટવા જનાન્ વિવિધ કષ્ટવશાન્દયાલુ-
સ્ત્ર્યાત્મા બભૂવ સકલાર્તિહરોઽત્ર દત્તઃ ।
અત્રેર્મુનેઃ સુતપસોઽત્ર ફલં ચ દાતું
બુધ્યસ્વ સ ત્વમિહ યન્મહિમાનિયત્તઃ ॥૩॥

આયાત્યશેષવિનુતોઽપ્યવગાહનાય
દત્તોઽધુનેતિ સુરસિન્ધુરપેક્ષતે ત્વામ્ ।
ક્ષેત્રે તથૈવ કુરુસંજ્ઞક એત્ય સિદ્ધા-
સ્તસ્થુસ્તવાચમનદેશ ઈનોદયાત્પ્રાક્ ॥૪॥

સન્ધ્યામુપાસિતુમજોઽપ્યધુનાગમિષ્ય-
ત્યાકાંક્ષતે કૃતિજનઃ પ્રતિવીક્ષતે ત્વામ્ ।
કૃષ્ણાતટેઽપિ નરસિંહસુવાટિકાયાં
સારાર્તિકઃ કૃતિજનઃ પ્રતિવીક્ષતે ત્વામ્ ॥૫॥

**પ્રાર્થના એ ભગવાન પ્રત્યે ભાવ દર્શાવવાનું એક સાધન છે.**

ગન્ધર્વસંજ્ઞકપુરેડપિ સુભાવિકાસ્તે
ધ્યાનાર્થમત્ર ભગવાન્સમુપૈષ્યતીતિ ।
મત્વાસ્થુરાચરિતસંનિયતાપ્લવાદ્યા
ઉત્તિષ્ઠ દેવ ભગવન્નત એવ શીઘ્રમ્ ॥૬॥

પુત્રી દિવ: ખગગણાન્સુચિરં પ્રસુપ્તા-
નુત્પાતયત્યરુણગા અધિરુહ્ય તુષા: ।
કાષાયવસ્ત્રમપિધાનમપાવૃણૂધન્
તાર્ક્ષ્યાગ્રજોડયમવલોકય તં પુરસ્તાત્ ॥૭॥

શાટીનિભાભ્રપટલાનિ સુરેન્દ્રકાષ્ઠા-
ભાગં યતીન્દ્ર રુરુધુર્ગરુડાગ્રજોડત: ।
અસ્માભિરીશ વિદિતો હ્યુદિતોડયમેવ
ચન્દ્રોડપિ તે મુખરુચિં ચિરગાં જહાતિ ॥૮॥

દ્વારેડર્જુનસ્તવ ચ તિષ્ઠતિ કાર્તવીર્ય:
પ્રહલાદ એષ યદુરેષ મદાલસાજ: ।
ત્વાં દ્રષ્ટુકામ ઇતરે મુનયોડપિ ચાહ-
મુતિષ્ઠ દર્શય નિજં સુમુખં પ્રસીદ ॥૯॥

એવં પ્રબુદ્ધ ઇવ સંસ્તવનાદભૂત્સ
માલાં કમંડલુમથો ડમરું ત્રિશૂલમ્ ।
ચક્રં ચ શંખમુપરિસ્થકરૈર્દધાનો
નિત્યં સ મામવતુ ભાવિતવાસુદેવ: ॥૧૦॥

**પ્રાર્થના એ પરમાત્મા અને આપણી વચ્ચેનો પુલ છે.**

# ૨. બિરુદાવલિ-ચતુષ્ટય

૧. અખંડભૂમંડલાચાર્ય, વૈદિકધર્મપ્રચારક, યોગમાર્ગપ્રવર્તક, અત્રિવરદ, અનસૂયાનંદન, પરબ્રહ્મસ્વરૂપ, શ્રીમદ્ દત્તાત્રેયાવધૂતો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ||

૨. સકલવિદ્યાવારિધિ-પારગ, ઋતંભરપ્રજ્ઞાપારમિત, શાસ્ત્રવિહિતાચારવિગ્રહ, રચિતાખિલદત્તવાઙ્મય, યોગશ્રી-વિલસિત-વદનામ્બુજ, ગણેશ-રમા-મ્બાનન્દન, પરમહંસ-પરિવ્રાજકાચાર્ય, દત્તાત્રેયાત્મક યતિવર, શ્રીમદ્વાસુદેવાનન્દો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ||

૩. સમસ્તજગદુત્પત્તિ- સ્થિતિ - પ્રલયકારક પ્રરબ્રહ્માપરાવતાર-શ્રીમદ્-રંગાવધૂત-જનિપાલનકારણભૂતા, નાનાવિધ-કલેશ-કલમેષ્ટ-મિત્રમંડલસહિતા, નારેશ્વરાશ્રમ-ભારધારણ-નિપુણા, રંગરાજભિક્ષાન્નપાત્ર-પૂરણ-પ્રવણાન્નપૂર્ણા, જગન્માતૃપદમવસ્થિતા, પરામ્બા, શ્રીમતી ભગવતી રુક્મામ્બા વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ||

૪. અનન્તકોટિબ્રહ્માંડનાયક, જ્ઞાનકર્મોપાસના-માર્ગત્રયપ્રવર્તક, દકારાદિ-દિવ્યવિદ્યાપ્રદાયક, શ્રીમદ્દત્તાત્રેયાપરાવતાર, વિઠ્ઠલરુકમામ્બાનંદન, યતિવર, શ્રીમદ્ ભગવદ્ રંગાવધૂતો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ||

પ્રાર્થનાથી કલ્પનામાં ન આવે એટલી તાકાત મળે છે.

# ૩. મંગલ આરતી
## આનંદવાજાં વાગે ગગનમાં

(રાગ-મિશ્ર કલ્યાણ; તાલ-ધુમાલી)

આનંદવાજાં વાગે ગગનમાં,
ઘણણણ ઘંટા ભેરી! (૨)
મંગલ આરતી થાએ મારા ગુરુની,
મંગલ આરતી કરું મારા ગુરુની,
સત્ ચિત્ આનંદ હેલી! (૨) .........ટેક.

બ્રહ્માહરિહર એક સ્વરૂપે (૨),
કરે અગમગઢ કેલિ! (૨)
શૂન્ય શિખર પર શબ્દ સૂણાએ (૨),
ચાલ દોડ અલબેલી!! .........આનંદ. ૧.

પ્રાણ-પડઘમે શ્વાસા દાંડી (૨),
ઘડુડુડુ નોબત ઘેરી! (૨)
શબ્દ અશબ્દની વચમાં હેલી (૨),
નાચે અપસરા ઘેલી!!(૨) .........આનંદ. ૨.

થેઈ થેઈ થન્થન્ ઘડુડુડુ ઘમ્ઘમ્ (૨)
ખમા ખમા રંગરેલી (૨),
જ્ઞાન-વિજ્ઞાને જ્યોતિ પ્રગટતાં (૨),
પિંડ બ્રહ્માંડની હોળી!!(૨) ...આનંદ.૩.

આપહી ગાવત આપ બજાવત (૨)
ફિરે આપ ફંફેરી (૨);
જ્યાં ત્યાં આપે આપ ભરાયો (૨)
એહી દેવ યહ ડેરી!!(૨) .........આનંદ. ૪.

બં બં ભોલા ગુરુ ગિરનારી (૨),
દત્ત દિગંબર લ્હેરી (૨),
સૂરત નૂરત બીચમેં મૂરત (૨)
દેખે **રંગ** ગુરુચેરી!!(૨) ...આનંદ.૫.

**પ્રાર્થના એ પ્રભુકૃપા મેળવવાનું સાત્ત્વિક સાધન છે.**

# ૪. સમર્પણ

કર્પૂરપૂરેણ મનોહરેણ, સુવર્ણપાત્રોદરસંસ્થિતેન ।
પ્રદીપ્તભાસા સહ સંગતેન, નીરાજનં તે જગદીશ કુર્વે ॥

કર્પૂરગૌરં કરુણાવતારં સંસારસારં ભુજગેન્દ્રહારમ્ ।
સદા વસન્તં હૃદયારવિંદે ભવં ભવાનીસહિતં નમામિ ॥

મંગલં ભગવાન્ વિષ્ણુર્મંગલં ગરુડધ્વજ: ।
મંગલં પુંડરીકાક્ષો મંગલાયતનં હરિ: ॥

સર્વમંગલમાંગલ્યે શિવે સર્વાર્થસાધિકે ।
શરણ્યે ત્ર્યંબકે ગૌરિ નારાયણિ નમોઽસ્તુ તે ॥

## અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

શાન્તં યોગીન્દ્રવર્યં દ્વિજકુલતિલકં શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠં
દત્તાત્રેયં સ્મરન્તં જનહિતનિરતં સચ્ચિદાનંદમગ્નમ્ ।
સિદ્ધં રેવાતટસ્થં નિજપરરહિતં નિત્યમત્તાવધૂતં
સન્તં નારેશ્વરસ્થં મથિતકલિમલં પાંડુરંગં નમામિ ॥

**પ્રાર્થનામાં જેટલા શબ્દો ઓછા તેટલી અસરકારકતા વધુ.**

# ૫. અથ પ્રાત:સ્મરણમ્ ।

પ્રાતર્નમામિ ભગવન્તમનન્તમાદ્યં
સચ્ચિત્સુખાત્મકશિરસ્ત્રિતયં દધાનમ્ ।
ઐશ્વર્યવીર્યયશઆદિભુજૈર્લસન્તં
તં દેવમત્રિવરદં નતદત્તસર્વમ્ .......।૧।

સર્વાત્મકં સકલવંદિતપાદપીઠં
ભક્તાનુરૂપધૃતરૂપમનેકમેકમ્ ।
શાન્તં સદૈકનિલયં નિલયાદિહીનં
તં વ્રાત્યવાતરશનં રસનાતિગં કમ્ .......।૨।

યસ્મિન્નિદં જગદશેષમનુપ્રવિષ્ટં
વસ્ત્રે ગુણા ઈવ ગુણાતિગમપ્રમેયમ્ ।
વેદશ્ચભિ: પ્રતિદિનં બહુ શોભમાનં
ભૂતૈ: સ્મશાનકુહરે તમતકર્યલીલમ્ .......।૩।

માયાપતિં પતિવિહીન નિરસ્તમાયં
યં યોગિભોગિજટિમુણ્ડિન આસ્તુવન્તિ ।
નેતીતિ વેદનિવહા: ખલુ યત્ર મૂકા:
કોઽહં સ્તવે નુ ભગવન્ પ્રણતોઽસ્મ્યતો હિ .......।૪।

રંગેણ વિહિતં સ્તોત્રં ચતુ:શ્લોક સમન્વિતમ્ ।
ય: પઠેત્પ્રાતરુત્થાય તસ્યાહ: સુખદં ભવેત્ .......।૫।

**પ્રાર્થના એટલે પ્રભુ પ્રત્યેની આભાર અભિવ્યક્તિ.**

## ૬. ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના

ઊઠ અઘભંજના[૧] દત્ત મુનિરંજના,
સંસૃતિગંજના[૨] વિશ્વમૂર્તે!
પૂર્ણ કરી કામના સત્ય કર નામના,
દુ:ખ હર વામના ભવ્યમૂર્તે!! ......ટેક.

ભક્ત આવી ખડા બારણે બાપડા,
હાથમાં લઈ પડા પુષ્પફળના;
મંદ હાસ્યે કરી ભવચિંતા હરી,
શાંતિ દે નરહરિ શ્યામવરણા. ......૧.

અંત અનંત ના જો હવે ચિદ્‌ઘના,
ના રહે તુજ વિના પ્રાણ ઝાઝા;
શે થયો ચંદ્રમા તપ્ત? પૃથ્વી ક્ષમા,
છોડી દે અર્યમા[૩] કેમ માઝા? ......૨.

શરણ ભાવે થતાં ના રહે ત્યાં કથા
દુ:ખની હે તતા[૪]! બ્રિદ તારું;
કેમ ભૂલી દમે ભક્તજન આ સમે?
કાં ઉપેક્ષા ગમે? દૈવ મારું! ......૩.

દાર[૫] ઘર વિસરી ત્વત્પદે નત હરિ!
જનિમૃતિ[૬] સંહરી તાર વેગે;
ભ્રાન્ત[૭] ભવકાનને શ્રાન્ત[૮] શાસ્ત્રાટને,
ક્ષાળ[૯] કર્દમ[૧૦] મુને! જ્ઞાનમેઘે ......૪.

વિષયધૂલી ઊડે સૂઝ કંઈ નવ પડે,
આંખ ચોળી રડે જીવ હારી,
[૧૧]વિરતિજલધારથી [૧૨]બોધઆસારથી,
સ્વાત્મવિચારથી ઠાર હાળી[૧૩]. ......૫.

---

૧. પાપનો નાશ કરનાર ૨. સંસારને જીતનાર ૩. પિતૃઓના અધિષ્ઠાતા ૪. હે તાત! ૫. સ્ત્રી ૬. જન્મ-મરણ ૭. ભૂલો પડેલો ૮. થાકેલો ૯. ધો ૧૦. વિષયરૂપી કાદવ ૧૧. વૈરાગ્ય ૧૨.બોધરૂપી વરસાદના ઝાપટાંથી ૧૩. (જીવરૂપી) ખેડૂત.

**પ્રાર્થના એ ભાવાત્મક સાધન છે.**

દોડ સદ્‌ગુરુવરા કર હવે તો ત્વરા,
આવી આખર જરા[1] કાળદૂતી,
**રંગ** શિરનો ફર્યો ચિત્તમળ ના ગળ્યો,
વ્યર્થ દોડી મર્યો કરમ કૂટી! ......૬.

## ૭. ધ્યાય હૃત્રિજમરં જીવ કરુણાકરં

ધ્યાય હૃત્રિજમરં જીવ કરુણાકરં
તદ્વિના કોડપિ નો તારકસ્તે ।
બ્રહ્મ સત્યં જગદ્વિદ્ધિ મિથ્યા પરં
ચિન્તયાહર્નિશં તત્ત્વમન્તે ।। ......ધ્રુ.

મોહરાત્રિર્ગતા જ્ઞાનદીપ્તિસ્તતા-
ડજ્ઞાનતલ્પે વૃથા કિં નુ શેષે ।
બુધ્ય કસ્ત્વં કુતો દેશિકં વ્રજ તતો
દાન્તિવૈરાગ્યત: શૂન્યદેશે ।। ......૧.

સ્થૂલમેતદ્ વૃથા સૂક્ષ્મમન્તર્વૃથા
કારણે કા કથા તત્પરં તત્ ।
દ્વૈતમુલ્લંઘ્ય યત્તદ્વિ રૂપં તુ સત્
તે ન નાનાસ્તિ ત્વત્તસ્તુ ચાન્યત્ ।। ......૨.

નામરૂપે ન તે જાતિગોત્રે ન તે
કિન્ત્વહં મન્યસે મૂઢ કસ્માત્ ।
ન ત્વહં નાપિ ત્વં સર્વમેતત્ક્ષરં
વિદ્ધિ વિદ્યુચ્ચલં વિરમ તસ્માત્ ।। ......૩.

શુક્તિરજતં યથા સર્વમેતત્તથા
ભાસમાત્રં વૃથા સ્વપ્નકલ્પમ્ ।
ભૂપતિસ્ત્વં વૃથા ભિક્ષસે કિં પથા
ભુંક્ષ્વ રાજ્યં તતાડનન્તકલ્પમ્ ।। ......૪.

---
૧. ઘડપણ.

**પ્રાર્થના અંત:કરણની સ્વચ્છતા માટે જરૂરી છે.**

તીર્થભ્રમણં વૃથા શાસ્ત્રશ્રવણં તથા
નો શ્રુતા **રંગ** યદિ મૌનગાથા।
સા શ્રુતેસ્ત્યાગતસ્તત્ત્વમસ્યત્ર તે
જન્મ વ્યર્થં ગતં કોડન્ય ત્રાતા॥ ......૫.

## ૮. દત્ત દિગંબરા ઊઠ કરુણાકરા

દત્ત દિગંબરા ઊઠ કરુણાકરા
[1]પહાંટ ઝાલી પૂરે[2] ઝોંપ[3] આતા,
ભક્તજન હે ઊભે વાટપહાતી[4] સભે,
દર્શને દેઇ ત્યા શીઘ્ર શાતા![5] .......ધ્રુ.

અરુણ તમ[6] દૂર કરી કુંકુમેં નભ ભરી,
બાપડી હી ઉષા પદર[7] પસરી[8],
ગંગ ખળખળ કરી ત્વદ્યશેં જગ ભરી,
[9]મંદવાહે કશી[10] અનિલલહરી! .......૧.

વનગંધર્વ હે સુસ્વરેં ગાઇતી,
મોર કેકારવેં નૃત્ય કરિતી,
મુનિકુલેં ગર્જતી વેદમંથરગિરા,
ઊઠ બા શ્રીધરા રાઘુ[11] પઠતી! .......૨.

[12]ષટ્પદે [13]પદ્મદલીં ગૂંજતી પ્રિયકરા,
ભેટતી હીં મુદા[14] ચક્રપિલ્લી[15];
**રંગ** કષ્ટી ઊભા પાહૂં દે મુખપ્રભા,
લોળું[16] દે સતત બા ચરણકમળી! .......૩.

૧. પ્રભાત ૨. બસ ૩. ઊંઘ, નિંદ્રા ૪. વાટ જુએ છે ૫. શાંતિ ૬. અંધારું ૭.પાલવ ૮. ફેલાવે છે ૯. મંદગતિથી વહે છે ૧૦. કેવી રીતે ૧૧. પોપટ ૧૨. છ પગવાળા, ભમરાનાં ટોળાં ૧૩. કમળની પાંખડીઓમાં ૧૪. આનંદથી ૧૫. ચક્રવાક પક્ષીઓનાં બચ્ચાં ૧૬. આળોટવા દે.

**પ્રાર્થના ધર્મનો સ્તંભ અને સ્વર્ગની ચાવી છે.**

# ૯. જાગ્યને જોગીડા દત્ત દિગંબરા

જાગ્યને જોગીડા દત્ત દિગંબરા,
તુજ વિના ભક્તઅઘ[1] કોણ હરશે?
કલિ બધે વ્યાપિયો ધર્મ સંતાડિયો,
ધર્મસંસ્થાપના કોણ કરશે? .......ટેક.

નાસ્તિકો નગ્ન[2] થઇ વલ્ગના[3] બહુ કરે,
ઓચરે જેહ મન જેહ ભાવે,
ભક્તિ પંગુ થઇ અન્ય ખંડે ગઇ,
સર્વને શુષ્ક મન જ્ઞાન ભાવે. .......૧.

ત્યાગ-વૈરાગ્યની ઠેકડી સહુ કરે,
ભોગમાં મસ્ત થઇ જગ્ત ડોલે,
દાનવ્રતપૂજને ચિત્ત હા! નવ ઠરે;
વ્હેમ બાધા બધે સ્વૈર[4] ચાલે. .......૨.

ગુરુતણો રાફડો ચોદિશે ફાટિયો,
જેહને જે ગમે તેને મુંડે;
'મુંડને મોક્ષ' એ સૂત્ર સોંઘું થયું,
વ્યાસશાંડિલ્ય ગમ કોણ દોડે? .......૩.

આપપંથી બધા આત્મ નવ ઓળખે,
દેવને ભૂલી મંદિર પૂજે!
**રંગ** મૂગો થઇ તુંહિ તુંહિ ઓચરે,
તું વિના આન[5] નવ કાંઇ સૂઝે!! .......૪.

---

૧. ભક્તોના પાપ ૨. નિર્લજ્જ થઇ; મર્યાદા મૂકી દઇ ૩. કૂદાકૂદ ૪. જેને જેમ ફાવે તેમ
૫. બીજું, અન્ય.

**શબ્દ જેટલા ઓછા તેટલી પ્રાર્થના ઉત્તમ.**

# ૧૦. એક કિરતાર કલિતાર સૃષ્ટિ તણો

એક કિરતાર કલિતાર સૃષ્ટિ તણો,
મૂકીને મૂઢ નાના[૧] ઉપાસે;
એક અનંત અવિનાશી પરિબ્રહ્મને,
ભૂલીને ભૂતની દોડે વાંસે! .......ટેક.

આંખ દેખે નહિ કાન સૂણે નહિ,
ઇંદ્રિયો સ્પર્શ ના જેહ કરતી;
તે થકી ઊપન્યુ[૨] સર્વ સૃષ્ટિ વિષે,
પવન, પાણી અને તેજ ધરતી. .......૧.

કાળ કંપે અતિ બીકથી જેહની,
તેજ ચંદ્રાર્ક[૩] જો અમિત[૪] આપે,
સૂર્યનો સૂર્ય એ ચંદ્રનો ચંદ્ર એ,
દુ:ખડાં દીનનાં એ જ કાપે. .......૨.

પ્રેત ને પ્હાણને પૂજી પાંખડને,
પોટલાં પાપનાં કેમ છૂટે?
વ્હેમ બાધા થકી બોધ થાયે નહિ,
બોધ વિણ બંધ જનિ[૫] કેમ તૂટે? .......૩.

બીજમાં વૃક્ષ ને વૃક્ષમાં બીજ પરિ-
બ્રહ્મમાં આપ પર તેમ કાસે;
રજ્જુભુજંગસમ[૬] વિશ્વભ્રાંતિ બધી,
આદિમધ્યાંત પરિબ્રહ્મ ભાસે. .......૪.

સુજ્ઞને સાન બસ અજ્ઞને[૭] આણ પણ
દગ્ધને[૮] ડા’પણ કોણ દેશે?
દેખતાં આંધળો આપથી થાય જે,
તેહનો હસ્ત તે કોણ સ્હેશે? .......૫.

---

૧. અનેક ૨. ઊપજ્યું ૩. ચંદ્ર અને સૂર્ય (અર્ક) ૪. અપાર. ૫. જન્મ ૬. દોરડીમાં સર્પની ભ્રાંતિની માફક ૭. અણસમજુ ૮. દોઢડાહ્યો.

**પ્રાર્થના આત્માનો ખોરાક છે.**

તર્કવિતર્કનું જોર ચાલે નહિ,
પંડિતાઇ વૃથા ત્યાં તકાસે;
જ્ઞાતઅજ્ઞાતની પાર પર એ વસે,
જ્ઞાત અજ્ઞાત એથી પ્રકાશે! .......૬.

જ્ઞાની મૂગા થયા મૂક બોલે ઘણું
દેખતા આંધળા અંધ દેખે!
પંગુ દોડે ઘણું દોડતા પાંગળા,
સુરિજનો[૧] શૂન્યમાં આપ પેખે!! .......૭.

તેહ તું તેહ તું વેદ ગર્જી કહે,
સૂણતાં **રંગ** નર ભાન ભૂલે;
મોહપડદો ખરે, સંસૃતિભય ટળે,
ગુરુકૃપા હોય તો ભેદ ખૂલે! .......૮.

---

૧. જ્ઞાનીઓ.

**પ્રાર્થનારૂપી નાના પરબિડિયામાં મોટી માંગણી મૂકી શકાય.**

# ૧૧. આવ દિગંબરા દત્ત કરુણાકરા

આવ દિગંબરા દત્ત કરુણાકરા,
તુજ વિના ચેન નવ કાંઈ પડતું;
ગેહઉદ્યોગમાં[૧], ચિત્ત નવ આ ઠરે,
વ્રેહના[૨] દુ:ખથી નિત્ય રડતું. ........ટેક.

ખાન ને પાન મન ઝેર સમ લાગતાં,
વસ્ત્ર વિભૂષણો પ્રેતભૂષા;
ઊંચી અટારી ને મેડી સમશાનવત્,
શૂન્ય ખાવા ધસે ભૂતવેષા! ........૧.

ગાય વિણ વાછડું દીન જયમ બાપડું,
ચંદ્ર વિણ સૂતકી કાળી રાતી;
માત વિણ તોક[૩] આક્રંદનો પાર નવ,
તું વિના દુ:ખથી ફાટે છાતી! ........૨.

કાષ્ઠ થઈ પાવડી પાંવની તુજ બનું,
મૃદ્[૪] બની કેશ કાળા પખાળું!
દેહ બાળી બનું ભસ્મ ભીતિહરા,
અંગ પર જો ધરે તું કૃપાળુ!! ........૩.

મૃગ થઈ [૫]વ્યાધથી દેહ વીંધાવું આ,
અજિન[૬] થઈ બેસવા કામ લાગું!
શ્વાન થઈ મંદિરે નિત્ય ચોકી કરું,
દરશ વિણ આન નવ કાંઈ માગું!! ........૪.

હૃદયમંચક[૭] કરી સાફ રાખ્યો હરિ,
પ્રેમજલ પાદ્યથી[૮] પગ ધોઉં;
સત્યશૌચાદિ પુષ્પે કરું અર્ચના,
બાળીને કામક્રુધ ધૂપ દેઉં! ........૫.

૧. ઘરધંધામાં ૨. વિયોગ ૩. બાળક ૪. માટી. ૫. શિકારી ૬. મૃગછાલા ૭. બાજઠ ૮. ગંધાક્ષતાદિયુક્ત પગ ધોવાનું પૂજાજળ.

**શરણભાવ જાગે, દુ:ખડા સર્વે ભાગે.**

દ્વૈત ભોજન ધરું પેય અઘ[1] આગળું,
**રંગ** તાંબૂલ[2] મુખશુદ્ધિ સારુ;
દોડ ને દોડ જોગીવરા શ્રીધરા,
તુજ વિના જીવન લાગે ખારું!! ........૬.

## ૧૨. વંદન

જે જે સ્થળે આ મન જાય મારું,
તે તે સ્થળે સદ્‌ગુરુ રૂપ તારું;
જ્યાં જ્યાં મૂકું મસ્તક હું ગુરો હે!
ત્યાં ત્યાં પદદ્વંદ્વ તારાજ સોહે!

## અવધૂત ચિંતન શ્રીગુરુદેવ દત્ત !

શ્રીમત્ પરમ સદ્‌ગુરુ શ્રીવાસુદેવાનંદસરસ્વતી
સ્વામી મહારાજ કી જય!
ભગવતી રુકમામ્બા માત કી જય!
શ્રીમત્ સદ્‌ગુરુ શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ કી જય!
ગુરુદેવ દત્ત! ગુરુદેવ દત્ત!! ગુરુદેવ દત્ત!!!
નર્મદે હર!

૧. પાપ. ૨. વિષયાસક્તિ.

# ૧૩. રેવાગીતમ્

ગાયતિ રેવા રવ-મધુરમ્ ||ધ્રુવ||

હર હર ૐ ૐ, હર હર ૐ ૐ| હર હર ૐ ૐ હર હર ૐ|
સાયં પ્રાતઃ પ્રાતઃ સાયં, હર હર ૐ ૐ, સતતમિતિ||...ગાયતિ.

મેકલજાતા મનસિ વિભાતા| રૌતિ કલં કિમપીહ ચિરમ્|
ત્વમહમહં ત્વં, ત્વમહમહં ત્વં |
ત્વમહમહં ત્વં, ત્વમહમિતિ||...ગાયતિ.

તડિદુજ્જ્વલ જલમુખતઃ સ્તૌતિ | નીરઙ્ગમ્ નાનારઙ્ગમ્ |
બ્રહ્માહં ત્વં બ્રહ્મૈવેદંજલશીકરવદભિન્નમિતિ||...ગાયતિ.

નર્મદા માત કી જય

# ઉષઃપ્રાર્થના-અર્થ

## ૧. દત્તપ્રબોધસ્તવઃ

[અજિત = કોઇથી પરાજિત ન થનાર- હે અજિત, અમૃત = મોક્ષ સ્વરૂપ, યોગનિદ્રિત = યોગનિદ્રામાં રહેલા, અચ્યુત = ચ્યુત ન થનાર, શકતેઃ = શક્તિથી, સ્વકૃતા = પોતે રચેલી, અતિમોહિત = મોહગ્રસ્ત, ધ્રુમુખે = ઉષઃકાળે, શ્રુતિબંદિગીતતઃ = શ્રુતિરૂપીબંદિજનોના ગીતથી, ભગવન્= હે ભગવાન, જાગૃહિ-જાગૃહિ= જાગો-જાગો, ત્ર્યધિટ્= ત્રયના અધિપતિ]

હે (કોઇથી પરાભૂત ન થનાર) અજિત, અમૃત (મોક્ષ) સ્વરૂપ, (અધ્યાસથી) યોગરૂપી નિદ્રામાં આવેલ (અને તેથી જ) પોતાના કર્મથી મોહ અવસ્થામાં હોવા છતાં અચ્યુત જ્ઞાનશક્તિવાળા (ગુરુ ઉપસત્તિના લક્ષણરૂપી), ઉષઃકાળમાં જેમ બંદિજનો રાજાને તેના પરાક્રમનાં વર્ણન કરી જાગૃત કરે છે તેમ શ્રુતિરૂપી બંદિગીતથી હે ભગવન્, હે દેહત્રયના અધિપતિ, (પ્રમાદ) નિદ્રાનો ત્યાગ કરી જાગૃત થા, જાગૃત થા.

[નિત્યો હિ યસ્ય મહિમા = જેનો મહિમા હંમેશ, નહિ માનમ્ એતિ = પામી શકાતો નથી, સ ત્વં મહેશ ભગવન્ = એવા હે મહેશ ભગવાન! તું (તમે), મઘવન્મુખ = ઇંદ્ર જેમાં મુખ્ય છે તેવા દેવો, ઈડયં = સ્તુતિ કરે છે, ઉત્તિષ્ઠ = ઊઠ-જાગ, તિષ્ઠત્ = ઊભો રહે, અમૃતૈરમૃતૈરિવોક્તૈઃ = અમૃત સમાન ઉક્તિઓથી, ગીતાગમૈઃ = ગીતા અને આગમોથી,

**સંસારને છોડવાનો નથી, ભૂલવાનો છે.**

ચ = અને, પુરુધા-પુરાધો = અગ્રેસર પુરોહિત બનાવનાર, પુરુધામશાલિન્ = અગ્ર પદે રહેનાર. (૧).]

ઇંદ્રાદિ દેવો જેની સ્તુતિ કરે છે, ગીતા અને શાસ્ત્રોમાં જેનું વર્ણન કર્યું છે, જેનો મહિમા હંમેશ માટે અપાર છે, એવા હે મહેશ ભગવન્ ! આપના ભકતો ઊભાં ઊભાં, ભાવપૂર્ણ, અમૃત જેવાં મધુર ગીતોથી જગાડી રહ્યા છે તો એમના તરફ દયા કરીને જાગો. .......૧.

[ભક્તેષુ = ભકતોમાં (ભકતો માટે), જાગૃહિ = જાગો, મુદાહિ = આનંદ પામ (આનંદ આપ), મુદારભાવમ્ = તંદ્રારૂપી ભાવવાળી, તલ્પં =શય્યા (પથારી), વિહાય = છોડીને, સવિશેષ = ખાસ બાકી રહેલા, વિશેષહેતો: = વિશિષ્ટ કાર્યો માટે, ય: = જે, એષ: = આ, શેષ: = શેષ નારાયણ ભગવાન, સકલ: = કલાવાન, સકલસ્વગીતૈ: = પોતાના બધા જ ગીતોથી, ત્વમ્ = તું, જાગૃહિ = જાગ, શ્રિતપતે = આશ્રિત અથવા શરણાગત અથવા આધાર રાખનાર (શ્રિત), એના પતિ એટલે પાલક, તપતે = સ્વયં તપનાર (તપસ્વીઓ માટે), નમ: = નમસ્કાર હો, તે = (તુભ્યમ્ ) તમને. (૨).]

હે આશ્રિતોના પાલક ! (તપસ્વીઓ માટે) સ્વયં તપનાર ! ભકતો માટે આપ જાગો. (જાગીને) આપ આનંદ પામો અને આનંદ આપો. આપ તંદ્રાભાવવાળી શય્યાનો ત્યાગ કરી (ભકતો માટેના) ખાસ બાકી રહેલા વિશિષ્ટ કાર્યો માટે (કાર્યો પૂર્ણ કરવા માટે) પોતાના બધાં ગીતોથી કલાવાન બન્યા છો. તો (હે ભગવાન્ !) આપ જાગો. (ભકતના કાર્યો કરવા તૈયાર થાવ.) આપને પ્રણામ હો. .......૨.

[ દષ્ટ્વા= જોઇને, જનાન્ = લોકોને, વિવિધકષ્ટવશાન્ = જુદા જુદા કષ્ટો-દુ:ખોથી ગ્રસ્ત, દયાલુ:= દયામય, ત્ર્યાત્મા = ત્રિ આત્માવાળો (બ્રહ્મા, વિષ્ણુ, મહેશના આત્માવાળો), બભૂવ = થયો, સકલાર્તિહર: = સકળ દુ:ખને હણનાર, અત્ર = અહીં, દત્ત = ભગવાન શ્રીદત્ત, અત્રે:મુને: = અત્રિમુનિના, સુતપસ: = સારા-શુભ-તપનું, અત્ર = અહીં, ફલમ્ = ફળ, ચ = અને, દાતુમ્ = આપવા માટે, બુધ્યસ્વ = જાગ, સ = તે, ત્વમ્ = તું, ઈહ = અહીં, યત્ = જે, મહિમાનિયત્ત: = મહિમાન્વિત. (૩).]

જેનું માહાત્મ્ય અગાધ- અપાર છે એવા શ્રીદત્તાત્રેય, લોકો વિવિધ કષ્ટમાં પીડાથી ઘણા જ પીડાય છે એવું જોઇ, બધાનું દુ:ખ દૂર કરનાર ત્રિગુણાત્મક ઈશ્વર, અત્રિઋષિની તપશ્ચર્યાનું ફળ આપવા માટે અવતીર્ણ થયાં , એવા તમે જાગો. .......૩.

[આયાતિ = આવે છે, અશેષ = પૂરેપૂરો, વિનુત: = શુદ્ધ-સ્તુત, અપિ = છતાંય, અવગાહનાય = સ્નાન માટે, દત્ત: અધુના = અત્યારે દત્ત, ઈતિ = એમ, સુરસિન્ધુ: = સમુદ્ર, ગંગાનદી, અપેક્ષતે = અપેક્ષા રાખે છે, ત્વામ્ = તારી, તને, ક્ષેત્રે તથા એવ કુરુસંજ્ઞક = કુરુ નામના ક્ષેત્રે = (કુરુક્ષેત્રમાં) પણ એ જ રીતે,

**માણસ ત્યાગથી જ મહાન બને છે.**

એત્ય = આવીને, સિદ્ધા: તસ્થુ:= સિદ્ધો ઉભા છે, તવ આચમન દેશ = તારા આચમન કરવાના પ્રદેશમાં, ઈનોદયાત્પ્રાક્ = સૂર્ય (ઈન)ના ઉદયપૂર્વે. (૪).]

બધા ભક્તોનો સ્તુતિપાઠ સાંભળતા શ્રીદત્તાત્રેય સ્નાન કરવા હમણાં આવે છે, તેની સુરનદી ગંગા રાહ જોઈ રહી છે, તેમજ કુરુક્ષેત્રમાં ઘણા સિદ્ધો આવી સૂર્યોદય પહેલાં (તમો) આચમન કરવા અહીં પધારશો તેની રાહ જોઈ ઊભા રહ્યા છે. .......૪.

[સન્ધ્યામ્ = સંધ્યા, ઉપાસિતુમ્ = ઉપાસના કરવા (સંધ્યા કરવા), અજ: = અજન્મા શ્રીદત્ત, અપિ = પણ, અધુના = હમણાં, આગમિષ્યતિ = આવશે, આકાંક્ષતે = આકાંક્ષા રાખે છે, રાહ જુએ છે, કૃતિજન = પુણ્યવાન લોકો, પ્રતિવીક્ષતે = રાહ જુએ છે, ત્વામ્ = તને-તારી, કૃષ્ણા તટે અપિ = કૃષ્ણા નદીના તટે પણ, નરસિંહ સુવાટિકાયામ્ = નરસોબાની વાડીમાં, સારાર્તિક: = આરતી હાથમાં લઈને, કૃતિજન: = પુણ્યવાન લોકો, પ્રતિવીક્ષતે = રાહ જુએ છે, ત્વામ્ = તને-તારી. (૫).]

કૃષ્ણા નદીને કિનારે અજ એવા શ્રીદત્તાત્રેય સંધ્યાવંદન કરવા આ રસ્તે જશે એમ ધારી પુણ્યવાન ભક્તો રસ્તામાં રાહ જુએ છે અને નરસોબાની વાડીમાં એમનાં ઓવારણાં લેવા ભક્તોની મહિલાઓ હાથમાં આરતી લઈને વાટ જોઈ રહી છે. .......૫.

[ગન્ધર્વસંજ્ઞકપુરે = ગંધર્વ નામના પુરે, ગાણગાપુરમાં પણ, સુભાવિકા: = ભાવિકો, તે (તવ) = તારા, ધ્યાનાર્થમ્ અત્ર = ધ્યાન કરવા માટે અહીં, ભગવાન્ સમ્ ઉપ એષ્યતિ ઈતિ = ભગવાન અહીં આવશે- પધારશે એમ, મત્વા = માનીને, સ્થુ: = ઊભા છે, આચરિત સંનિયત આપ્લવ આદ્યા = નિત્ય નિયમ પ્રમાણે સ્નાન વગેરે કરીને, ઉત્તિષ્ઠ = ઊભો થા, દેવ ભગવન્ અત એવ શીઘ્રમ્ = દેવ ભગવાન તેથી જ સત્વરે. (૬).]

તેમ ભગવાન દત્ત રોજ ધ્યાન કરવા માટે અહીં આવશે એમ માની ગાણગાપુરમાં પણ તમારા ભાવિક ભક્તો પોતપોતાનું સ્નાન સંધ્યાદિ આહ્નિક પતાવી ઊભા રહ્યા છે તેથી જ જરા ઉતાવળા જલદી ઊઠો. .......૬.

[પુત્રી દિવ: = સ્વર્ગ કન્યા-ઉષા, ખગગણાન્ = પક્ષીઓના સમૂહને, સુચિરમ્ = લાંબા સમયથી (આખી રાત), પ્રસુપ્તાન્ = સૂઈ રહેલાને, ઉત્પાતયતિ = ઊઠાડે છે, અરુણગા = અરુણ પાસે જઈને, અધિરુહ્ય = ઉપર ચડીને, તૂષા:= પર્વત ઉદ્યાચલ, કાષાયવસ્ત્રમ્ =ગેરુઆ રંગનું વસ્ત્ર, અપિધાનમ્ = ઓઢેલું, અપાવૃણુ = દૂર કરો, અદ્યન્ = હવે, તાર્ક્ષ્યાગ્રજ = ગરુડનો મોટો ભાઈ-સૂર્ય, અયમ્ = આ, અવલોક્ય = જો, તં પુરસ્તાત્ = તારી આગળ, સામે. (૭).]

આખી રાત સૂઈ રહેલા પક્ષીગણોને સ્વર્ગકન્યા ઉષા ઉદયાચલ પર ચઢીને અરુણ પાસે જઈ ઉઠાડે છે. હવે તો આ ઓઢેલી ગેરુઆ રંગની છાટી ખસેડો. પેલો ગરુડનો મોટો ભાઈ- સૂર્ય ઊગેલો દેખાય છે. .......૭.

**ત્યાગથી જ માનવને શાંતિ મળે છે.**

[શાટી નિભ અભ્ર પટલાનિ = છાટી જેવા (રંગવાળા) વાદળનાં પટલો, સુરેન્દ્રકાષ્ઠાભાગમ્ = પૂર્વ દિશાના ભાગને, યતીન્દ્ર = હે યતીન્દ્ર શ્રીદત્ત, રુરુધુ: = રોકી રાખી છે, અટકાવી છે, ગરુડ અગ્રજ: = ગરુડના મોટાભાઈ સૂર્ય, અત: = તેથી, અસ્માભિ: = અમારા વડે, ઈશ = હે પ્રભુ, વિદિત: = જણાયો-જાણવામાં આવ્યો, હિ = નક્કી, ઉદિત: = ઊગ્યો છે, અયમ્ એવ = આ જ, ચન્દ્ર: અપિ = ચંદ્ર પણ, તે = (તવ) તારા, મુખરુચિમ્ = મુખની કાંતિને, ચિરગામ્ = લાંબા કાળની, જહાતિ = ત્યજે છે. (૮).]

હે યતીન્દ્ર ! જુઓ. આપની છાટી જેવા રંગના વાદળાઓએ પૂર્વ દિશામાં રોકી રાખેલો તે અરુણ બધાને ખસેડીને ઊગ્યો છે, પણ અમને એમ લાગ્યું કે આપના મુખની શોભા હરણ કરનાર ચંદ્ર જ ઊગ્યો છે. પણ એ તો આ કાંતિનો ત્યાગ કરી પોતે ફિક્કો બન્યો છે. .......૮.

[દ્વારે અર્જુન: તવ = તારે બારણે અર્જુન, ચ = અને, તિષ્ઠતિ = ઊભો છે, કાર્તવીર્ય: પ્રહલાદ: એષ યદુ: એષ મદાલસાજ: = કાર્તવીર્ય, આ પ્રહ્લાદ, આ યદુ, આ મદાલસાજાયો અલર્ક, ત્વામ્ દ્રષ્ટુકામ = તને જોવાની ઈચ્છાવાળા, ઈતર: = અન્ય, મુનય: અપિ = મુનિઓ પણ, ચ અહમ્ = અને હું, ઉતિષ્ઠ = ઊઠ, દર્શય = બતાવ, નિજં સુમુખમ્ = પોતાનું સુંદર મુખ, પ્રસીદ = પ્રસન્ન થા. (૯).]

આ આપના ભક્તો સહસ્રાર્જુન, યદુ અને મદાલસાના પુત્ર અલર્ક, બીજા ઋષિઓ અને હું પણ આપના મુખકમલનાં દર્શન કરવાની ઈચ્છાથી કયારનાય, આપને બારણે ઊભા છીએ તો કૃપા કરી જલદી ઊઠો અને આપના મુખકમલનાં દર્શન કરાવો. ......૯.

[એવમ્ = એ રીતે, પ્રબુદ્ધ ઈવ = જાણે જાગ્યો હોય એવો, સંસ્તવનાત્ = સ્તુતિથી, અભૂત્ સ = તે થયો, માલામ્ કમંડલુમ્ અથ ડમરું ત્રિશૂલમ્ ચક્રમ્ ચ શંખમ્ = માળા, કમંડળ અને ડમરુ, ત્રિશૂલ તથા ચક્ર અને શંખ, ઉપરિસ્થ = ઉપરના, કરૈ: = હાથો વડે, દધાન: = ધારણ કરેલ, નિત્યમ્ = હંમેશ, સ = તે, મામ્ અવતુ = મારું રક્ષણ કરો, ભાવિતવાસુદેવ: = વાસુદેવાનંદના ભાવથી ભજાયેલો. (૧૦).]

એવી રીતે ભક્તોએ કરેલી સ્તુતિથી (દત્ત ભગવાન) જાગ્યા જેવા લાગ્યા, પણ એ તો સદા અવસ્થાતીત રહેનારા, માળા, કમંડળ નીચેના હાથમાં, વચલા હાથમાં ડમરુ અને ત્રિશૂળ અને ઉપલા હાથમાં ચક્ર અને શંખ ધારણ કરનાર, વાસુદેવાનંદસરસ્વતીએ ભાવથી સ્તવેલા શ્રીદત્તાત્રેય મારું હંમેશ રક્ષણ કરો. .......૧૦.

# ૫. અથ પ્રાત:સ્મરણમ્ ।

સત્, ચિત્ અને આનંદરૂપી ત્રણ મસ્તકને ધારણ કરનાર, ઐશ્વર્ય, વીર્ય, યશ (શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય) વગેરે છ ભુજાઓથી શોભનાર, ભક્તને કાજે સર્વસ્વ અર્પણ કરનાર, અત્રિમુનિને વરદાન આપનાર, જેનો કદી નાશ નથી અને જે સર્વના મૂળસ્વરૂપ છે એવા ભગવાન દત્તાત્રેયને (હું) પ્રાત:કાળે (સાધનાના પ્રારંભકાળે) પ્રણામ કરું છું. .......૧.

જેના ચરણકમળમાં સૌ કોઇ વંદન કરે છે, જે ભક્તોની ભાવનાને અનુરૂપ (જુદા જુદા) શરીરો ધારણ કરે છે, (અને તેથી) જે એક હોવા છતાં અનેક ભાસે છે, જેને કોઇ એક નિવાસસ્થાનનું બંધન નથી અને છતાં જેનું એકમાત્ર નિવાસસ્થાન સત્ય છે, જે શાંત છે, જેનું વર્ણન વૈખરી કરી શકતી નથી, જે મૂળ બ્રહ્મસ્વરૂપ હોવાથી જેના સંસ્કારાદિ નથી, એવા પ્રાણીમાત્રના આત્મસ્વરૂપ તેને (દત્ત દિગંબર ભગવાનને) (હું પ્રાત:કાળે પ્રણામ કરું છું). ........૨.

વસ્ત્રમાં તાંતણાની પેઠે આ સમસ્ત જગત જેમાં સમાઇ રહેલું છે, જે સત્ત્વ, રજસ્ અને તમસ્ એવા ત્રણે ગુણોથી પર છે, જેનું કોઇ રીતે માપ કાઢી શકાતું નથી, જે વેદરૂપી કૂતરાં (શ્વભિ:) સાથે અને (સંકલ્પોરૂપી) ભૂતો સાથે સ્મશાનમાં પ્રતિદિન અનેક રીતે ક્રીડા કરે છે, જેની લીલાની કલ્પના પણ આવવી મુશ્કેલ છે, એવા તે (દત્તાત્રેય ભગવાન)ને (પ્રાત:કાળે-સાધનાના પ્રારંભ કાળમાં પ્રણામ કરું છું). ........૩.

જે પોતે માયાનો પતિ છે, પણ જેનો પોતાનો કોઇ પતિ (નિયંત્રણ કરનાર) નથી, (અનન્ય આશ્રિત ભક્તજનોની) જે માયાનું આવરણ દૂર કરે છે, અનંત વેદો નેતિ નેતિ- આ નહિ (ન+ઇતિ) એમ પુકારીને જ્યાં મૂગા થઇ જાય છે ત્યાં હે ભગવાન્ ! સ્તુતિ કરવાનું મારું તે શું ગજું? તેથી હું તો ખરેખર (તારા પગ આગળ લાંબો થઇને) નમસ્કાર કરું છું. ........૪.

રંગવિરચિત આ ચાર શ્લોકના સ્તોત્રનો જે કોઇ પ્રાત:કાળે ઊઠીને (તમસ્ આદિ ખંખેરી નાંખીને) પાઠ કરશે તેનો દિવસ સુખમાં જશે (દિવસમાં આનંદે આનંદ રેલાશે). ........૫.

ત્યાગની કૂખે અધિકાર અવતરે.

# ૬. ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના

હે પાપનો નાશ કરનાર! હે મુનિજનોને આનંદ આપનાર! હે સંસારને જીતનાર! હે વિશ્વમૂર્તિરૂપ દત્ત પ્રભુ! તું ઊઠ. મારી મનોકામનાને પૂરી કરીને તું તારી કીર્તિ (તારું બિરુદ) સાચી પાડ. હે વામન સ્વરૂપ ભવ્યમૂર્તિ! તું મારા દુઃખ હરી લે. (મારા દુઃખ દૂર કરો.) ........ટેક.

હે શ્યામવર્ણા નરહરિ પ્રભુ! હાથમાં ફૂલ તેમજ ફળનો પડો લઈને બીચારો (બાપડો) ભક્ત આપને બારણે આવીને ઊભો છે. આપ મલક મલક હસીને- મોં મલકાવીને- એની ભવચિંતા હરી લો અને એને શાંતિ આપો. ........૧.

હે જ્ઞાનસ્વરૂપ (ચિદ્‌ઘના) પ્રભુ! તું હવે એની ક્યાં સુધી કસોટી કર્યા કરીશ? તારા વિના હવે એના પ્રાણ ઝાઝો સમય ટકે એમ નથી. આજે (ઠંડક આપનારો) ચંદ્રમા કેમ તપી ઊઠ્યો છે? પૃથ્વીએ ક્ષમાવૃત્તિ કેમ છોડી દીધી છે? પિતૃઓના અધિષ્ઠાતા દેવે મર્યાદા કેમ મૂકી દીધી છે? ........૨.

હે તાત! તારું એવું બિરુદ છે કે જે કોઈ તારે શરણે આવે એને પછી દુઃખ રહેતું નથી. તારું એ બિરુદ ભૂલીને અત્યારે તું આ ભક્તને કેમ તાવે છે (તડપાવે છે)? તને એની ઉપેક્ષા કરવી કેમ ગમે છે? સાચે જ મારું નસીબ જ એવું છે. ........૩.

હે હરિ! સ્ત્રી, ઘર વગેરે બધું ભૂલી જઈને મેં તારા ચરણમાં માથું મૂકી દીધું છે. હવે તું જલદીથી જન્મ મરણ ટાળીને મારો ઉદ્ધાર કર. આ સંસારરૂપી જંગલ (કાનન)માં હું ભૂલો પડ્યો છું અને શાસ્ત્રોમાં અટવાઈ જઈને હું થાકી ગયો છું. હે મુનિ! તું જ્ઞાનરૂપી વરસાદથી (વિષયરૂપી) કાદવ ધોઈ નાંખ. ........૪.

વિષયરૂપી ધૂળ ઊડીને આંખમાં પડવાથી કાંઈ સૂઝતું નથી અને જીવ તો નિરાશ થઈને આંખ ચોળીને રડે છે. એને વૈરાગ્યરૂપી જલની છાલકથી, બોધરૂપી વરસાદના ઝાપટાથી અને આત્મચિંતનથી શાંત કર-આનંદ આપ. ........૫.

હે સદ્‌ગુરુશ્રેષ્ઠ! તું હવે દોડ. હવે ઉતાવળ કર. મૃત્યુના દૂત સમું ઘડપણ આવીને ઊભું રહ્યું છે. માથાનો રંગ બદલાઈ ગયો છે (કાળા વાળ ધોળા થઈ ગયા છે.) અને છતાં ચિત્તશુદ્ધિ થઈ નથી- ચિત્તનો મળ ગયો નથી. જીવનભર-નકામી મહેનત કરવામાં દોડ દોડ કરીને મરી ગયો. ........૬.

•

ટિપ્પણી: શરણભાવ, ચિત્તમળ. (નિષ્કામ કર્મ દ્વારા મળ દૂર કરવો જોઈએ.)

**અર્જુન એટલે કર્મનું મૂર્તિમંત સ્વરૂપ.**

## ૭. ધ્યાય હ્યત્રિજમરં જીવ કરુણાકરં

હે જીવ! તું કરુણાનિધાન અત્રિકુમાર ભગવાન દત્તાત્રેયનું વિના વિલંબે ધ્યાન કર; એના વગર તારો કોઈ બેલી નથી. બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે એ પરમ તત્ત્વનું તારા અંતઃકરણમાં અહોનિશ ચિંતન કર. ........ધ્રુ.

મોહરાત્રી ચાલી ગઈ છે, બધે જ્ઞાન પ્રકાશ ફેલાઈ રહ્યો છે; તો પણ હજીયે તું અજ્ઞાનરૂપી પથારીમાં નકામો કેમ આળોટ્યા કરે છે? તું કોણ છે? ક્યાંથી આવ્યો છે? એનો વિચાર કર. એ માટે શમદમાદિ સાધન સાથે વૈરાગ્યપૂર્વક એકાંતમાં સદ્‌ગુરુનું શરણ લે. ........૧.

આ સ્થૂળ દેહ મિથ્યા છે, સૂક્ષ્મ દેહ પણ મિથ્યા છે, તો (અજ્ઞાનમૂલક) કારણ દેહની તો વાત જ શી? એ (પરમાત્માસ્વરૂપ) એ (ત્રણે દેહ) થી પર છે.જે 'હું' તારા વગર બીજું કાંઈ અનેક જેવું નથી. ........૨.

નથી તારે નામ કે રૂપ! ન તારે જાતિ કે ગોત્ર! તો પણ હે મૂઢ! તું આ બધાને 'હું' એમ કેમ માને છે? નથી 'હું' કે નથી 'તું', આ બધું વિનાશી છે, વીજળીના જેવું ક્ષણભંગુર છે એમ જાણ. ત્યાંથી પાછો વળ અને તારા મૂળ સ્વરૂપ તરફ પાછો જા. ........૩.

આ બધું છીપમાં રૂપાના જેવું છે, સ્વપ્ન જેવું મિથ્યા આભાસ માત્ર છે. તું તો આલમ-દુનિયાનો બાદશાહ છે; રસ્તે નકામો ભીખ શી માગે છે? હે તાત! અનંત કલ્પો સુધી તું સ્વાત્મ સ્વારાજ્યનું ઐશ્વર્ય ભોગવ્યા કર. ........૪.

(પૂ. શ્રી અવધૂત મહારાજ કહે છે કે) હે રંગ! (વાસના માત્રનો) ત્યાગ કરીને એ સુપ્રસિદ્ધ શ્રુતિ ભગવતી તત્ત્વમસિ - તે તું છે - નો મૂક ઉપદેશ જો ન સાંભળ્યો (એટલે કે જીવનમાં એનો સાક્ષાત્ અનુભવ ન આવ્યો) તો તારું તીર્થ ભ્રમણ પણ નકામું છે; તો તારા શાસ્ત્રના શ્રવણમાં પણ કંઈ માલ નથી. (જાણ કે) આ દુનિયામાં તારો મનુષ્ય તરીકે જન્મ એળે ગયો છે. એના વગર તારું અન્ય કોણ રક્ષણ કરનાર છે? માટે એ ત્રિગુણ અને ત્રણે અવસ્થાથી પર પરબ્રહ્મ સ્વરૂપ શ્રીદત્તનું ચિંતન કર. ........૫.

**કરુણા એટલે આચરણમાં મૂકેલી દયા.**

## ૮. દત્ત દિગંબરા ઊઠ કરુણાકરા

સમગ્ર દિશાઓરૂપી વસ્ત્રને ધારણ કરનાર હે દત્ત ભગવાન! તમે ભક્તો પર કરુણા કરનારા છો. પ્રભાત થઇ ગયું છે. હવે નિદ્રા બસ થઇ ગઇ. તમે ઊઠો, જાગ્રત થાવ. ભક્તો તમારી રાહ જોતા ઊભા છે. ભક્તોની દર્શનાભિલાષાને સંતોષી તેમના ચિત્તને તરત જ શાંતિ આપો. ........ધ્રુ.

ઊગતો સૂરજ રાતના અંધકારને દૂર કરે છે. તેના લાલાશ પડતા કિરણોથી આકાશ વ્યાપ્ત થયું છે. ઉષાદેવીએ પણ પોતાનો અસ્તિત્વરૂપી પાલવ આકાશમાં ફેલાવ્યો છે. ગંગા નદીનું ખળખળ કરતું વહેતું પાણી તારા યશોગાન ગાઇ રહ્યું છે. પવનની લહેરો મંદગતિથી વહી રહી છે. ........૧.

વનમાં રહીને ગીત ગાતા (પક્ષીઓ-ષટ્પદો) વન ગંધર્વો મીઠાં મધુરાં અવાજે ગાઇ રહ્યા છે. મયૂરો કેકારવ કરી નૃત્ય કરે છે. ઋષિકુળોમાં વેદ ઋચાઓ સંભળાઇ રહી છે. હે ભગવાન! તમે ઊઠો, જાગ્રત થાવ. હવે તો પોપટો પણ ઊઠી ગયા છે અને ગાન કરે છે. ........૨.

કમળોની પાંખડીઓમાં ભમરાઓ ગુંજારવ કરી રહ્યા છે. ચક્રવાત પક્ષીઓના બચ્ચાઓ એકબીજાને પ્રેમથી ભેટી રહ્યા છે. તારો ભક્ત (રંગ અવધૂત) અનેક કષ્ટો સહી તારા મુખારવિંદની શોભા જોવા પ્રયત્નશીલ છે. તારા ચરણકમળમાં મને સતત આળોટવા દે. ........૩.

## ૯. જાગ્યને જોગીડા દત્ત દિગંબરા

હે યોગીશ્વર ! દિગંબર ! દત્ત પ્રભુ! તું જાગ. તારા વગર ભક્તના પાપ કોણ દૂર કરશે? બધે કળિયુગ વ્યાપી ગયો છે અને એણે ધર્મને ઢાંકી દીધો છે તો હવે (તારા વિના) ધર્મની સારી રીતે સ્થાપના કોણ કરશે? ........ટેક.

લાજ શરમ મૂકી દઈને નાસ્તિકો મન ફાવે તેમ વર્તે છે (કૂદાકૂદ કરે છે) અને જેને જેમ મનમાં આવે તેમ બોલે છે. (ભારતમાં) ભક્તિ પાંગળી થઇ ગઇ અને બીજા ખંડોમાં જતી રહી છે અને અનુભવ વગરના (શુષ્ક મન) લોકોને જ્ઞાનની વાતો ગમે છે. ......૧.

ત્યાગ અને વૈરાગ્યની બધા મશ્કરી કરે છે અને આખું જગત ભોગમાં મસ્ત થઇને મજા માણી રહ્યું છે. અરેરે! કોઇનાં મનને દાન, વ્રત કે પૂજન કરવાનું ગમતું નથી. જેને જેમ ફાવે તેમ બધે બાધા-માનતા અને વ્હેમનું જોર ચાલે છે. ........૨.

**દિગંબર એટલે વાસનારૂપી વસ્ત્ર વિનાનો.**

ચારે બાજુ ગુરુનો રાફડો ફાટી નીકળ્યો છે અને જેના હાથે જે ચઢ્યું તેને મૂંડી નાંખે છે. 'મૂંડન દ્વારા મોક્ષ'નું સૂત્ર સસ્તું થઇ ગયું છે. વ્યાસ અને શાંડિલ્યની જીવન પદ્ધતિ તરફ કોણ નજર માંડે? ........૩.

બધા પોતાના શરીર સુખનો વિચાર કરે છે. કોઇ આત્માનો વિચાર કરતું નથી. બધા દેવ (આત્મા)ને ભૂલી જઇને મંદિર (શરીર)ને પૂજે છે. **રંગ** તો મૌન ધરીને કેવળ તારું જ સ્મરણ કરે છે. એને તારા વિના બીજું કાંઇ સૂઝતું નથી. ........૪.

•

ટીપ્પણી: ધર્મની સ્થાપના નહિ, સંસ્થાપના કરવાની છે. 'ધર્મ સંસ્થાપનાર્થાય' (ગીતા). કલિયુગમાં ભક્તિની સ્થિતિ, મૂંડન-સંન્યાસ-મોક્ષની વિચારધારા.

## ૧૦. એક કિરતાર કલિતાર સૃષ્ટિ તણો

આ સૃષ્ટિના એકમાત્ર સર્જનહાર અને કલિયુગમાંથી ઉદ્ધાર કરનારને છોડીને મૂઢજન અનેકની ઉપાસના કરે છે. એક, અનંત અને અવિનાશી એવા પરિબ્રહ્મને ભૂલી જઇને ભૂતની પાછળ દોડે છે. ........ટેક.

જેને આંખ જોઇ શકતી નથી, કાન સાંભળી શકતાં નથી અને ઇંદ્રિયો અડકી શકતી નથી એ (પરબ્રહ્મ)થી આ સૃષ્ટિમાં પવન, પાણી, પ્રકાશ અને પૃથ્વી વગેરે આ બધું ઉત્પન્ન થયું છે. ........૧.

જેના ડરથી કાળ પણ થરથર ધ્રૂજે છે, ચંદ્ર અને સૂર્ય (અર્ક) અઢળક પ્રકાશ આપે છે, (એ પરબ્રહ્મ) સૂર્યનો પણ સૂર્ય અને ચંદ્રનો પણ ચંદ્ર છે અને એ જ ગરીબજનોના દુ:ખો દૂર કરે છે. ........૨.

ભૂતસાધના અને મૂર્તિપૂજા દ્વારા પાખંડને પોષવાથી પાપના ડુંગરમાંથી કેમ છૂટાશે? વ્હેમ અને બાધા (માનતા)થી જ્ઞાન થતું નથી અને જ્ઞાન થયા વગર જન્મ (મરણ)નું બંધન કેવી રીતે તૂટશે? ........૩.

જેમ બીજમાં વૃક્ષ રહેલું છે અને વૃક્ષમાં બીજ રહેલું છે તેમ આ પરિબ્રહ્મમાં જ આ બધું-હું-તું-પ્રકાશી રહ્યું છે. દોરડીમાં થતી સાપની ભ્રાંતિના જેવું (પરિબ્રહ્મ ઉપર) આ જગતની ભ્રાંતિ થાય છે. શરૂઆતમાં, વચમાં અને આખરે પરિબ્રહ્મ જ જણાય છે. ........૪.

સમજુને ઈશારો પૂરતો છે, અણસમજુને આજ્ઞા પૂરતી છે પરંતુ અધકચરાને-દોઢ ડાહ્યાને-કોણ સમજાવશે? જે માણસ જોવાં છતાં (સમજવા છતાં) જાણી જોઈને આંધળાની (અણસમજુની) જેમ વર્તતો હોય તો તેને કોણ રોકી શકશે? ........૫.

જે જ્ઞાત અજ્ઞાતથી પર છે અને જેનાથી જ્ઞાત તથા અજ્ઞાત બંનેની ખબર પડે છે એની આગળ તર્ક-વિતર્ક કામ લાગતાં નથી અને પંડિતાઈ પણ નિરર્થક જણાય છે. ..૬.

જેને ખરેખર આત્મજ્ઞાન થયું છે તેમણે મૌન ધારણ કર્યું છે પરંતુ જેને આવું જ્ઞાન નથી તે બોલ બોલ કર્યા જ કરે છે. સંસારમાં રચ્યા પચ્યા રહેનાર આ બ્રહ્મનું દર્શન કરી શકતા નથી અને સંસાર તરફ ઉપેક્ષાવૃત્તિ કરનારને પરબ્રહ્મના દર્શન થાય છે. સંસારના વિષયો પ્રતિ પાંગળાની જેમ ગતિ નહિ કરનારા પરિબ્રહ્મને પામવામાં ઘણા આગળ વધ્યા છે અને સંસાર તરફ દોટ મૂકનારા પરિબ્રહ્મ પ્રતિ પાંગળાની જેમ ગતિવિહિન છે. જ્ઞાની પુરુષો શૂન્યાવસ્થામાં સ્વસ્વરૂપનું દર્શન કરે છે. ........૭.

તે (તત્) તું (ત્વમ્) છે (અસિ), તે તું છે એમ વેદ (સામવેદ) ગર્જના કરીને કહે છે અને સાચા અર્થમાં એ સમજનાર **રંગ** આ સંસારનું ભાન ભૂલી જાય છે. એનો મોહ દૂર થાય છે, જન્મમરણનો ભય ટળી જાય છે અને ગુરુની કૃપા હોય તો આ રહસ્ય સમજે છે. ........૮.

## ૧૧. આવ દિગંબરા દત્ત કરુણાકરા

હે કરુણાના કરનારા અને દિગંબર સ્વરૂપ એવા દત્ત પ્રભુ! હવે તું આવ. તારા વિના મનને કંઈ ચેન પડતું નથી. ઘર અને ધંધામાં મારું આ મન ઠરતું નથી અને વિયોગના દુ:ખથી હંમેશા રડ્યા કરે છે. ........ટેક.

મનને ખાવાનું-પીવાનું પણ ઝેર જેવું લાગે છે. વસ્ત્રો અને આભૂષણો પણ મડદાને કરેલા શણગાર જેવા જણાય છે. ઊંચી અટારી (ઝરુખો) અને મેડી પણ સ્મશાન જેવા જણાય છે અને એકલાપણું ભૂતની જેમ ખાવા ધાય છે. ........૧.

જેમ ગાય વિનાનું વાછરડું ગરીબડું અને બિચારું લાગે, જેમ ચંદ્ર વગરની રાત્રી બિહામણી (કાળી) અને ન ગમે (સૂતકી) એવી લાગે, જેમ મા વગરના બાળકના રૂદનનો પાર નથી હોતો, તેમ તારા વિના મારી છાતી દુ:ખથી ફાટુ ફાટુ થાય છે.- (અતિશય દુ:ખ થાય છે.) ........૨.

હે પ્રભુ! જો તું સ્વીકારે તો હું લાકડું થઈને તારી પાવનકારી પાવડી બનું, માટી બનીને તારા કાળા કેશ ધોવાના કામમાં આવું. હે ભીતિ હરનારા! જો તું તારા શરીર પર ધારણ કરે તો હું તારા માટે મારા દેહને બાળીને ભસ્મ બનું. ........૩.

વળી હું ઇચ્છું કે હરણબનીને હું શિકારીના હાથે વીંધાઇ જાઉં અને એ મૃગછાલાનું આસન બનીને તારા બેસવાના કામમાં આવું. હું કૂતરો બનીને મંદિરની હંમેશા ચોકી કરતો રહું. મને તારા દર્શન વિના બીજી કશી ઇચ્છા નથી. ........૪.

હે હરિ! મેં મારા હૃદયરૂપી બાજઠને સાફ કરીને રાખ્યો છે અને તારા ચરણને હું પ્રેમ જળથી ધોઉં. હું સત્ય, પવિત્રતા વગેરે ફૂલોથી તારી પૂજા કરું અને કામ-ક્રોધને બાળીને ધૂપ કરું. ........૫.

દ્વૈત ભાવનું (ભેદભાવનું) ભોજન ધરું અને પાપનું પીણું તારી આગળ મૂકું. મુખવાસ તરીકે વિષયાસક્તિ અર્પણ કરું છું. હે યોગીવર! હે શ્રીધર! તું હવે એકદમ દોડી આવ. તારા વિના જીવવાનું ગમતું નથી. ........૬.

# ૧૨. રેવાગીતમ્

નર્મદા મધુર અવાજથી ગાય છે.

હર હર ૐ ૐ હર હર ૐ ૐ હર હર ૐ ૐ હર હર ૐ એમ સાંજે સવારે, સવારે સાંજે સતત હર હર ૐ ૐ ના મધુર અવાજથી નર્મદા ગાય છે.

મેકલ (પર્વત)માંથી જન્મેલી (નર્મદા) મનમાં પ્રકાશે છે, અહીં લાંબા સમયથી કંઇક મધુર અવાજ કરે છે. ત્વમ્ (તું) હું છું, હું તું છું, તું હું છું, હું તું છું, તું હું છું, હું તું છું, તું હું છું એમ મધુર અવાજથી નર્મદા ગાય છે.

વીજળી જેવા પ્રકાશતા જળ દ્વારા રંગ (સંસાર) વગરના છતાં જાતજાતના રંગવાળા (પરમાત્મા)ની નર્મદા સ્તુતિ કરે છે. હું બ્રહ્મ છું, તું બ્રહ્મ છું અને આ બધું પાણી અને એનાં ટીપાંની માફક એકબીજાથી અભિન્ન છે.

તત્ત્વજ્ઞાન માણસને સોનું ન આપે, સોનેરી બનાવે.

# પ્રાર્થના-મંગળવાર

## ૧. દત્તપ્રબોધસ્તવઃ ।

અજિતામૃતયોગનિદ્રિતાચ્યુતશક્તેઃ સ્વકૃતાતિમોહિત।
ધુમુખે શ્રુતિબન્દિગીતતો ભગવઞ્જાગૃહિ જાગૃહિ ત્ર્યધીટ્ ॥

નિત્યો હિ યસ્ય મહિમા ન હિ માનમેતિ
સ ત્વં મહેશ ભગવન્મઘવન્મુખેડ્ય ।
ઉત્તિષ્ઠ તિષ્ઠદમૃતૈરમૃતૈરિવોક્તૈર્-
ગીતાગમૈશ્ચ પુરુધા પુરુધામશાલિન્ ॥૧॥

ભક્તેષુ જાગૃહિ મુદા હિ મુદારભાવં
તલ્પં વિહાય સવિશેષ વિશેષહેતોઃ ।
યઃ શેષ એષ સકલઃ સકલસ્વગીતે-
સ્ત્વં જાગૃહિ શ્રિતપતે તપતે નમસ્તે ॥૨॥

દૃષ્ટ્વા જનાન્ વિવિધ કષ્ટવશાન્દયાલુ-
સ્ત્ર્યાત્મા બભૂવ સકલાર્તિહરોડત્ર દત્તઃ ।
અત્રેર્મુનેઃ સુતપસોડત્ર ફલં ચ દાતું
બુધ્યસ્વ સ ત્વમિહ યન્મહિમાનિયત્તઃ ॥૩॥

આયાત્યશેષવિનુતોડપ્યવગાહનાય
દત્તોડધુનેતિ સુરસિન્ધુરપેક્ષતે ત્વામ્ ।
ક્ષેત્રે તથૈવ કુરુસંજ્ઞક એત્ય સિદ્ધા-
સ્તસ્થુસ્તવાચમનદેશ ઈનોદયાત્પ્રાક્ ॥૪॥

સન્ધ્યામુપાસિતુમજોડપ્યધુનાગમિષ્ય-
ત્યાકાંક્ષતે કૃતિજનઃ પ્રતિવીક્ષતે ત્વામ્ ।
કૃષ્ણાતટેડપિ નરસિંહસુવાટિકાયાં
સારાર્તિકઃ કૃતિજનઃ પ્રતિવીક્ષતે ત્વામ્ ॥૫॥

**ભક્તિરહિત તપ મુક્તિ બક્ષતું નથી.**

ગન્ધર્વસંજ્ઞકપુરેડપિ સુભાવિકાસ્તે
ધ્યાનાર્થમત્ર ભગવાન્સમુપૈષ્યતીતિ ।
મત્વાસ્થુરાચરિતસંનિયતાપ્લવાદ્યા
ઉત્તિષ્ઠ દેવ ભગવન્નત એવ શીઘ્રમ્ ॥૬॥

પુત્રી દિવઃ ખગગણાન્સુચિરં પ્રસુપ્તા-
નુત્પાતયત્યરુણગા અધિરુહ્ય તુષાઃ ।
કાષાયવસ્ત્રમપિધાનમપાવૃણૂધન્
તાર્ક્ષ્યાગ્રિજોડયમવલોકય તં પુરસ્તાત્ ॥૭॥

શાટીનિભાભ્રપટલાનિ સુરેન્દ્રકાષ્ઠા-
ભાગં યતીન્દ્ર રુરુધુર્ગરુડાગ્રજોડતઃ ।
અસ્માભિરીશ વિદિતો હ્યુદિતોડયમેવ
ચન્દ્રોડપિ તે મુખરુચિં ચિરગાં જહાતિ ॥૮॥

દ્વારેડર્જુનસ્તવ ચ તિષ્ઠતિ કાર્તવીર્યઃ
પ્રહ્લાદ એષ યદુરેષ મદાલસાજઃ ।
ત્વાં દ્રષ્ટુકામ ઈતરે મુનયોડપિ ચાહ-
મુત્તિષ્ઠ દર્શય નિજં સુમુખં પ્રસીદ ॥૯॥

એવં પ્રબુદ્ધ ઇવ સંસ્તવનાદભૂત્સ
માલાં કમંડલુમથો ડમરું ત્રિશૂલમ્ ।
ચક્રં ચ શંખમુપરિસ્થકરૈર્દધાનો
નિત્યં સ મામવતુ ભાવિતવાસુદેવઃ ॥૧૦॥

**દુઃખને સ્વીકારી લેવાથી તે પજવી શકતું નથી.**

# ૨. બિરુદાવલિ-ચતુષ્ટય

૧. અખંડભૂમંડલાચાર્ય, વૈદિકધર્મપ્રચારક, યોગમાર્ગપ્રવર્તક, અત્રિવરદ, અનસૂયાનંદન, પરબ્રહ્મસ્વરૂપ, શ્રીમદ્ દત્તાત્રેયાવધૂતો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ॥

૨. સકલવિદ્યાવારિધિ-પારગ, ઋતંભરપ્રજ્ઞાપારમિત, શાસ્ત્રવિહિતાચારવિગ્રહ, રચિતાખિલદત્તવાઙ્મય, યોગશ્રી-વિલસિત-વદનામ્બુજ, ગણેશ-રમા-મ્બાનન્દન, પરમહંસ-પરિવ્રાજકાચાર્ય, દત્તાત્રેયાત્મક યતિવર, શ્રીમદ્વાસુદેવાનન્દો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ॥

૩. સમસ્તજગદુત્પત્તિ- સ્થિતિ - પ્રલયકારક પ્રરબ્રહ્માપરાવતાર-શ્રીમદ્-રંગાવધૂત-જનિપાલનકારણભૂતા, નાનાવિધ-કલેશ-કલમેષ્ટ-મિત્રમંડલસહિતા, નારેશ્વરાશ્રમ-ભારધારણ-નિપુણા, રંગરાજભિક્ષાન્નપાત્ર-પૂરણ-પ્રવણાન્નપૂર્ણા, જગન્માતૃપદમવસ્થિતા, પરામ્બા, શ્રીમતી ભગવતી રુક્મામ્બા વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ॥

૪. અનન્તકોટિબ્રહ્માંડનાયક, જ્ઞાનકર્મોપાસના-માર્ગત્રયપ્રવર્તક, દકારાદિ-દિવ્યવિદ્યાપ્રદાયક, શ્રીમદ્દત્તાત્રેયાપરાવતાર, વિઠ્ઠલરુકમામ્બાનંદન, યતિવર, શ્રીમદ્ ભગવદ્ રંગાવધૂતો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ॥

શ્રદ્ધા અને વિશ્વાસ માનવીને મળેલી પાંખો છે.

# ૩. મંગલ આરતી

## આનંદવાજાં વાગે ગગનમાં

(રાગ-મિશ્ર કલ્યાણ; તાલ-ધુમાલી)

આનંદવાજાં વાગે ગગનમાં,
ઘણણણ ઘંટા ભેરી! (૨)
મંગલ આરતી થાએ મારા ગુરુની,
મંગલ આરતી કરું મારા ગુરુની,
સત્ ચિત્ આનંદ હેલી! (૨) .........ટેક.

બ્રહ્માહરિહર એક સ્વરૂપે (૨),
કરે અગમગઢ કેલિ! (૨)
શૂન્ય શિખર પર શબ્દ સૂણાએ (૨),
ચાલ દોડ અલબેલી!! .........આનંદ. ૧.

પ્રાણ-પડઘમે શ્વાસા દાંડી (૨),
ઘડુડુડુ નોબત ઘેરી! (૨)
શબ્દ અશબ્દની વચમાં હેલી (૨),
નાચે અપસરા ઘેલી!!(૨) .........આનંદ. ૨.

થેઈ થેઈ થન્થન્ ઘડુડુડુ ઘમ્ઘમ્ (૨)
ખમા ખમા રંગરેલી (૨),
જ્ઞાન-વિજ્ઞાને જ્યોતિ પ્રગટતાં (૨),
પિંડ બ્રહ્માંડની હોળી!!(૨) ...આનંદ.૩.

આપહી ગાવત આપ બજાવત (૨)
ફિરે આપ ફંફેરી (૨);
જ્યાં ત્યાં આપે આપ ભરાયો (૨)
એહી દેવ યહ ડેરી!!(૨) .........આનંદ. ૪.

બં બં ભોલા ગુરુ ગિરનારી (૨),
દત્ત દિગંબર લ્હેરી (૨),
સૂરત નૂરત બીચમેં મૂરત (૨)
દેખે **રંગ** ગુરુચેરી!!(૨) ...આનંદ.૫.

નિષ્કામ કર્મોથી ચિત્તમળ ગળે- ચિત્ત શુદ્ધિ થાય.

## ૪. સમર્પણ

કર્પૂરપૂરેણ મનોહરેણ, સુવર્ણપાત્રોદરસંસ્થિતેન ।
પ્રદીપ્તભાસા સહ સંગતેન, નીરાજનં તે જગદીશ કુર્વે ॥
કર્પૂરગૌરં કરુણાવતારં સંસારસારં ભુજગેન્દ્રહારમ્ ।
સદા વસન્તં હૃદયારવિંદે ભવં ભવાનીસહિતં નમામિ ॥

મંગલં ભગવાન્ વિષ્ણુર્મંગલં ગરુડધ્વજ: ।
મંગલં પુંડરીકાક્ષો મંગલાયતનં હરિ: ॥
સર્વમંગલમાંગલ્યે શિવે સર્વાર્થસાધિકે ।
શરણ્યે ત્ર્યંબકે ગૌરિ નારાયણિ નમોઽસ્તુ તે ॥

## અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

શાન્તં યોગીન્દ્રવર્યં દ્વિજકુલતિલકં શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠં
દત્તાત્રેયં સ્મરન્તં જનહિતનિરતં સચ્ચિદાનંદમગ્નમ્ ।
સિદ્ધં રેવાતટસ્થં નિજપરરહિતં નિત્યમત્તાવધૂતં
સન્તં નારેશ્વરસ્થં મથિતકલિમલં પાંડુરંગં નમામિ ॥

## ૫. અથ પ્રાતઃસ્મરણમ્ ।

પ્રાતર્નમામિ ભગવન્તમનન્તમાદ્યં
સચ્ચિત્સુખાત્મકશિરસ્ત્રિતયં દધાનમ્ ।
ઐશ્વર્યવીર્યયશઆદિભુજૈર્લસન્તં
તં દેવમત્રિવરદં નતદત્તસર્વમ્ .......।૧।

સર્વાત્મકં સકલવંદિતપાદપીઠં
ભક્તાનુરૂપધૃતરૂપમનેકમેકમ્ ।
શાન્તં સદેકનિલયં નિલયાદિહીનં
તં વ્રાત્યવાતરશનં રસનાતિગં કમ્ .......।૨।

યસ્મિન્નિદં જગદશેષમનુપ્રવિષ્ટં
વસ્ત્રે ગુણા ઈવ ગુણાતિગમપ્રમેયમ્ ।
વેદશ્વભિઃ પ્રતિદિનં બહુ શોભમાનં
ભૂતૈઃ સ્મશાનકુહરે તમતકર્યલીલમ્ .......।૩।

માયાપતિં પતિવિહીન નિરસ્તમાયં
યં યોગિભોગિજટિમુણ્ડિન આસ્તુવન્તિ ।
નેતીતિ વેદનિવહાઃ ખલુ યત્ર મૂકાઃ
કોડહં સ્તવે નુ ભગવન્ પ્રણતોડસ્મ્યતો હિ .......।૪।

રંગેણ વિહિતં સ્તોત્રં ચતુઃશ્લોક સમન્વિતમ્ ।
યઃ પઠેત્પ્રાતરુત્થાય તસ્યાહઃ સુખદં ભવેત્ .......।૫।

**જ્ઞાન અત્રિ, એકનિષ્ઠા અનસૂયા અને ત્યાં જન્મતું વિજ્ઞાન-અનુભવ જ્ઞાન તે દત્ત.**

## ૬. ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના

ઊઠ અઘભંજના[૧] દત્ત મુનિરંજના,
સંસૃતિગંજના[૨] વિશ્વમૂર્તે!
પૂર્ણ કરી કામના સત્ય કર નામના,
દુ:ખ હર વામના ભવ્યમૂર્તે!! ......ટેક.

ભક્ત આવી ખડા બારણે બાપડા,
હાથમાં લઈ પડા પુષ્પફળના;
મંદ હાસ્યે કરી ભવચિંતા હરી,
શાંતિ દે નરહરિ શ્યામવરણા. ......૧.

અંત અનંત ના જો હવે ચિદ્‌ઘના,
ના રહે તુજ વિના પ્રાણ ઝાઝા;
શે થયો ચંદ્રમા તપ્ત? પૃથ્વી ક્ષમા,
છોડી દે અર્યમા[૩] કેમ માઝા? ......૨.

શરણ ભાવે થતાં ના રહે ત્યાં કથા
દુ:ખની હે તતા[૪]! બ્રિદ તારું;
કેમ ભૂલી દમે ભક્તજન આ સમે?
કાં ઉપેક્ષા ગમે? દૈવ મારું! ......૩.

દાર[૫] ઘર વિસરી ત્વત્પદે નત હરિ!
જનિમૃતિ[૬] સંહરી તાર વેગે;
ભ્રાન્ત[૭] ભવકાનને શ્રાન્ત[૮] શાસ્ત્રાટને,
ક્ષાળ[૯] કર્દમ[૧૦] મુને! જ્ઞાનમેઘે ......૪.

વિષયધૂલી ઊડે સૂઝ કંઈ નવ પડે,
આંખ ચોળી રડે જીવ હારી,
[૧૧]વિરતિજલધારથી [૧૨]બોધઆસારથી,
સ્વાત્મવિચારથી ઠાર હાળી[૧૩]. ......૫.

૧. પાપનો નાશ કરનાર ૨. સંસારને જીતનાર ૩. પિતૃઓના અધિષ્ઠાતા ૪. હે તાત! ૫. સ્ત્રી ૬. જન્મ-મરણ ૭. ભૂલો પડેલો ૮. થાકેલો ૯. ધો ૧૦. વિષયરૂપી કાદવ ૧૧. વૈરાગ્ય ૧૨.બોધરૂપી વરસાદના ઝાપટાંથી ૧૩. (જીવરૂપી) ખેડૂત.

**બ્રહ્મ સત્ય, જગન્મિથ્યા. જીવ બ્રહ્મ જ છે, જુદો નથી.**

દોડ સદ્‌ગુરુવરા કર હવે તો ત્વરા,
આવી આખર જરા[1] કાળદૂતી,
**રંગ** શિરનો ફર્યો ચિત્તમળ ના ગળ્યો,
વ્યર્થ દોડી મર્યો કરમ કૂટી! ......૬.

## ૭. જાગ્યને જોગીડા દત્ત દિગંબરા

જાગ્યને જોગીડા દત્ત દિગંબરા,
તુજ વિના ભક્તઅઘ[2] કોણ હરશે?
કલિ બધે વ્યાપિયો ધર્મ સંતાડિયો,
ધર્મસંસ્થાપના કોણ કરશે? .......ટેક.

નાસ્તિકો નગ્ન[3] થઈ વલ્ગના[4] બહુ કરે,
ઓચરે જેહ મન જેહ ભાવે,
ભક્તિ પંગુ થઈ અન્ય ખંડે ગઈ,
સર્વને શુષ્ક મન જ્ઞાન ભાવે. .......૧.

ત્યાગ-વૈરાગ્યની ઠેકડી સહુ કરે,
ભોગમાં મસ્ત થઈ જગ્ત ડોલે,
દાનવ્રતપૂજને ચિત્ત હા! નવ ઠરે;
વ્હેમ બાધા બધે સ્વૈર[5] ચાલે. .......૨.

ગુરુતણો રાફડો ચોદિશે ફાટિયો,
જેહને જે ગમે તેને મુંડે;
'મુંડને મોક્ષ' એ સૂત્ર સોંઘું થયું,
વ્યાસશાંડિલ્ય ગમ કોણ દોડે? .......૩.

આપપંથી બધા આત્મ નવ ઓળખે,
દેવને ભૂલી મંદિર પૂજે!
**રંગ** મૂગો થઈ તુંહિ તુંહિ ઓચરે,
તું વિના આન[6] નવ કાંઈ સૂઝે!! .......૪.

---

૧. ઘડપણ ૨. ભક્તોના પાપ ૩. નિર્લજ્જ થઈ; મર્યાદા મૂકી દઈ ૪. કૂદાકૂદ ૫. જેને જેમ ફાવે તેમ ૬. બીજું, અન્ય.

**ગુરુ થવું સહેલું છે, સાચા શિષ્ય થવું કપરું છે.**

# ૮. એક આધાર કિરતારનો જગતમાં

એક આધાર કિરતારનો જગતમાં,
એ વિના શૂન્ય સમશાન ઠાલું,
દીપ વિણ ગેહ[1] જ્યમ સ્નેહ[2] વિણ દીપ જ્યમ,
પ્રાણ વિણ દેહ જ્યમ કુણપ[3] મેલું. ......ટેક.

દિવ્ય રચના કરી માનવી તનુ રચી,
અંગઉપાંગથી પૂર્ણ કેવી!
દુગ્ધ પેદા કરી જનનીના સ્તન વિષે,
જન્મ પહેલાં લીધી સૂધ[4] એવી!! ......૧.

ચિત્ત ચિંતન કરે, બુદ્ધિ નિશ્ચય કરે,
શક્તિ એવી વળી જેણે દીધી,
તેહને ભૂલીને અન્ય વાંસળ ફરે,
રતનને છોડીને રાખ લીધી! ......૨.

આંખની આંખ જે, કાનનો કાન જે,
દેવનો દેવ જે તેહ ભૂલી,
વિષયકર્દમ[5] ચૂંથી, મોહ જાળું ગૂંથી,
શીરો મૂકી ગળી વ્યર્થ થૂલી! ......૩.

શું થયું વેદવાણી બક્યાથી ઘણી?
શું થયું શાસ્ત્ર-પુરાણ વાંચ્યે?
શું થયું સ્નાન ને દાન કીધા થકી?
શું થયું તીર્થ ને પ્હાણ પૂજ્યે? ......૪.

શું થયું રૂપ કાઢી થયે કૂટડો?
શું થયું નાર કોડે રમાડી?
શું થયું હસ્તી ને વાજી[6] સ્વારી થકી?
શું થયું લોક અચરજ પમાડી? ......૫.

---

૧. ઘર ૨. તેલ ૩. મડદું ૪. સંભાળ ૫. કાદવ. ૬. ઘોડો.

**કિરતાર કેરી કીર્તિનું કરતાલથી કીર્તન કરો.**

શું થયું ગદ્ય ને પદ્ય રચના થકી?
શું થયું ભાષણો વ્યર્થ દીધે?
શું થયું દેશવિદેશ વિખ્યાતિથી?
શું થયું કાવ્યરસ ભૂરિ[1] પીધે? ......૬.

શું થયું મુંડ મુંડાવી ચોદિશ ભમ્યે?
શું થયું વન વિષે વાસ કીધે?
શું થયું કાય સુકાવી ઉપોષણે?
શું થયું શુષ્ક હરિનામ લીધે? ......૭.

વેદના મૂળને શાસ્ત્રના સૂરને[2],
જગતકરતારને જો ન જોયો,
વ્યર્થ નર અવતરી માતૃયૌવન હરી,
**રંગ** ચિંતામણિ જન્મ ખોયો!! ......૮.

## ૯. ભાવથી ભજન કર, હરિ તણું રટણ કર

ભાવથી ભજન કર, હરિતણું રટણ કર,
નિંદ પર છોડી દે, મૂર્ખ પ્રાણી!
કોટિ પુણ્યે કરી નરતનુ આ મળી,
તાર ચિંતામણિ એહ જાણી ......ટેક.

બાલપણ ખેલમાં, તરુણપણ મેલમાં[3]
ક્લેશમાં કામિનીસંગ ખોયું;
દામ ને ચામમાં વ્યર્થ એળે ગયું,
અંત પસ્તાવથી ચિત્ત રોયું! ......૧.

---

૧. ઘણો ૨. (૧) સૂર્ય (૨) સર્વ શાસ્ત્રોનો આધારભૂત બ્રહ્માનુભવરૂપ પ્રકાશ (૩) સચ્છાસ્ત્રોરૂપી વાજિંત્રોમાં ગૂંજી રહેલ જીવબ્રહ્મની એકતાનો સૂર ૩. વિષયોપભોગમાં.

**ભજન એ સર્વ સામર્થ્યનું મૂળ છે.**

વૃદ્ધ તનુ થરથરે, ચીતડું નવ ઠરે,
કામના ના મરે કો ઉપાયે;
માળ ગ્રહી ના ગ્રહી કાળ ઊભો સહી,
કાજ ત્યાં ના સરે મૂઢ રોયે ......૨.

હાથથી દાન કર, કાનથી શ્રવણ કર,
ગાન કર વદનથી નાથ કેરું;
સાંગ[1] છે દેહ સ્વસ્થાક્ષ[2] નર જ્યાં સુધી,
પુણ્યપંથે પળી ટાળ તેડું ......૩.

આગ લાગી ઘરે કૂપ ખણવા ફરે,
હાંસી થાએ હરે જો વિચારી;
દાર[3] ને વિત્ત ત્યાં કામ આવે નહિ,
દાસ ને દાસીની વ્યર્થ ચારી ......૪.

આભ ફાટ્યું તિહાં થીંગડું કોણ દે,
નાથ નટવર વિના કોણ બેલી?
**રંગ** માયા ત્યજી, ભક્તિ દૃઢ ઉર ધરી,
નાથપદકંજરત[4] થાને આલી[5]!! ......૫.

# ૧૦. ઊઠને જીવ ઉદ્યોગ અદકો કરી

ઊઠને જીવ ઉદ્યોગ અદકો કરી,
જનમનાં પાપ સહુ નાખ ધોઈ;
ભક્તિ ભગવાનની, પ્રાપ્તિ નિર્વાણની,
આપથી આપને લેને જોઈ ......ટેક.

કોણ તું જીવડા શેં થકી આવિયો;
મરણ પછી શી ગતિ જો વિચારી;
આદિ ને અંતમાં નાહીં, તે મધ્યમાં,
શેં હશે કાય તુજ આ વિકારી? ......૧.

૧. સાજોતાજો ૨. સાબૂત ઇંદ્રિયોવાળો ૩. સ્ત્રી ૪. પ્રભુના ચરણકમળમાં મગ્ન ૫. હે (મનરૂપી) ભ્રમર.

નામની આશમાં વ્યર્થ કાં ભટકતો?
કીચડે કાંચન ક્યાંથી હોયે?
તોયને[1] મંથતાં તૂપ[2] નહિ નીસરે,
અબ્દ[3] હજાર જો તું વલોવે! ......૨.

ઉપલ[4] અગ્નિ તણો જોગ જાણ્યો ઘણો,
જુક્તિ વિણ મુક્તિ નવ હાથ આવે,
અલ્પ મતિ આંધળી આત્મ નવ ઓળખે,
વેદિયાં ઢોર[5] તે ત્યાં ન ફાવે! ......૩.

મસ્ત કો ભેદીઓ[6] આપ પર વેદીઓ[7],
જાણતો દસ્ત[8] જો **રંગ** પકડે,
મોહઘૂંઘટ ખરે, શોક શંકા ટળે,
શાંતિ-સુખ પ્રજ્જવળે આપ મેળે!! ......૪.

## ૧૧. આવ દિગંબરા દત્ત કરુણાકરા

આવ દિગંબરા દત્ત કરુણાકરા,
તુજ વિના ચેન નવ કાંઈ પડતું;
ગેહઉદ્યોગમાં[9], ચિત્ત નવ આ ઠરે,
વ્રેહના[10] દુઃખથી નિત્ય રડતું ........ટેક.

ખાન ને પાન મન ઝેર સમ લાગતાં
વસ્ત્ર વિભૂષણો પ્રેતભૂષા;
ઊંચી અટારી ને મેડી સમશાનવત્,
શૂન્ય ખાવા ધસે ભૂતવેષા! ........૧.

---

૧. પાણીને ૨. ઘી ૩. વર્ષ ૪. પથ્થર ૫. પઢતમૂર્ખ (learned fools) ૬. ભેદુ ૭. જાણકાર, જ્ઞાની ૮. હાથ ૯. ઘરધંધામાં ૧૦. વિયોગ

**શ્રદ્ધા વિનાનો હવન, દાન અને તપ અસત્ છે.**

ગાય વિણ વાછડું દીન જયમ બાપડું,
ચંદ્ર વિણ સૂતકી કાળી રાતી;
માત વિણ તોક[1] આક્રંદનો પાર નવ,
તું વિના દુ:ખથી ફાટે છાતી! ........૨.

કાષ્ઠ થઇ પાવડી પાંવની તુજ બનું,
મૃદ્[2] બની કેશ કાળા પખાળું!
દેહ બાળી બનું ભસ્મ ભીતિહરા,
અંગ પર જો ધરે તું કૃપાળુ!! ........૩.

મૃગ થઇ [3]વ્યાધથી દેહ વીંધાવું આ,
અજિન[4] થઇ બેસવા કામ લાગું!
શ્વાન થઇ મંદિરે નિત્ય ચોકી કરું,
દરશ વિણ આન નવ કાંઇ માગું!! ........૪.

હૃદયમંચક[5] કરી સાફ રાખ્યો હરિ,
પ્રેમજલ પાદ્યથી[6] પગ ધોઉં;
સત્યશૌચાદિ પુષ્પે કરું અર્ચના,
બાળીને કામક્રુધ ધૂપ દેઉં! ........૫.

દ્વૈત ભોજન ધરું પેય અઘ[7] આગળું,
**રંગ** તાંબૂલ[8] મુખશુદ્ધિ સારુ;
દોડ ને દોડ જોગીવરા શ્રીધરા,
તુજ વિના જીવન લાગે ખારું!! ........૬.

---

૧. બાળક ૨. માટી ૩. શિકારી ૪. મૃગછાલા ૫. બાજઠ ૬. ગંધાક્ષતાદિથી યુક્ત પગ ધોવાનું પૂજાજળ ૭. પાપ. ૮. વિષયાસક્તિ.

# ૧૨. વંદન

જે જે સ્થળે આ મન જાય મારું,
તે તે સ્થળે સદ્‌ગુરુ રૂપ તારું;
જ્યાં જ્યાં મૂકું મસ્તક હું ગુરો હે!
ત્યાં ત્યાં પદદ્વંદ્વ તારાજ સોહે!

## અવધૂત ચિંતન શ્રીગુરુદેવ દત્ત !

શ્રીમત્ પરમ સદ્‌ગુરુ શ્રીવાસુદેવાનંદસરસ્વતી
સ્વામી મહારાજ કી જય
ભગવતી રુકમામ્બા માત કી જય!
શ્રીમત્ સદ્‌ગુરુ શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ કી જય!
ગુરુદેવ દત્ત! ગુરુદેવ દત્ત!! ગુરુદેવ દત્ત!!!
નર્મદે હર!

# ૧૩. રેવાગીતમ્

ગાયતિ રેવા રવ-મધુરમ્ ||ધ્રુવ||

હર હર ૐ ૐ, હર હર ૐ ૐ| હર હર ૐ ૐ હર હર ૐ|
સાયં પ્રાતઃ પ્રાતઃ સાયં, હર હર ૐ ૐ, સતતમિતિ||...ગાયતિ.

મેકલજાતા મનસિ વિભાતા| રૌતિ કલં કિમપીહ ચિરમ્|
ત્વમહમહં ત્વં, ત્વમહમહં ત્વં |
ત્વમહમહં ત્વં, ત્વમહમિતિ||...ગાયતિ.

તડિદુજ્જ્વલ જલમુખતઃ સ્તૌતિ | નીરઙ્ગમ્ નાનારઙ્ગમ્ |
બ્રહ્માહં ત્વં બ્રહ્મૈવેદંજલશીકરવદભિન્નમિતિ||...ગાયતિ.

નર્મદા માત કી જય

જીવન એક પુષ્પ છે, પ્રેમ એની સૌરભ છે.

## ૮. એક આધાર કિરતારનો જગતમા

જેમ દીવા વિના ઘરમાં અધાંરુ હોય, તેલ વિનાનો દીવો ઝાંખા પ્રકાશવાળો હોય અને પ્રાણ વિનાનું શરીર અપવિત્ર મડદું ગણાય તેમ આ જગતમાં એક માત્ર આધાર સૃષ્ટિના સર્જનહારનો જ છે અને એના વિના બધું સ્મશાન જેવું ખાલીપાથી ભરેલું છે. ........ટેક.

એણે (કિરતારે) માનવ શરીરની કેવી દિવ્ય રચના કરી છે! અને તે પણ અંગ-ઉપાંગથી પૂર્ણ. બાળકના જન્મ પહેલાં જ માતાના સ્તનમાં દૂધ ઉત્પન્ન કરીને કેવી સંભાળ લીધી છે! ........૧.

જેણે ચિત્તને ચિંતન કરવાની અને બુદ્ધિને નિશ્ચય કરવાની શક્તિ આપી છે તેને ભૂલી જઇને તું બીજા પાછળ નાહકનો ભટકે છે. આવું કરીને તેં રત્ન જતું કર્યું અને રાખને રાખી લીધી. ........૨.

જે આંખની આંખ છે. (આંખને પણ જોવાની શક્તિ આપનાર), કાનનો પણ કાન છે. (કાનને સાંભળાની શક્તિ આપનાર) અને જે દેવનો પણ દેવ છે. (પ્રકાશનારને પણ પ્રકાશ આપનાર) તેને ભૂલી જઇને તું વિષયરૂપી કાદવ ચૂંથીને અને મોહનું જાળું ગૂંથીને. શીરો છોડીને નકામી એવી થૂલી ગળી ગયો. ........૩.

વેદની વાતો કેવળ બોલ બોલ કરવાથી શું વળે? શાસ્ત્ર અને પુરાણ વાંચવા ખાતર વાંચી જવાથી શું મળે? સ્નાન અને દાન કરવાથી તેમજ તીર્થ અને પથ્થરની મૂર્તિને પૂજવાથી શું ફળે? ........૪.

રૂપ રૂપના અંબાર સમો તું સુંદર દેખાયો તેથી શું? સ્ત્રીઓને લાડ લડાવીને એને રાજી કરી એનાથી શું? હાથી અને ઘોડાની સવારી કરીને શું મેળવ્યું? અને લોકોને આશ્ચર્યચકિત કર્યા તેથી શું? ........૫.

ગદ્ય અને પદ્યની રચના કરી તેથી શું મળ્યું? નાહકના ભાષણો કર્યા તેથી શું મળ્યું? દેશ-પરદેશમાં વાહ-વાહ થઇ તેથી શું? અને ઘણો કાવ્યરસ માણ્યો એથી પણ શું? ........૬.

માથું મૂંડાવીને (સંન્યાસી થઇને) ચારે દિશામાં પરિભ્રમણ કર્યું તેનાથી શું? જંગલમાં જઇને રહ્યો તેથી શું? ઉપવાસ કરી કરીને શરીરને કૃશ કરી નાંખ્યું તો પણ શું? અને ભાવ વગર ભગવાનનું નામ લેવાથી પણ શું થયું? ........૭.

**માયાપતિ છોડ્યા, માયામાં જકડાયા તે જગમાં પછડાયા.**

જેમાંથી વેદ પ્રગટ્યા છે અને જે બધા શાસ્ત્રોના આધારભૂત છે એવા જગતના સર્જનહારના દર્શન ન થયા તો પછી માતાનું યૌવન હરી લેતો તારો જન્મ એળે ગયો. હે સંસારી જીવ! તેં ચિંતામણી સમો માનવ જન્મ વેડફી નાંખ્યો. ........૮.

# ૯. ભાવથી ભજન કર, હરિ તણું રટણ કર

હે મૂર્ખ માનવી! કરોડો પુણ્યના પ્રતાપે તને આ માનવ શરીર મળ્યું છે તો તું હરિનું ભાવપૂર્વક ભજન કર અને નામસ્મરણ કર. બીજાની નિંદા કરવાનું છોડી દે. આ ચિંતામણી સમાન માનવ જન્મને સફળ કર. ........ટેક.

બાળપણ રમત ગમતમાં- યુવાની વિષયોપભોગમાં અને સ્ત્રીની સોબતે કલેશમાં વેડફ્યું. પૈસા અને કામોપભોગમાં જીવન નકામું વીતી ગયું અને છેવટે પસ્તાવવાથી ચિત્ત રડવા લાગ્યું છે. ........૧.

જીર્ણ થયેલું શરીર થર થર ધ્રૂજે છે, ચિત્ત શાંત રહેતું નથી (વ્યગ્રતા અનુભવે છે) અને કેમે કરીને કામનાનો અંત આવતો નથી. હાથમાં માળા પકડી ના પકડી ત્યાં તો કાળ આવીને ઊભો જ રહ્યો છે. હે મૂઢ! હવે રડવાથી કોઈ અર્થ સરવાનો નથી. ........૨.

તું હાથથી દાન કર, કાનથી (કથા-કીર્તન) સાંભળ અને મુખથી ભગવાનના ગુણગાન ગા. જ્યાં સુધી શરીર સ્વસ્થ છે અને બધી ઇંદ્રિયો (અક્ષ) સાબૂત છે એટલામાં તું પુણ્યને માર્ગે ચાલીને મૃત્યુનો ડર દૂર કરી દે. ........૩.

ઘરમાં આગ લાગી ત્યારે તું હવે કૂવો ખોદવા ફરે છે. અરેરે! તું વિચારી જો કે લોકો તારી મશ્કરી કરે છે. આવા સમયે સ્ત્રી કે ધન કાંઇ કામ આવતું નથી. દાસ અને દાસીની મિત્રતા પણ વ્યર્થ નિવડે છે. ........૪.

જ્યારે આકાશ ફાટ્યું છે ત્યારે એને કોણ થીંગડું મારે? ભગવાન કૃષ્ણ વિના કોણ બેલી છે? હે જીવ! હવે માયા છોડીને અને હૃદયમાં દૃઢ ભક્તિ ધારણ કરીને પ્રભુના ચરણકમળમાં હે (મનરૂપી) ભ્રમર! તું મગ્ન થા. ........૫.

# ૧૦. ઊઠને જીવ ઉદ્યોગ અદકો કરી

હે જીવ! તું ઊઠ અને વિશિષ્ટ પ્રકારનો પુરુષાર્થ કરીને તારા જન્મનાં બધા જ પાપો ધોઇ નાંખ. (પાપનો નાશ કર). ભગવાનની ભક્તિ દ્વારા મોક્ષની પ્રાપ્તિ કરી લે અને તું સ્વસ્વરૂપનાં દર્શન કરી લે. ........ટેક.

હે જીવ! તું વિચાર કર કે તું કોણ છે? તું કેમ આવ્યો છે? અને મૃત્યુ પછી તારી શી ગતિ થવાની છે? જે શરૂઆતમાં અને અંતમાં નથી પણ વચ્ચે દેખાય છે એ તારી પરિવર્તનશીલ કાયા ક્યાંથી (કાયમ) રહેવાની છે? ........૧.

કીર્તિની આશામાં તું નાહકનો શું કામ ભટકયા કરે છે? કાદવમાં સોનું શાનું હોય? તું હજાર વર્ષ સુધી પાણીને વલોવ્યા (મંથન) કરે તો પણ એમાંથી ઘી નહિ મળે. ........૨.

પથ્થર અને અગ્નિ વચ્ચેનો સંબંધ તો જાણતો હતો તો પણ યુક્તિપૂર્વક વર્ત્યા વગર મુક્તિ મળતી નથી. સામાન્ય બુદ્ધિથી આત્મદર્શન શક્ય નથી. પઢત મૂર્ખ (ભણ્યા પણ ગણ્યા નહિ) પણ અહીં સફળ થતાં નથી. ........૩.

પોતાને અને બીજાને જાણનારો કોઇ જાણભેદુ જ્ઞાની પુરુષ હાથ પકડે તો જ મોહરૂપી ઘૂંઘટ ખૂલી જાય, શોક અને શંકા ટળી જાય અને આપો આપ સુખશાંતિ મળી જાય. ........૪.

❋ ❋ ❋

# પ્રાર્થના-બુધવાર

## ૧. દત્તપ્રબોધસ્તવઃ ।

અજિતામૃતયોગનિદ્રિતાચ્યુતશક્તેઃ સ્વકૃતાતિમોહિત।
ધુમુખે શ્રુતિબન્દિગીતતો ભગવઞ્જાગૃહિ જાગૃહિ ત્ર્યધીટ્ ॥

નિત્યો હિ યસ્ય મહિમા ન હિ માનમેતિ
સ ત્વં મહેશ ભગવન્મઘવન્મુખેડ્ય ।
ઉત્તિષ્ઠ તિષ્ઠદમૃતૈરમૃતૈરિવોકતૈર્-
ગીતાગમૈશ્ચ પુરુધા પુરુધામશાલિન્ ॥૧॥

ભક્તેષુ જાગૃહિ મુદા હિ મુદારભાવં
તલ્પં વિહાય સવિશેષ વિશેષહેતોઃ ।
યઃ શેષ એષ સકલઃ સકલસ્વગીતૈ-
સ્ત્વં જાગૃહિ શ્રિતપતે તપતે નમસ્તે ॥૨॥

દૃષ્ટવા જનાન્ વિવિધ કષ્ટવશાન્દયાલુ-
સ્ત્ર્યાત્મા બભૂવ સકલાર્તિહરોડત્ર દત્તઃ ।
અત્રેર્મુનેઃ સુતપસોડત્ર ફલં ચ દાતું
બુધ્યસ્વ સ ત્વમિહ યન્મહિમાનિયત્તઃ ॥૩॥

આયાત્યશેષવિનુતોડપ્યવગાહનાય
દત્તોડધુનેતિ સુરસિન્ધુરપેક્ષતે ત્વામ્ ।
ક્ષેત્રે તથૈવ કુરુસંજ્ઞક એત્ય સિદ્ધા-
સ્તસ્થુસ્તવાચમનદેશ ઇનોદયાત્પ્રાક્ ॥૪॥

સન્ધ્યામુપાસિતુમજોડપ્યધુનાગમિષ્ય-
ત્યાકાંક્ષતે કૃતિજનઃ પ્રતિવીક્ષતે ત્વામ્ ।
કૃષ્ણાતટેડપિ નરસિંહસુવાટિકાયાં
સારાર્તિકઃ કૃતિજનઃ પ્રતિવીક્ષતે ત્વામ્ ॥૫॥

**આંખમાં અમી, દુનિયા નમી. જીભમાં અમી, દુનિયા ગમી.**

ગન્ધર્વસંજ્ઞકપુરેડપિ સુભાવિકાસ્તે
ધ્યાનાર્થમત્ર ભગવાન્સમુપૈષ્યતીતિ ।
મત્વાસ્થુરાચરિતસંનિયતાપ્લવાદ્યા
ઉત્તિષ્ઠ દેવ ભગવન્નત એવ શીઘ્રમ્ ॥૬॥

પુત્રી દિવઃ ખગગણાન્સુચિરં પ્રસુપ્તા-
નુત્પાતયત્યરુણગા અધિરુહ્ય તુષાઃ ।
કાષાયવસ્ત્રમપિધાનમપાવૃણૂધ્યન્
તાર્ક્ષ્યાગ્રજોડયમવલોકય તં પુરસ્તાત્ ॥૭॥

શાટીનિભાભ્રપટલાનિ સુરેન્દ્રકાષ્ઠા-
ભાગં યતીન્દ્ર રુરુધુર્ગરુડાગ્રજોડતઃ ।
અસ્માભિરીશ વિદિતો હ્યુદિતોડયમેવ
ચન્દ્રોડપિ તે મુખરુચિં ચિરગાં જહાતિ ॥૮॥

દ્વારેડર્જુનસ્તવ ચ તિષ્ઠતિ કાર્તવીર્યઃ
પ્રહલાદ એષ યદુરેષ મદાલસાજઃ ।
ત્વાં દ્રષ્ટુકામ ઈતરે મુનયોડપિ ચાહ-
મુતિષ્ઠ દર્શય નિજં સુમુખં પ્રસીદ ॥૯॥

એવં પ્રબુદ્ધ ઈવ સંસ્તવનાદભૂત્સ
માલાં કમંડલુમથો ડમરું ત્રિશૂલમ્ ।
ચક્રં ચ શંખમુપરિસ્થકરૈર્દધાનો
નિત્યં સ મામવતુ ભાવિતવાસુદેવઃ ॥૧૦॥

**કઠોર વાણી બાધક, મીઠી વાણી સાધક.**

# ૨. બિરુદાવલિ-ચતુષ્ટય

૧. અખંડભૂમંડલાચાર્ય, વૈદિકધર્મપ્રચારક, યોગમાર્ગપ્રવર્તક, અત્રિવરદ, અનસૂયાનંદન, પરબ્રહ્મસ્વરૂપ, શ્રીમદ્ દત્તાત્રેયાવધૂતો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ॥

૨. સકલવિદ્યાવારિધિ-પારગ, ઋતંભરપ્રજ્ઞાપારમિત, શાસ્ત્રવિહિતાચારવિગ્રહ, રચિતાખિલદત્તવાઙ્મય, યોગશ્રી-વિલસિત-વદનામ્બુજ, ગણેશ-રમા-મ્બાનન્દન, પરમહંસ-પરિવ્રાજકાચાર્ય, દત્તાત્રેયાત્મક યતિવર, શ્રીમદ્વાસુદેવાનન્દો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ॥

૩. સમસ્તજગદુત્પત્તિ- સ્થિતિ - પ્રલયકારક પ્રરબ્રહ્માપરાવતાર-શ્રીમદ્-રંગાવધૂત-જનિપાલનકારણભૂતા, નાનાવિધ-કલેશ-કલમેષ્ટ-મિત્રમંડલસહિતા, નારેશ્વરાશ્રમ-ભારધારણ-નિપુણા, રંગરાજભિક્ષાન્નપાત્ર-પૂરણ-પ્રવણાન્નપૂર્ણા, જગન્માતૃપદમવસ્થિતા, પરામ્બા, શ્રીમતી ભગવતી રુક્મામ્બા વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ॥

૪. અનન્તકોટિબ્રહ્માંડનાયક, જ્ઞાનકર્મોપાસના-માર્ગત્રયપ્રવર્તક, દકારાદિ-દિવ્યવિદ્યાપ્રદાયક, શ્રીમદ્દત્તાત્રેયાપરાવતાર, વિઠ્ઠલરુકમામ્બાનંદન, યતિવર, શ્રીમદ્ ભગવદ્ રંગાવધૂતો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ॥

**બોલતા પહેલા બે વાર વિચાર કરો.**

# ૩. મંગલ આરતી

## આનંદવાજાં વાગે ગગનમાં

(રાગ-મિશ્ર કલ્યાણ; તાલ-ધુમાલી)

આનંદવાજાં વાગે ગગનમાં,
ઘણણણ ઘંટા ભેરી! (૨)
મંગલ આરતી થાએ મારા ગુરુની,
મંગલ આરતી કરું મારા ગુરુની,
સત્ ચિત્ આનંદ હેલી! (૨) .........ટેક.

બ્રહ્માહરિહર એક સ્વરૂપે (૨),
કરે અગમગઢ કેલિ! (૨)
શૂન્ય શિખર પર શબ્દ સૂણાએ (૨),
ચાલ દોડ અલબેલી!! .........આનંદ. ૧.

પ્રાણ-પડઘમે શ્વાસા દાંડી (૨),
ઘડુડુડુ નોબત ઘેરી! (૨)
શબ્દ અશબ્દની વચમાં હેલી (૨),
નાચે અપસરા ઘેલી!!(૨) .........આનંદ. ૨.

થેઈ થેઈ થન્થન્ ઘડુડુડુ ઘમ્ઘમ્ (૨)
ખમા ખમા રંગરેલી (૨),
જ્ઞાન-વિજ્ઞાને જ્યોતિ પ્રગટતાં (૨),
પિંડ બ્રહ્માંડની હોળી!!(૨) ...આનંદ.૩.

આપહી ગાવત આપ બજાવત (૨)
ફિરે આપ ફંફેરી (૨);
જ્યાં ત્યાં આપે આપ ભરાયો (૨)
એહી દેવ યહ ડેરી!!(૨) .........આનંદ. ૪.

બં બં ભોલા ગુરુ ગિરનારી (૨),
દત્ત દિગંબર લ્હેરી (૨),
સૂરત નૂરત બીચમેં મૂરત (૨)
દેખે **રંગ** ગુરુચેરી!!(૨) ...આનંદ.૫.

**વાણીથી વિવેક અને સત્ય પ્રગટે છે.**

## ૪. સમર્પણ

કર્પૂરપૂરેણ મનોહરેણ, સુવર્ણપાત્રોદરસંસ્થિતેન ।
પ્રદીપ્તભાસા સહ સંગતેન, નીરાજનં તે જગદીશ કુર્વે ॥
કર્પૂરગૌરં કરુણાવતારં સંસારસારં ભુજગેન્દ્રહારમ્ ।
સદા વસન્તં હૃદયારવિંદે ભવં ભવાનીસહિતં નમામિ ॥

મંગલં ભગવાન્ વિષ્ણુર્મંગલં ગરુડધ્વજઃ ।
મંગલં પુંડરીકાક્ષો મંગલાયતનં હરિઃ ॥
સર્વમંગલમાંગલ્યે શિવે સર્વાર્થસાધિકે ।
શરણ્યે ત્ર્યંબકે ગૌરિ નારાયણિ નમોઽસ્તુ તે ॥

## અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

શાન્તં યોગીન્દ્રવર્યં દ્વિજકુલતિલકં શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠં
દત્તાત્રેયં સ્મરન્તં જનહિતનિરતં સચ્ચિદાનંદમગ્નમ્ ।
સિદ્ધં રેવાતટસ્થં નિજપરરહિતં નિત્યમત્તાવધૂતં
સન્તં નારેશ્વરસ્થં મથિતકલિમલં પાંડુરંગં નમામિ ॥

**થોડું બોલો, મોડું બોલો, મીઠું બોલો.**

## ૫. અથ પ્રાતઃસ્મરણમ્ ।

પ્રાતર્નમામિ ભગવન્તમનન્તમાદ્યં
સચ્ચિત્સુખાત્મકશિરસ્ત્રિતયં દધાનમ્ ।
ઐશ્વર્યવીર્યયશઆદિભુજૈર્લસન્તં
તં દેવમત્રિવરદં નતદત્તસર્વમ્ .......।૧।

સર્વાત્મકં સકલવંદિતપાદપીઠં
ભક્તાનુરૂપધૃતરૂપમનેકમેકમ્ ।
શાન્તં સદૈકનિલયં નિલયાદિહીનં
તં પ્રાત્યવાતરશનં રસનાતિગં કમ્ .......।૨।

યસ્મિન્નિદં જગદશેષમનુપ્રવિષ્ટં
વસ્ત્રે ગુણા ઇવ ગુણાતિગમપ્રમેયમ્ ।
વેદશ્વભિઃ પ્રતિદિનં બહુ શોભમાનં
ભૂતૈઃ સ્મશાનકુહરે તમતકર્યલીલમ્ .......।૩।

માયાપતિં પતિવિહીન નિરસ્તમાયં
યં યોગિભોગિજટિમુણ્ડિન આસ્તુવન્તિ ।
નેતીતિ વેદનિવહાઃ ખલુ યત્ર મૂકાઃ
કોऽહં સ્તવે નુ ભગવન્ પ્રણતોऽસ્મ્યતો હિ .......।૪।

રંગેણ વિહિતં સ્તોત્રં ચતુઃશ્લોક સમન્વિતમ્ ।
યઃ પઠેત્પ્રાતરુત્થાય તસ્યાહઃ સુખદં ભવેત્ .......।૫।

# ૬. ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના

ઊઠ અઘભંજના[૧] દત્ત મુનિરંજના,
સંસૃતિગંજના[૨] વિશ્વમૂર્તે!
પૂર્ણ કરી કામના સત્ય કર નામના,
દુ:ખ હર વામના ભવ્યમૂર્તે!! ......ટેક.

ભક્ત આવી ખડા બારણે બાપડા,
હાથમાં લઈ પડા પુષ્પફળના;
મંદ હાસ્યે કરી ભવચિંતા હરી,
શાંતિ દે નરહરિ શ્યામવરણા. ......૧.

અંત અનંત ના જો હવે ચિદ્‌ઘના,
ના રહે તુજ વિના પ્રાણ ઝાઝા;
શે થયો ચંદ્રમા તપ્ત? પૃથ્વી ક્ષમા,
છોડી દે અર્યમા[૩] કેમ માઝા? ......૨.

શરણ ભાવે થતાં ના રહે ત્યાં કથા
દુ:ખની હે તતા[૪]! બ્રિદ તારું;
કેમ ભૂલી દમે ભક્તજન આ સમે?
કાં ઉપેક્ષા ગમે? દૈવ મારું! ......૩.

દાર[૫] ઘર વિસરી ત્વત્પદે નત હરિ!
જનિમૃતિ[૬] સંહરી તાર વેગે;
ભ્રાન્ત[૭] ભવકાનને શ્રાન્ત[૮] શાસ્ત્રાટને,
ક્ષાળ[૯] કર્દમ[૧૦] મુને! જ્ઞાનમેઘે ......૪.

વિષયધૂલી ઊડે સૂઝ કંઈ નવ પડે,
આંખ ચોળી રડે જીવ હારી,
[૧૧]વિરતિજલધારથી [૧૨]બોધઆસારથી,
સ્વાત્મવિચારથી ઠાર હાળી[૧૩]. ......૫.

૧. પાપનો નાશ કરનાર ૨. સંસારને જીતનાર ૩. પિતૃઓના અધિષ્ઠાતા ૪. હે તાત! ૫. સ્ત્રી ૬. જન્મ-મરણ ૭. ભૂલો પડેલો ૮. થાકેલો ૯. ધો ૧૦. વિષયરૂપી કાદવ ૧૧. વૈરાગ્ય ૧૨.બોધરૂપી વરસાદના ઝાપટાંથી ૧૩. (જીવરૂપી) ખેડૂત.

**મન એ બંધનનું અને મુક્તિનું બંનેનું કારણ છે.**

દોડ સદ્‌ગુરુવરા કર હવે તો ત્વરા,
આવી આખર જરા[1] કાળદૂતી,
**રંગ** શિરનો ફર્યો ચિત્તમળ ના ગળ્યો,
વ્યર્થ દોડી મર્યો કરમ ફૂટી! ......૬.

## ૭. જાગ્યને જોગીડા દત્ત દિગંબરા

જાગ્યને જોગીડા દત્ત દિગંબરા,
તુજ વિના ભક્તઅઘ[2] કોણ હરશે?
કલિ બધે વ્યાપિયો ધર્મ સંતાડિયો,
ધર્મસંસ્થાપના કોણ કરશે? .......ટેક.

નાસ્તિકો નગ્ન[3] થઇ વલ્ગના[4] બહુ કરે,
ઓચરે જેહ મન જેહ ભાવે,
ભક્તિ પંગુ થઈ અન્ય ખંડે ગઈ,
સર્વને શુષ્ક મન જ્ઞાન ભાવે. .......૧.

ત્યાગ-વૈરાગ્યની ઠેકડી સહુ કરે,
ભોગમાં મસ્ત થઈ જગ્ત ડોલે,
દાનવ્રતપૂજને ચિત્ત હા! નવ ઠરે;
વ્હેમ બાધા બધે સ્વૈર[5] ચાલે. .......૨.

ગુરુતણો રાફડો ચોદિશે ફાટિયો,
જેહને જે ગમે તેને મુંડે;
'મુંડને મોક્ષ' એ સૂત્ર સોંઘું થયું,
વ્યાસશાંડિલ્ય ગમ કોણ દોડે? .......૩.

આપપંથી બધા આત્મ નવ ઓળખે,
દેવને ભૂલી મંદિર પૂજે!
**રંગ** મૂગો થઇ તુંહિ તુંહિ ઓચરે,
તું વિના આન[6] નવ કાંઇ સૂઝે!! .......૪.

---

૧. ઘડપણ ૨. ભક્તોના પાપ ૩. નિર્લજ્જ થઇ; મર્યાદા મૂકી દઇ ૪. કૂદાકૂદ ૫. જેને જેમ ફાવે તેમ ૬. બીજું, અન્ય.

**મનકી હારે હાર હૈ, મનકી જીતે જીત.**

# ૮. શેં મુખે વર્ણવું કીર્તિ કિરતારની

શેં મુખે વર્ણવું કીર્તિ કિરતારની?
નેતિ નેતિ કહી વેદ થાક્યા;
સહસ્રદ્વય જીભથી શેષ વર્ણી રહ્યા,
શેષ નવ ગુણતણું તોએ પામ્યા !! ......ટેક.

પિંડ બ્રહ્માંડની ખંડ રચના કરી,
લક્ષ ચોરાસી યોનિ બનાવી;
ખાદ્ય ને પેય વળી અવનવું ત્યાં રચ્યું,
એકથી એક છે દિવ્ય ભારી. ......૧.

રવિ શશી તારલા વ્યોમ[1] માંહે ભર્યા,
મેઘમંડળ તણાં જૂથ ન્યારાં;
આભ વણથંભ અદ્ધર ધરી રાખિયું,
પ્હાડથી નીસરે વારિધારા! ......૨.

દિવસ ને રાત ઋતુકાળ નિશ્ચય કર્યો,
સર્વમાં દીસતી એક માઝા;
પવન ને પાણીની જોડ સાધી ઘણી,
એકથી સરજીયા ઘાટ ઝાઝા ......૩.

બિંદુથી સિંધુ નિર્માણ કોટિ કીધા,
નિયમથી બદ્ધ કરી તેહ થાપ્યા;
બાજી સારી રચી ખેલતો રચીપચી,
દેખીને સુરવરો[2] મોહ પામ્યા ......૪.

અકળ ગતિ તાહરી, મતિ ન ચાલે હરિ!
મૌનમાં મુનિજનો મોજ માણે;
**રંગ** કરગરી પડી પાંવ તુજ નરહરિ,
તું વિના આન નવ વેણ આણે! ......૫.

---

૧. આકાશ ૨. દેવો.

**મન હોય તો માળવે જવાય.**

## ૯. વિષયની વાતમાં વિષ્ણુ ભૂલી ગયા

વિષયની વાતમાં વિષ્ણુ ભૂલી ગયા,
રાખની આશમાં લાખ ખોયા;
દેહની ચિંતમાં દેવ કોરે રહ્યા,
મોહિની જાળમાં સર્વ મોહ્યા. ......ટેક.

પેટની વેઠમાં રાત-દિન આથડે,
શેઠની ભેટ નવ ક્યાંય થાતી;
આયુ એળે ગઇ, કરમકથની રહી,
રોઇ રોઇ થઇ આંખ રાતી. ......૧.

ગંગકાંઠે રહી તૃટ્[૧] થકી તડફડે,
બીકથી ફડફડે જીન મેલો;
કલ્પવૃક્ષે વસી ભૂખથી ટળવળે,
ભીખથી હરખતો જીવ ઘેલો. ......૨.

કહાન મન ના ઠરે, કામિની ચિત્ત હરે,
ભોગમાં ભગ્ન થઇ અંત કાયા,
પિંડપોષણ કરી પાપ પૈસો રળી,
નિરયમાં[૨] નાંખતી **રંગ** માયા. ......૩.

મન માર્યા વિના મુક્તિ નવ સાંપડે,
શુક્તિ[૩] જાણ્યા વિના ભ્રમ ન જાયે,
ભ્રમ ભાંગ્યા વિના બ્રહ્મ નવ આકળે,
ભવવ્યથા ના શમે કો ઉપાયે. ......૪.

---

૧. તરસ ૨. નરકમાં ૩. છીપ.

**મન ચંગા તો કથરોટમેં ગંગા.**

# ૧૦. જૂઠમાં જિંદગી જાય નર જો વહી

જૂઠમાં જિંદગી જાય નર જો વહી,
પાણીનું પૂર જયમ જાય દરિયે,
દિવસ ને રાત ઋતુકાળ ઝટપટ વહી,
જાય છે, ચેત નર મૂઢ જરીએ! ......ટેક.

શઠ તણી સંગતે સંતનિંદા કરી,
સાધુકૂથલી કરી મોજ માણે,
દેવ ને ધર્મની ઠેકડી બહુ કરી,
આપને અન્યથી સુજ્ઞ[1] માને! ......૧.

દામની દોડમાં કામિની સોડમાં,
નામની નેમમાં જીવન ખોતો;
પરદોષે કરી સૂક્ષ્મદૃષ્ટિ હરી,
આપની[2] એબમાં અંધ થાતો! ......૨.

સત્ય મુખ નવ ગમે અનૃતે[3] મન રમે,
ભ્રાન્તિમાં ચિત ભમે દિવસરાતી;[4]
પરધન દાર પરની તકાસે અતિ,
દાનમાં નવ ધરે પાઇ રાતી. ......૩.

દેહને અમર માની રમે વિષયમાં,
દમનને[5] ઢોંગ માની વખોડે;
આપપંથે પળી આત્મહત્યા કરી,
પાપનાં પોટલાં બાંધે કોડે[6]. ......૪.

આખર આકરી ચેત મન વાઘરી,
કાળ મન લેશ કરુણા ન આવે;
માર મારે અતિ શરણ એક શ્રીપતિ,
**રંગ** વકીલાત નવ અન્ય ફાવે! ......૫.

---

૧. ડાહ્યો ૨. પોતાની જાતની ૩.અસત્યમાં ૪. રાત ૫. ઇંદ્રિયનિગ્રહ ૬. હોંશે.

**મન ચંચલ છે, એને ચલ રાખો.**

# ૧૧. આવ દિગંબરા દત્ત કરુણાકરા

આવ દિગંબરા દત્ત કરુણાકરા,
તુજ વિના ચેન નવ કાંઈ પડતું;
ગેહઉદ્યોગમાં[૧], ચિત્ત નવ આ ઠરે,
વ્રેહના[૨] દુ:ખથી નિત્ય રડતું ........ટેક.

ખાન ને પાન મન ઝેર સમ લાગતાં
વસ્ત્ર વિભૂષણો પ્રેતભૂષા;
ઊંચી અટારી ને મેડી સમશાનવત્,
શૂન્ય ખાવા ધસે ભૂતવેષા! ........૧.

ગાય વિણ વાછડું દીન જ્યમ બાપડું,
ચંદ્ર વિણ સૂતકી કાળી રાતી;
માત વિણ તોક[૩] આક્રંદનો પાર નવ,
તું વિના દુ:ખથી ફાટે છાતી! ........૨.

કાષ્ઠ થઈ પાવડી પાંવની તુજ બનું,
મૃદ્[૪] બની કેશ કાળા પખાળું!
દેહ બાળી બનું ભસ્મ ભીતિહરા,
અંગ પર જો ધરે તું કૃપાળુ!! ........૩.

મૃગ થઈ [૫]વ્યાધથી દેહ વીંધાવું આ,
અજિન[૬] થઈ બેસવા કામ લાગું!
શ્વાન થઈ મંદિરે નિત્ય ચોકી કરું,
દરશ વિણ આન નવ કાંઈ માગું!! ........૪.

હૃદયમંચક[૭] કરી સાફ રાખ્યો હરિ,
પ્રેમજલ પાદ્યથી[૮] પગ ધોઉં;
સત્યશૌચાદિ પુષ્પે કરું અર્ચના,
બાળીને કામક્રુધ ધૂપ દેઉં! ........૫.

---

૧. ઘરધંધામાં ૨. વિયોગ ૩. બાળક ૪. માટી. ૫. શિકારી ૬. મૃગછાલા ૭. બાજઠ
૮. ગંધાક્ષતાદિથી યુક્ત પગ ધોવાનું પૂજાજળ.

**અભ્યાસ અને વૈરાગ્યથી મન પર કાબૂ મેળવી શકાય.**

દ્વૈત ભોજન ધરું પેય અઘ[1] આગળું,
**રંગ** તાંબૂલ[2] મુખશુદ્ધિ સારુ;
દોડ ને દોડ જોગીવરા શ્રીધરા,
તુજ વિના જીવન લાગે ખારું!! ........૬.

## ૧૨. <u>વંદન</u>

જે જે સ્થળે આ મન જાય મારું,
તે તે સ્થળે સદ્‌ગુરુ રૂપ તારું;
જ્યાં જ્યાં મૂકું મસ્તક હું ગુરો હે!
ત્યાં ત્યાં પદદ્વંદ્વ તારાજ સોહે!

## અવધૂત ચિંતન શ્રીગુરુદેવ દત્ત !

શ્રીમત્ પરમ સદ્‌ગુરુ શ્રીવાસુદેવાનંદસરસ્વતી
સ્વામી મહારાજ કી જય
ભગવતી રુકમામ્બા માત કી જય!
શ્રીમત્ સદ્‌ગુરુ શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ કી જય!
ગુરુદેવ દત્ત! ગુરુદેવ દત્ત!! ગુરુદેવ દત્ત!!!
નર્મદે હર!

---

૧. પાપ. ૨. વિષયાસક્તિ.

## ૧૩. રેવાગીતમ્

ગાયતિ રેવા રવ-મધુરમ્ ||ધ્રુવ||

હર હર ૐ ૐ, હર હર ૐ ૐ| હર હર ૐ ૐ હર હર ૐ|
સાયં પ્રાત: પ્રાત: સાયં, હર હર ૐ ૐ, સતતમિતિ||...ગાયતિ.

મેકલજાતા મનસિ વિભાતા| રૌતિ કલં કિમપીહ ચિરમ્|
ત્વમહમહં ત્વં, ત્વમહમહં ત્વં |
ત્વમહમહં ત્વં, ત્વમહમિતિ||...ગાયતિ.

તડિદુજ્જવલ જલમુખત: સ્તૌતિ | નીરઞ્ઝમ્ નાનારંઞ્ઝમ્ |
બ્રહ્માહં ત્વં બ્રહ્મૈવેદંજલશીકરવદભિન્નમિતિ||...ગાયતિ.

નર્મદા માત કી જય

## ઉષ:પ્રાર્થના-અર્થ

## ૮. શેં મુખે વર્ણવું કીર્તિ કિરતારની

આ સૃષ્ટિના સર્જનહારની કીર્તિનું વર્ણન કરતાં વેદો થાકી ગયા છે અને ‘ન આમ’ ‘આમ નહિ’ એવું કહે છે, બે હજાર જીભથી શેષનાગ એનું વર્ણન કરી રહ્યા હોવા છતાં એના થોડા ગુણ વિશે પણ જાણી શક્યા નથી તો પછી એની કીર્તિનું વર્ણન કરવાનું મારું શું ગજું? ........ટેક.

બ્રહ્માંડની પ્રતિકૃતિ સમી નાની એવી શરીર (પિંડ)ની રચના કરીને એણે ચોર્યાસી લાખ યોનિ ઉત્પન્ન કરી છે. એક એકથી ચઢે એવી ખાવાની અને પીવાની અવનવી દિવ્ય વસ્તુઓ ઉત્પન્ન કરી છે. ........૧.

આકાશને સૂર્ય, ચંદ્ર અને તારાથી મઢી દીધું છે. મેઘ-મંડળનાં અવનવાં જૂથ રાખ્યા છે. આકાશને વગર થાંભલે અદ્ધર ટાંગી દીધું છે. અને પર્વતમાંથી જલધારા વહે છે. ........૨.

**જ્યારે મન પ્રસન્ન થાય ત્યારે બુદ્ધિ સ્થિર થાય.**

દિવસ,રાત અને વિવિધ ઋતુઓનો સમય નિશ્ચિત કર્યો છે અને બધે એક પ્રકારની મર્યાદા દેખાય છે. પવન અને પાણીની એક બીજાથી ઘણી મદદ લીધી છે. અને એકમાંથી અનેક વસ્તુઓનું સર્જન કર્યું છે. ........૩.

એક બિંદુમાંથી કરોડો સાગરનું સર્જન કર્યું અને એ બધાને નિયમપૂર્વક અંકૂશમાં રાખ્યા છે. આવી સુંદર રમત રમીને તું એમાં રચી પચીને રમ્યા કરે છે. આ બધું જોઈને દેવો પણ મોહ પામ્યા છે. ........૪.

હે હરિ! તારી ગતિ અકળ છે અને મારી મતિ એ સમજી શકે એમ નથી. મુનિઓ તો મૌનમાં જ આનંદનો અનુભવ કરે છે. હે નરહરિ! **રંગ** તો તારા ચરણમાં પડીને તને કરગરી રહ્યો છે. તારા વિના હવે બીજી કોઈ વાત કરતો નથી. ........૫.

## ૯. વિષયની વાતમાં વિષ્ણુ ભૂલી ગયા

ભગવાનની માયાની જાળમાં બધા જ એવા મોહિત થયા કે વિષયો ભોગવવામાં વિષ્ણુને ભૂલી ગયા અને રાખ-ક્ષુલ્લક વસ્તુ- મેળવવા માટે લાખ રૂપિયાની કિંમતી વસ્તુ ગુમાવી દીધી. શરીરને સાચવ સાચવ કરવામાં દેવનું ધ્યાન રહ્યું નહિ. ........ટેક.

પેટની વેઠમાં રાત દિવસ આમ તેમ ભટક્યા કરે છે પરંતુ શેઠની મુલાકાત તો ક્યાંય પણ થતી જ નથી. એમાંને એમાં આખું જીવન નકામું જતું રહ્યું અને કરેલા કર્મોની વાતનું સ્મરણ રહ્યું. રડી રડીને આંખ રાતી ચોળ થઈ ગઈ. ........૧.

આ જીવ તો ગંગાકાંઠે રહીને પણ તરસથી તરફડે છે અને દુષ્ટ જીવનની બીકથી ફફડે છે-ખૂબ બીએ છે. કલ્પવક્ષ નીચે રહેતો હોવા છતાં ભૂખથી ટળવળે છે અને ભીખ માગીને જે મળે તેનાથી એ પામર જીવ રાજી રાજી થઈ જાય છે. ........૨.

ભગવાનમાં મન ચોંટતું નથી અને સ્ત્રી મનને આકર્ષે છે. વિષયભોગો ભોગવતાં ભોગવતાં આ શરીર આખરે જીર્ણ શીર્ણ થઈ ગયું. માયાને કારણે શરીરને પોષવા માટે પાપથી પૈસો કમાઈને પોતાની જાતને નરકમાં નાખી. ........૩.

મનને વશ કર્યા સિવાય મુક્તિ મળતી નથી. છીપનું જ્ઞાન થયા વિના ભ્રાંતિ ટળતી નથી. ભ્રમ ન ટળે ત્યાં સુધી બ્રહ્મ દર્શન થતું નથી. અને એના વગર કોઈપણ રીતે જન્મ-મરણની વ્યથા શાંત થતી નથી. ........૪.

## ૧૦. જૂઠમાં જિંદગી જાય નર જો વહી

હે માનવી! જેમ રેલ (પૂર)નું પાણી દરિયામાં ઝપાટાબંધ વહી જાય છે તેમ તારું જીવન જૂઠી પ્રવૃત્તિમાં વહી જાય છે. દિવસ, રાત અને બધી ઋતુઓનો સમય સપાટાબંધ જતો રહે છે. હે મૂઢ માનવી! તું જરા ચેત. ........ટેક.

લુચ્ચા (શઠ) માણસોની સોબતમાં સંતજનોની નિંદા કરીને અને સાધુ પુરુષોની નિંદા કરીને તેં આનંદ અનુભવ્યો. દેવની અને ધર્મની ઘણી ઠઠ્ઠા-મશ્કરી કરી અને તેં તારી જાતને બીજા બધા કરતાં ઘણી બુદ્ધિશાળી માની- ડાહી માની. ........૧.

પૈસા પાછળની આંધળી દોડમાં અને સ્ત્રીઓની સાથે સહવાસ માણવામાં અને કીર્તિ કમાવવામાં આખું જીવન વેડફી દીધું. બીજાના દોષો જોવાની ટેવને લીધે તારી સૂક્ષ્મ દૃષ્ટિ જતી રહી અને પરિણામે તારા પોતાના દુર્ગુણો તરફ તેં ઉપેક્ષાવૃત્તિ રાખી. ..૨.

સાચું બોલવાનું ગમે નહિ, જુઠું બોલવામાં મનને મઝા પડે અને દિવસ રાત ચિત્ત ભ્રમમાં જ ભમ્યા કરે છે. પારકું ધન અને પારકાની સ્ત્રી ઉપર જ તારી નજર ફર્યા કરે છે. અને એક કાણી કોડી પણ તું દાનમાં આપતો નથી. ........૩.

આ શરીર કાયમ રહેવાનું છે એમ માનીને તું વિષયો ભોગવે છે. અને ઇંદ્રિયસંયમને ઢોંગ ગણીને એની ટીકા કરે છે. સ્વસુખની વિચારધારામાં જીવીને તું આપઘાત જ કરે છે અને પાપના પોટલાં પ્રેમથી બાંધે છે. ........૪.

હે વાઘરીના સ્વભાવવાળું મન! તું ચેતી જા. અંતકાળ ખૂબ જ આકરો હોય છે. તે સમયે કાળના મનમાં સ્હેજ પણ દયા નહિ આવે. એ તને અતિશય દુ:ખ આપશે ત્યારે કેવળ ભગવાનનું શરણ જ મદદે આવશે. હે રંગ! ત્યાં પછી બીજાની વકીલાત ચાલતી નથી. ........૫.

# પ્રાર્થના-ગુરુવાર

## ૧. દત્તપ્રબોધસ્તવઃ ।

અજિતામૃતયોગનિદ્રિતાચ્યુતશક્તે: સ્વકૃતાતિમોહિત।
ધ્રુમુખે શ્રુતિબન્દિગીતતો ભગવગ્જાગૃહિ જાગૃહિ ત્ર્યધીટ્ ॥

નિત્યો હિ યસ્ય મહિમા ન હિ માનમેતિ
સ ત્વં મહેશ ભગવન્મઘવન્મુખેડ્ય ।
ઉત્તિષ્ઠ તિષ્ઠદમૃતૈરમૃતૈરિવોકતૈર્-
ગીતાગમૈશ્ચ પુરુધા પુરુધામશાલિન્ ॥૧॥

ભકતેષુ જાગૃહિ મુદા હિ મુદારભાવં
તલ્પં વિહાય સવિશેષ વિશેષહેતોઃ ।
યઃ શેષ એષ સકલઃ સકલસ્વગીતૈ-
સ્ત્વં જાગૃહિ શ્રિતપતે તપતે નમસ્તે ॥૨॥

દૃષ્ટવા જનાન્ વિવિધ કષ્ટવશાન્દયાલુ-
સ્ત્ર્યાત્મા બભૂવ સકલાર્તિહરોડત્ર દત્તઃ ।
અત્રેર્મુનેઃ સુતપસોડત્ર ફલં ચ દાતું
બુધ્યસ્વ સ ત્વમિહ યન્મહિમાનિયત્તઃ ॥૩॥

આયાત્યશેષવિનુતોડપ્યવગાહનાય
દત્તોડધુનેતિ સુરસિન્ધુરપેક્ષતે ત્વામ્ ।
ક્ષેત્રે તથૈવ કુરુસંજ્ઞક એત્ય સિદ્ધા-
સ્તસ્થુસ્તવાચમનદેશ ઈનોદયાત્પ્રાક્ ॥૪॥

સન્ધ્યામુપાસિતુમજોડપ્યધુનાગમિષ્ય-
ત્યાકાંક્ષતે કૃતિજનઃ પ્રતિવીક્ષતે ત્વામ્ ।
કૃષ્ણાતટેડપિ નરસિંહસુવાટિકાયાં
સારાર્તિકઃ કૃતિજનઃ પ્રતિવીક્ષતે ત્વામ્ ॥૫॥

**મન મહાન જાદુગર છે અને ચિત્રકાર પણ છે.**

ગન્ધર્વસંજ્ઞકપુરેડપિ સુભાવિકાસ્તે
ધ્યાનાર્થમત્ર ભગવાન્સમુપૈષ્યતીતિ ।
મત્વાસ્થુરાચરિતસંનિયતાપ્લવાદ્યા
ઉત્તિષ્ઠ દેવ ભગવન્નત એવ શીઘ્રમ્ ॥૬॥

પુત્રી દિવ: ખગગણાન્સુચિરં પ્રસુપ્તા-
નુત્પાતયત્યરુણગા અધિરુહ્ય તુષા: ।
કાષાયવસ્ત્રમપિધાનમપાવૃણૂધ્યન્
તાર્ક્ષ્યાગ્રિજોડયમવલોકચ તં પુરસ્તાત્ ॥૭॥

શાટીનિભાભ્રપટલાનિ સુરેન્દ્રકાષ્ઠા-
ભાગં યતીન્દ્ર રુરુધુર્ગરુડાગ્રજોડત: ।
અસ્માભિરીશ વિદિતો હ્યુદિતોડયમેવ
ચન્દ્રોડપિ તે મુખરુચિં ચિરગાં જહાતિ ॥૮॥

દ્વારેડર્જુનસ્તવ ચ તિષ્ઠતિ કાર્તવીર્ય:
પ્રહલાદ એષ યદુરેષ મદાલસાજ: ।
ત્વાં દ્રષ્ટુકામ ઈતરે મુનયોડપિ ચાહ-
મુતિષ્ઠ દર્શય નિજં સુમુખં પ્રસીદ ॥૯॥

એવં પ્રબુદ્ધ ઈવ સંસ્તવનાદભૂત્સ
માલાં કમંડલુમથો ડમરું ત્રિશૂલમ્ ।
ચક્રં ચ શંખમુપરિસ્થકરૈર્દધાનો
નિત્યં સ મામવતુ ભાવિતવાસુદેવ: ॥૧૦॥

મનના સંકલ્પો જ સૃષ્ટિનું સર્જન કરે છે.

## ૨. બિરુદાવલિ-ચતુષ્ટય

૧. અખંડભૂમંડલાચાર્ય, વૈદિકધર્મપ્રચારક, યોગમાર્ગપ્રવર્તક, અત્રિવરદ, અનસૂયાનંદન, પરબ્રહ્મસ્વરૂપ, શ્રીમદ્ દત્તાત્રેયાવધૂતો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ॥

૨. સકલવિદ્યાવારિધિ-પારગ, ઋતંભરપ્રજ્ઞાપારમિત, શાસ્ત્રવિહિતાચારવિગ્રહ, રચિતાખિલદત્તવાઙ્મય, યોગશ્રી-વિલસિત-વદનામ્બુજ, ગણેશ-રમા-મ્બાનન્દન, પરમહંસ-પરિવ્રાજકાચાર્ય, દત્તાત્રેયાત્મક યતિવર, શ્રીમદ્વાસુદેવાનન્દો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ॥

૩. સમસ્તજગદુત્પત્તિ- સ્થિતિ - પ્રલયકારક પ્રરબ્રહ્માપરાવતાર-શ્રીમદ્-રંગાવધૂત-જનિપાલનકારણભૂતા, નાનાવિધ-કલેશ-કલમેષ્ટ-મિત્રમંડલસહિતા, નારેશ્વરાશ્રમ-ભારધારણ-નિપુણા, રંગરાજભિક્ષાન્નપાત્ર-પૂરણ-પ્રવણાન્નપૂર્ણા, જગન્માતૃપદમવસ્થિતા, પરામ્બા, શ્રીમતી ભગવતી રુક્મામ્બા વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ॥

૪. અનન્તકોટિબ્રહ્માંડનાયક, જ્ઞાનકર્મોપાસના-માર્ગત્રયપ્રવર્તક, દકારાદિ-દિવ્યવિદ્યાપ્રદાયક, શ્રીમદ્દત્તાત્રેયાપરાવતાર, વિઠ્ઠલરુકમામ્બાનંદન, યતિવર, શ્રીમદ્ ભગવદ્ રંગાવધૂતો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ॥

**મનનો મેલ ધોવાય ત્યારે ઈશ્વર દર્શન થાય.**

## ૩. મંગલ આરતી

## આનંદવાજાં વાગે ગગનમાં

(રાગ-મિશ્ર કલ્યાણ; તાલ-ધુમાલી)

આનંદવાજાં વાગે ગગનમાં,
ઘણણણ ઘંટા ભેરી! (૨)
મંગલ આરતી થાએ મારા ગુરુની,
મંગલ આરતી કરું મારા ગુરુની,
સત્ ચિત્ આનંદ હેલી! (૨) .........ટેક.

બ્રહ્માહરિહર એક સ્વરૂપે (૨),
કરે અગમગઢ કેલિ! (૨)
શૂન્ય શિખર પર શબ્દ સૂણાએ (૨),
ચાલ દોડ અલબેલી!! .........આનંદ. ૧.

પ્રાણ-પડઘમે શ્વાસા દાંડી (૨),
ઘડુડુડુ નોબત ઘેરી! (૨)
શબ્દ અશબ્દની વચમાં હેલી (૨),
નાચે અપસરા ઘેલી!!(૨) .........આનંદ. ૨.

થેઈ થેઈ થન્‌થન્ ઘડુડુડુ ઘમ્‌ઘમ્ (૨)
ખમા ખમા રંગરેલી (૨),
જ્ઞાન-વિજ્ઞાને જ્યોતિ પ્રગટતાં (૨),
પિંડ બ્રહ્માંડની હોળી!!(૨) ...આનંદ.૩.

આપહી ગાવત આપ બજાવત (૨)
ફિરે આપ ફંફેરી (૨);
જ્યાં ત્યાં આપે આપ ભરાયો (૨)
એહી દેવ યહ ડેરી!!(૨) .........આનંદ. ૪.

બં બં ભોલા ગુરુ ગિરનારી (૨),
દત્ત દિગંબર લ્હેરી (૨),
સૂરત નૂરત બીચમેં મૂરત (૨)
દેખે **રંગ** ગુરુચેરી!!(૨) ...આનંદ.૫.

**પહેલું મૌન વાણીનું, છેલ્લું મૌન વિચારનું.**

## ૪. સમર્પણ

કર્પૂરપૂરેણ મનોહરેણ, સુવર્ણપાત્રોદરસંસ્થિતેન ।
પ્રદીપ્તભાસા સહ સંગતેન, નીરાજનં તે જગદીશ કુર્વે ॥
કર્પૂરગૌરં કરુણાવતારં સંસારસારં ભુજગેન્દ્રહારમ્ ।
સદા વસન્તં હૃદયારવિંદે ભવં ભવાનીસહિતં નમામિ ॥

મંગલં ભગવાન્ વિષ્ણુર્મંગલં ગરુડધ્વજઃ ।
મંગલં પુંડરીકાક્ષો મંગલાયતનં હરિઃ ॥
સર્વમંગલમાંગલ્યે શિવે સર્વાર્થસાધિકે ।
શરણ્યે ત્ર્યંબકે ગૌરિ નારાયણિ નમોઽસ્તુ તે ॥

## અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

શાન્તં યોગીન્દ્રવર્યં દ્વિજકુલતિલકં શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠં
દત્તાત્રેયં સ્મરન્તં જનહિતનિરતં સચ્ચિદાનંદમગ્નમ્ ।
સિદ્ધં રેવાતટસ્થં નિજપરરહિતં નિત્યમત્તાવધૂતં
સન્તં નારેશ્વરસ્થં મથિતકલિમલં પાંડુરંગં નમામિ ॥

**આસક્તિ એટલે આ સકતી, જા નહિ સકતી.**

# ૫. અથ પ્રાતઃસ્મરણમ્ ।

પ્રાતર્નમામિ ભગવન્તમનન્તમાદ્યં
સચ્ચિત્સુખાત્મકશિરસ્ત્રિતયં દધાનમ્ ।
ઐશ્વર્યવીર્યયશઆદિભુજૈર્લસન્તં
તં દેવમત્રિવરદં નતદત્તસર્વમ્ .......।૧।

સર્વાત્મકં સકલવંદિતપાદપીઠં
ભક્તાનુરૂપધૃતરૂપમનેકમેકમ્ ।
શાન્તં સદેકનિલયં નિલયાદિહીનં
તં પ્રાત્યવાતરશનં રસનાતિગં કમ્ .......।૨।

યસ્મિન્નિદં જગદશેષમનુપ્રવિષ્ટં
વસ્ત્રે ગુણા ઈવ ગુણાતિગમપ્રમેયમ્ ।
વેદશ્વભિઃ પ્રતિદિનં બહુ શોભમાનં
ભૂતૈઃ સ્મશાનકુહરે તમતકર્યલીલમ્ .......।૩।

માયાપતિં પતિવિહીન નિરસ્તમાયં
યં યોગિભોગિજટિમુણ્ડિન આસ્તુવન્તિ ।
નેતીતિ વેદનિવહાઃ ખલુ યત્ર મૂકાઃ
કોઽહં સ્તવે નુ ભગવન્ પ્રણતોઽસ્મ્યતો હિ .......।૪।

રંગેણ વિહિતં સ્તોત્રં ચતુઃશ્લોક સમન્વિતમ્ ।
યઃ પઠેત્પ્રાતરુત્થાય તસ્યાહઃ સુખદં ભવેત્ .......।૫।

કામના મરે એવા ઉપાયો જ કામના.

## ૬. ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના

ઊઠ અઘભંજના[૧] દત્ત મુનિરંજના,
સંસૃતિગંજના[૨] વિશ્વમૂર્તે!
પૂર્ણ કરી કામના સત્ય કર નામના,
દુઃખ હર વામના ભવ્યમૂર્તે!! ......ટેક.

ભક્ત આવી ખડા બારણે બાપડા,
હાથમાં લઇ પડા પુષ્પફળના;
મંદ હાસ્યે કરી ભવચિંતા હરી,
શાંતિ દે નરહરિ શ્યામવરણા. ......૧.

અંત અનંત ના જો હવે ચિદ્‌ઘના,
ના રહે તુજ વિના પ્રાણ ઝાઝા;
શે થયો ચંદ્રમા તપ્ત? પૃથ્વી ક્ષમા,
છોડી દે અર્યમા[૩] કેમ માઝા? ......૨.

શરણ ભાવે થતાં ના રહે ત્યાં કથા
દુઃખની હે તતા[૪]! બ્રિદ તારું;
કેમ ભૂલી દમે ભક્તજન આ સમે?
કાં ઉપેક્ષા ગમે? દૈવ મારું! ......૩.

દાર[૫] ઘર વિસરી ત્વત્પદે નત હરિ!
જનિમૃતિ[૬] સંહરી તાર વેગે;
ભ્રાન્ત[૭] ભવકાનને શ્રાન્ત[૮] શાસ્ત્રાટને,
ક્ષાળ[૯] કર્દમ[૧૦] મુને! જ્ઞાનમેઘે ......૪.

વિષયધૂલી ઊડે સૂઝ કંઇ નવ પડે,
આંખ ચોળી રડે જીવ હારી,
[૧૧]વિરતિજલધારથી [૧૨]બોધઆસારથી,
સ્વાત્મવિચારથી ઠાર હાળી[૧૩]. ......૫.

---

૧. પાપનો નાશ કરનાર ૨. સંસારને જીતનાર ૩. પિતૃઓના અધિષ્ઠાતા ૪. હે તાત! ૫. સ્ત્રી ૬. જન્મ-મરણ ૭. ભૂલો પડેલો ૮. થાકેલો ૯. ધો ૧૦. વિષયરૂપી કાદવ ૧૧. વૈરાગ્ય ૧૨.બોધરૂપી વરસાદના ઝાપટાંથી ૧૩. (જીવરૂપી) ખેડૂત.

**ભક્તિ માતા જ્ઞાનની, કરે વિભક્તિ દૂર.**

દોડ સદ્‌ગુરુવરા કર હવે તો ત્વરા,
આવી આખર જરા[1] કાળદૂતી,
**રંગ** શિરનો ફર્યો ચિત્તમળ ના ગળ્યો,
વ્યર્થ દોડી મર્યો કરમ કૂટી! ......૬.

## ૭. જાગ્યને જોગીડા દત્ત દિગંબરા

જાગ્યને જોગીડા દત્ત દિગંબરા,
તુજ વિના ભક્તઅઘ[2] કોણ હરશે?
કલિ બધે વ્યાપિયો ધર્મ સંતાડિયો,
ધર્મસંસ્થાપના કોણ કરશે? .......ટેક.

નાસ્તિકો નગ્ન[3] થઇ વલ્ગના[4] બહુ કરે,
ઓચરે જેહ મન જેહ ભાવે,
ભક્તિ પંગુ થઈ અન્ય ખંડે ગઈ,
સર્વને શુષ્ક મન જ્ઞાન ભાવે. .......૧.

ત્યાગ-વૈરાગ્યની ઠેકડી સહુ કરે,
ભોગમાં મસ્ત થઈ જગ્ત ડોલે,
દાનવ્રતપૂજને ચિત્ત હા! નવ ઠરે;
વ્હેમ બાધા બધે સ્વૈર[5] ચાલે. .......૨.

ગુરુતણો રાફડો ચોદિશે ફાટિયો,
જેહને જે ગમે તેને મુંડે;
‘મુંડને મોક્ષ’ એ સૂત્ર સોંઘું થયું,
વ્યાસશાંડિલ્ય ગમ કોણ દોડે? .......૩.

આપપંથી બધા આત્મ નવ ઓળખે,
દેવને ભૂલી મંદિર પૂજે!
**રંગ** મૂગો થઇ તુંહિ તુંહિ ઓચરે,
તું વિના આન[6] નવ કાંઇ સૂઝે!! .......૪.

---

૧. ઘડપણ ૨. ભક્તોના પાપ ૩. નિર્લજ્જ થઇ; મર્યાદા મૂકી દઇ ૪. કૂદાકૂદ ૫. જેને જેમ ફાવે તેમ ૬. બીજું, અન્ય.

**મોક્ષ એટલે મોહનો ક્ષય.**

# ૮. ભાવ વિણ ભક્તિ નવ કામ આવે કદી

ભાવ વિણ ભક્તિ નવ કામ આવે કદી,
ભૂખ વિણ ભાખરી વ્યર્થ ઝેરી;
સ્નેહ[1] વિણ દીપકળી કેમ ઓપે સહી,
કલીબની[2] વલ્ગના ગગનઘેરી! ......ટેક.

પ્રેમ ત્યાં નિત્ય પરમેશ હાજર ખડો,
ઢોંગથી ઢૂકડો દૂર નાસે;
નાટકી ઠાઠથી કાટ નવ નીસરે,
કામ ત્યાં રામ કદીયે ન ભાસે! ......૧.

ઠાઠ ઉપર કર્યો મેલ માંહે ભર્યો,
ખેલ ખેલાડીનો પેટ ભરવો;
હરિ હરિ રાતદિન મુખ થકી ઓચર્યો,
આંસુ પાડી મૂવો ભાંડ ભડવો. ......૨.

કૂડ ને કપટ કુકર્મ માંહે ભર્યાં,
બહારથી તિલક ને છાપ દીધાં,
માળ ને ટાળથી[3] મૂઢ જન છેતર્યાં,
મીઠડી વાણીથી કવન કીધાં!! ......૩.

પિયુ પિયુ ઓચરી વન બપૈયો મૂવો,
પિયુ તણો શોધ[4] નવ ક્યાંય લાગ્યો,
કાળની જાળમાં અંત જઇ સાંપડ્યો,
પાંખ ફફડાવીને વ્યર્થ રોયો! ......૪.

ભજન અમૃત તણું અશન[5] વિષનું ઘણું,
અમર તે કાય તુજ કેમ થાશે?
ગાન મુખ રામનું ધ્યાન તો દામનું,
ચામનું, **રંગ** ક્યમ મુક્તિ થાશે? ......૫.

---

૧. તેલ ૨. નપુંસક ૩. કરતાલ ૪. શોધ શબ્દ પુંલિંગ ને સ્ત્રીલિંગ બંને છે ૫. ખાણું.

**ક્ષણે ક્ષણે શીર્યતે- ક્ષણે ક્ષણે ઘસાય- તે શરીર.**

# ૯. વિષયની વાડીમાં જીવ ભૂલો પડ્યો

વિષયની વાડીમાં જીવ ભૂલો પડ્યો
વિષયપુષ્પે ભમે મૂઢ ઘેલો;
રૂપ ને રંગમાં મોહી ખળસંગમાં,
આયુ એળે ખુએ રાંડચેલો. ......ટેક.

શ્વાનને હાડથી પ્રીત લાગી ઘણી,
દ્વેષથી ઝાડની ઓથે ધાએ,
દાઢથી સ્રાવ જે થાય તે હાડનો,
માની મનમાં અતિ ખુશ થાએ. ......૧.

સ્વાત્મસુખ પરિહરી નિઘ્નઈન્દ્રિય[1] થઈ,
આપથી આપને મૂઢ બાંધે;
અંત જર્જર થઈ કાળજાળે પડી,
મત્સ્ય સમ તરફડી પ્રાણ કાઢે! ......૨.

ભક્તિ મન ના ગમે ભાંડભવાઈ રમે,
ખાન ને પાનમાં મસ્ત રહેતો;
રાનમાં અંત જઈ રાખ થઈ લેટતો,
ફરી ફરી ગર્ભમાં દુ:ખ સહેતો! ......૩.

કીટ[2] કર્મે કરી વમળમાં જઈ પડ્યો,
એકથી અન્યમાં એ તણાએ;
દેખે દયાળુ તો બહાર કાઢી મૂકે,
વૃક્ષ નીચે ઠરી શાંત થાએ. ......૪.

એમ સદ્‌ગુરુ તણી દૃષ્ટિ જો નર પડી,
ભ્રમણપરંપરા તો જ ખૂટે;
શાંતતટ હાથ લાગે ફરી પુણ્યનો,
ઉદય જો થાય તો બંધ તૂટે. ......૫.

---
૧. ઇંદ્રિયોને વશ ૨. કીડો.

**મૌન એ વાર્તાલાપની મહાન કલા છે.**

ચેત ને ચેત નર નરક ખર કાં ચુથે,
વીતી વેળા નહિ હાથ આવે;
વાસના-વસ્ત્ર મેલાં ત્યજી, નાથને
રંગના પ્રેમથી નિત્ય ગાએ! ......૬.

સાર નરદેહનો એ જ શાસ્ત્રે કથ્યો,
સુરિજનો[૧] એહમાં મોજ માણે;
જે મુખ રામ નહિ ધૂળ મુખ એ પડી,
શ્વાન સૂકર[૨] સમો જન્મ તાણે. ......૭.

## ૧૦. આવ દિગંબરા દત્ત કરુણાકરા

આવ દિગંબરા દત્ત કરુણાકરા,
તુજ વિના ચેન નવ કાંઈ પડતું;
ગેહઉદ્યોગમાં[૩], ચિત્ત નવ આ ઠરે,
વ્રેહના[૪] દુ:ખથી નિત્ય રડતું ........ટેક.

ખાન ને પાન મન ઝેર સમ લાગતાં
વસ્ત્ર વિભૂષણો પ્રેતભૂષા;
ઊંચી અટારી ને મેડી સમશાનવત્,
શૂન્ય ખાવા ધસે ભૂતવેષા! ........૧.

ગાય વિણ વાછડું દીન જયમ બાપડું,
ચંદ્ર વિણ સૂતકી કાળી રાતી;
માત વિણ તોક[૫] આક્રંદનો પાર નવ,
તું વિના દુ:ખથી ફાટે છાતી! ........૨.

કાષ્ઠ થઈ પાવડી પાંવની તુજ બનું,
મૃદ્[૬] બની કેશ કાળા પખાળું!
દેહ બાળી બનું ભસ્મ ભીતિહરા,
અંગ પર જો ધરે તું કૃપાળુ!! ........૩.

૧. જ્ઞાનીઓ ૨. ડુક્કર ૩. ઘરધંધામાં ૪. વિયોગ ૫. બાળક ૬. માટી.

**મૌનને જ પ્રેમ જેવું ઊંડાણ છે.**

મૃગ થઇ [1]વ્યાધથી દેહ વીંધાવું આ,
અજિન[2] થઇ બેસવા કામ લાગું!
શ્વાન થઇ મંદિરે નિત્ય ચોકી કરું,
દરશ વિણ આન નવ કાંઇ માગું!! ........૪.

હૃદયમંચક[3] કરી સાફ રાખ્યો હરિ,
પ્રેમજલ પાદ્યથી[4] પગ ધોઉં;
સત્યશૌચાદિ પુષ્પે કરું અર્ચના,
બાળીને કામક્રુધ ધૂપ દેઉં! ........૫.

દ્વૈત ભોજન ધરું પેય અઘ[5] આગળું,
**રંગ** તાંબૂલ[6] મુખશુદ્ધિ સારુ;
દોડ ને દોડ જોગીવરા શ્રીધરા,
તુજ વિના જીવન લાગે ખારું!! ........૬.

## ૧૧. દરદીનું દરદ એક દરદી જાણી શકે

દરદીનું દરદ એક દરદી જાણી શકે,
આન મન દેખીને હાંસી આવે;
વ્રેહની ઝાળ એક વિરહી પરખી શકે,
કલ્પના આનને અલ્પ ના'વે. ......ટેક.

રડી રડી આંખડી સૂજી થઇ રાતડી,
રાતડી જુગ સમી લાગે કારી;
નિંદ આવે નહિ જાગ ભાવે નહિ,
ઊઠબેસે તૂટી તંગ[7] મારી! ......૧.

આવ ને આવ અવધૂત દિગંબરા,
ક્યાં લગી અંત અનંત જોશે?
કંથ વિણ કામિની પંથ શેં લાધશે?
માત વિણ તોકગતિ શી જ થાશે? ......૨.

૧. શિકારી ૨. મૃગછાલા ૩. બાજઠ ૪. ગંધાક્ષતાદિથી યુક્ત પગ ધોવાનું પૂજાજળ ૫. પાપ ૬. વિષયાસક્તિ ૭. ટાંગ, પગ.

**મૌન એકાન્ત આત્માનો પરમ મિત્ર છે.**

આપું શું તુજને સર્વદાતા હરે?
વિધિ હરિ હર કરે તુજ સેવા!
ધ્રુવ ઉપમન્યુએ આપ્યું શું ભૂધરા,
જે થકી પામિયા મિષ્ટ મેવા? ......૩.

શુષ્ક કાષ્ઠે હરિ પત્ર આણ્યાં ફરી[૧],
રજકને રાજ દીધું અઘારિ;[૨]
સતીપતિ ઊઠવી[૩] દુષ્ટ ભગ[૪] ટાળિયું,
એકલો રંગ કાં દીધ વિસરી? ......૪.

કોટિ દોષે કરી પૂર્ણ હું નરહરિ,
તુજ તણો જગ્તમાં દાસ કહાઉં;
માર કે તાર તુજ દ્વાર આવી ખડો,
લાજ જાશે યદિ[૫] ખાલી જાઉં! ......૫.

## ૧૨. વંદન

જે જે સ્થળે આ મન જાય મારું,
તે તે સ્થળે સદ્‌ગુરુ રૂપ તારું;
જ્યાં જ્યાં મૂકું મસ્તક હું ગુરો હે!
ત્યાં ત્યાં પદદ્વંદ્વ તારાજ સોહે!

## અવધૂત ચિંતન શ્રીગુરુદેવ દત્ત !

શ્રીમત્ પરમ સદ્‌ગુરુ શ્રીવાસુદેવાનંદસરસ્વતી
સ્વામી મહારાજ કી જય
ભગવતી રુકમામ્બા માત કી જય!
શ્રીમત્ સદ્‌ગુરુ શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ કી જય!
ગુરુદેવ દત્ત! ગુરુદેવ દત્ત!! ગુરુદેવ દત્ત!!!
નર્મદે હર!

---

૧.મહારાષ્ટ્રમાં થઇ ગયેલ દત્તાવતાર શ્રીપાદશ્રીવલ્લભ અને નૃસિંહસરસ્વતીની લીલાઓનું સૂચન છે જુઓ: શ્રીગુરુલીલામૃત (કર્મકાંડ) ૨.પાપનો નાશ કરનાર ૩. સજીવન કરી ૪. પ્રારબ્ધ, નસીબ ૫. જો.

**મૌન માત્ર વાણીનું નહિ, વિચારનું પણ હોવું જોઇએ.**

# ૧૩. રેવાગીતમ્

ગાયતિ રેવા રવ-મધુરમ્ ||ધ્રુવ||

હર હર ૐ ૐ, હર હર ૐ ૐ| હર હર ૐ ૐ હર હર ૐ|

સાયં પ્રાત: પ્રાત: સાયં, હર હર ૐ ૐ, સતતમિતિ||...ગાયતિ.

મેકલજાતા મનસિ વિભાતા| રૌતિ કલં કિમપીહ ચિરમ્|

ત્વમહમહં ત્વં, ત્વમહમહં ત્વં |

ત્વમહમહં ત્વં, ત્વમહમિતિ||...ગાયતિ.

તડિદુજ્જ્વલ જલમુખત: સ્તૌતિ | નીરઝંમ્ નાનારંઝંમ્ |

બ્રહ્માહં ત્વં બ્રહ્મૈવેદંજલશીકરવદભિન્નમિતિ||...ગાયતિ.

નર્મદા માત કી જય

# ઉષ:પ્રાર્થના-અર્થ

## ૮. ભાવ વિણ ભક્તિ નવ કામ આવે કદી

જેમ વગર ભૂખે ખાવાનું (ભાખરી) ઝેર જેવું લાગે છે, જેમ તેલ વિના દિવાની જ્યોત બરાબર પ્રકાશતી નથી, અને જેમ નપુંસકની આકાશને ગજવતી કૂદાકૂદ અર્થ વગરની છે તેમ ભાવ વગરની ભક્તિ કોઈ દિવસ કારગત નિવડતી નથી. ........ટેક.

જ્યાં પ્રેમ છે ત્યાં પરમેશ્વર હાજર હોય છે અને ઊભો હોય છે. ઢોંગ જોઈને એ પાસે હોય તો પણ દૂર ભાગી જાય છે. બાહ્યાડંબરથી મન નિર્મળ થતું નથી અને કામવાસનાથી ભરેલા મનમાં કદીએ રામ દેખાતો નથી. ........૧.

મનમાં કૂડ કપટનો મેલ ભરેલો છે અને બહારથી તો ભપકો કર્યો છે, આ તો પેટ ભરવા માટેનો ખેલાડીની મેલી રમત છે. રાત દિવસ મુખેથી 'હરિ હરિ' બોલ્યા કર્યું અને એ ભડવો ખોટું ખોટું રડી રડીને જીવ્યો. ........૨.

મનમાં તો કૂડ કપટ અને કુકર્મના વિચારો ભર્યા છે અને બહારથી તો કપાળે તિલક કર્યું છે અને ધર્મ ચિન્હ ચિતર્યું છે. હાથમાં માળા અને કરતાલ રાખીને અને મુખેથી મધમીઠા શબ્દોથી કીર્તન કરીને ભોળા માણસોને છેતરે છે. ........૩.

**મૌનના ઝાડને સત્યમ્, શિવમ્ અને સુંદરમ્નાં ફળ લાગે છે.**

જંગલમાં ચાતક(બપૈયો) પક્ષી 'પીયુ' 'પીયુ' નો પોકાર કરીને મરી ગયું પણ એને ક્યાંયે 'પીયુ'ના દર્શન થયા નહિ. અને આખરે મૃત્યુની જાળમાં જઇ પડ્યો અને પાંખો ફફડાવી ફફડાવીને નાહકનો પસ્તાયો. ........૪.

અમૃતભર્યું ભજન તો કર્યું પણ જીવન વ્યવહાર ઝેરરૂપ રાખ્યો પછી તારી કાયા ક્યાંથી અમર થવાની? મુખથી ભગવાનનું નામ લીધું પણ મન તો પૈસામાં અને શારીરિક સુખમાં જ રમતું રહ્યું. પછી હે જીવ! તારી કેવી રીતે મુક્તિ થશે? ........૫.

# ૯. વિષયની વાડીમાં જીવ ભૂલો પડ્યો

આ વિષયોપભોગની વાડીમાં જીવ ભૂલો પડ્યો છે અને એ મૂઢ ઘેલો ઘેલો થઇને વિષયરૂપી ફૂલો પર ફરે છે. રૂપ, રંગ અને લુચ્ચા માણસોના સહવાસમાં એ સ્ત્રી ઘેલો પોતાનું આયુષ્ય વેડફી નાંખે છે. ........ટેક.

કૂતરાને હાડકામાં ખૂબ આસક્તિ હોવાથી એ હાડકું કોઇ પડાવી ન લે એવા દ્વેષભાવથી ઝાડની ઓથમાં દોડી જતો રહે છે. અને હાડકું ચાવે છે. એ વખતે કૂતરાની દાઢ (પેઢુ)માંથી જે લોહી નીકળે છે તે લોહી હાડકામાંથી મળે છે એવું માનીને કૂતરો મનમાં ને મનમાં રાજી રાજી થઇ જાય છે. ........૧.

ઇંદ્રિયોને વશ થવાને લીધે મૂઢ જીવ આત્મસુખ જતું કરીને પોતે જ પોતાની જાતને બંધનમાં નાંખે છે. છેવટે ખૂબ જર્જરીત થઇને મૃત્યુંની જાળમાં સપડાઇને માછલીની માફક તરફડી તરફડીને મૃત્યુ પામે છે. ........૨.

મનને ભક્તિ ગમતી નથી પણ ભાંડ ભવાઇમાં મન મઝા માણે છે. ખાવા-પીવામાં એ રચ્યો-પચ્યો રહે છે. આખરે જંગલમાં (સ્મશાનમાં) જઇને રાખ થઇને જીવન સમાપ્ત થતું અને વારે વારે જન્મનું દુ:ખ સહન કરતો. ........૩.

પોતાના કર્મવશ કીડો પાણીના વમળમાં પડી ગયો અને પરિણામે એક વમળમાંથી બીજા વમળમાં એ તણાયે જાય છે. જો કોઇ દયાળુ વ્યક્તિ એ જોઇને કીડાને બહાર કાઢે તો પછી એ કીડો ઝાડની નીચે સ્થિર બેસીને પછી શાંતિ અનુભશે. ......૪.

એવી જ રીતે જો માનવી (શિષ્ય) પર શ્રીસદ્‌ગુરુની દયાદષ્ટિ પડે તો જ ભ્રમણાની સાંકળનો અંત આવે અને પુણ્યનો શાંત કિનારો હાથ લાગે. જો જ્ઞાન સૂર્યનો ઉદય થાય તો જ જન્મબંધન ટળી જાય. ........૫.

હે જીવ! તું હવે ચેતી જા. હે મૂરખ નર! તું શું કામ (વિષયોપભોગરૂપી) વિષ્ટા ચૂંથ્યા કરે છે. વિતેલો સમય પાછો આવતો નથી. વાસનારૂપી મેલાં વસ્ત્રો છોડીને પ્રેમથી રંગના-નાથના પ્રેમથી ગુણગાન ગાઇ લે. ........૬.

**મૌન એક ઉત્તમ ભાષણ છે.**

શાસ્ત્રોએ આને જ માનવ જન્મનું પરમલક્ષ્ય માન્યું છે. જ્ઞાનીઓ એમાં જ નિજાનંદનો અનુભવ કરે છે. જેના મુખમાં રામનું નામ નથી એ મુખની કોઇ કિંમત નથી. આવી વ્યક્તિ તો કૂતરા અને ડુક્કરના જેવું જીવન જીવે છે. ........૭.

## ૧૧. દરદીનું દરદ એક દરદી જાણી શકે

દરદીના દર્દની વ્યથા તો એક બીજો દરદી જ સમજી શકે છે. બીજાને (દર્દી ન હોય તેને) તો એ જોઇને મશ્કરી કરવાનું જ મન થાય. વિરહની વેદનાને તો એક વિરહી જ સમજી શકે. બીજાને તો એની લેશમાત્ર કલ્પના પણ નહિ આવે. ........ટેક.

રડી રડીને મારી આંખ સૂઝી ગઇ છે અને એ લાલમલાલ થઇ ગઇ છે. એક રાત એક યુગ જેવી આકરી લાગે છે. રાતે ઊંઘ આવતી નથી અને જાગવાનું ગમતું નથી. ઊઠ બેસ કર્યા કરવામાં ટાંગ પણ દુ:ખી જાય છે. ........૧.

હે દિગંબર અવધૂત! હવે તું આવી જ જા. હે (અનંત) પ્રભુ! તું ક્યાં સુધી મારી કસોટી કર્યા કરશે? પતિ વિના પત્નીને ક્યાં જવું એની કેમ ખબર પડશે? મા વિનાના બાળકની શી વલે (દશા) થશે? ........૨.

હે સર્વસ્વ આપનાર શ્રી હરિ! હું તને શું આપું? બ્રહ્મા, વિષ્ણુ અને શંકર તો તારી સેવા કરે છે. હે ભૂધર! ધ્રુવે અને ઉપમન્યુએ એવું તને શું આપ્યું કે જેથી એઓ મીઠા મેવા સમાન મનગમતું ફળ પામી શક્યા? ........૩.

હે હરિ! તમે એકદમ સૂકા લાકડા ઉપર ફરીથી પાંદડા ઉગાડ્યાં હતાં. હે પાપનાશક (પ્રભુ)! તમે ધોબીને રાજ્ય આપ્યું હતું. તમે સતિના મરેલા પતિને સજીવન કરીને તેના દુર્ભાગ્યને દૂર કર્યું હતું. તમે એકલા રંગને જ ભૂલી ગયા? ........૪.

હે નરહરિ! હું અસંખ્ય દોષોથી પૂરેપૂરો ભરેલો છું તેમ છતાં જગતમાં હું તારો દાસ ગણાઉં છું. હું તારા બારણે આવીને ઊભો છું. હવે ચાહે તો તું મને માર અથવા મારો ઉદ્ધાર કર. જો હું તારા દ્વારથી ખાલી હાથે જઇશ (જે જોઇતું હતું તે લીધા વગર) તો એમાં તારી જ લાજ જશે. ........૫.

# પ્રાર્થના-શુક્રવાર

## ૧. દત્તપ્રબોધસ્તવ: ।

અજિતામૃતયોગનિદ્રિતાચ્યુતશક્તે: સ્વકૃતાતિમોહિત।
ધ્રુમુખે શ્રુતિબન્દિગીતતો ભગવગ્જાગૃહિ જાગૃહિ ત્ર્યધીટ્ ॥

નિત્યો હિ યસ્ય મહિમા ન હિ માનમેતિ
સ ત્વં મહેશ ભગવન્મઘવન્મુખેડચ ।
ઉત્તિષ્ઠ તિષ્ઠદમૃતૈરમૃતૈરિવોક્તૈર્-
ગીતાગમૈશ્ચ પુરુધા પુરુધામશાલિન્ ॥૧॥

ભક્તેષુ જાગૃહિ મુદા હિ મુદારભાવં
તલ્પં વિહાય સવિશેષ વિશેષહેતો: ।
ય: શેષ એષ સકલ: સકલસ્વગીતૈ-
સ્ત્વં જાગૃહિ શ્રિતપતે તપતે નમસ્તે ॥૨॥

દૃષ્ટવા જનાન્ વિવિધ કષ્ટવશાન્દયાલુ-
સ્ત્ર્યાત્મા બભૂવ સકલાર્તિહરોડત્ર દત્ત: ।
અત્રેર્મુને: સુતપસોડત્ર ફલં ચ દાતું
બુધ્યસ્વ સ ત્વમિહ યન્મહિમાનિયત્ત: ॥૩॥

આયાત્યશેષવિનુતોડપ્યવગાહનાય
દત્તોડધુનેતિ સુરસિન્ધુરપેક્ષતે ત્વામ્ ।
ક્ષેત્રે તથૈવ કુરુસંજ્ઞક એત્ય સિદ્ધા-
સ્તસ્થુસ્તવાચમનદેશ ઈનોદયાત્પ્રાક્ ॥૪॥

સન્ધ્યામુપાસિતુમજોડપ્યધુનાગમિષ્ય-
ત્યાકાંક્ષતે કૃતિજન: પ્રતિવીક્ષતે ત્વામ્ ।
કૃષ્ણાતટેડપિ નરસિંહસુવાટિકાયાં
સારાર્તિક: કૃતિજન: પ્રતિવીક્ષતે ત્વામ્ ॥૫॥

**મૌનથી શક્તિ વધે છે.**

ગન્ધર્વસંજ્ઞકપુરેઽપિ સુભાવિકાસ્તે
ધ્યાનાર્થમત્ર ભગવાન્સમુપૈષ્યતીતિ ।
મત્વાસ્થુરાચરિતસંનિચતાપ્લવાદ્યા
ઉત્તિષ્ઠ દેવ ભગવન્નત એવ શીઘ્રમ્ ॥૬॥

પુત્રી દિવ: ખગગણાન્સુચિરં પ્રસુપ્તા-
નુત્પાતયત્યરુણગા અધિરુહ્ય તુષા: ।
કાષાયવસ્ત્રમપિધાનમપાવૃણૂધ્યન્
તાર્ક્ષ્યાગ્રજોઽયમવલોક્ય તં પુરસ્તાત્ ॥૭॥

શાટીનિભાભ્રપટલાનિ સુરેન્દ્રકાષ્ઠા-
ભાગં યતીન્દ્ર રુરુધુર્ગરુડાગ્રજોઽત: ।
અસ્માભિરીશ વિદિતો હ્યુદિતોઽયમેવ
ચન્દ્રોઽપિ તે મુખરુચિં ચિરગાં જહાતિ ॥૮॥

દ્વારેઽર્જુનસ્તવ ચ તિષ્ઠતિ કાર્તવીર્ય:
પ્રહલાદ એષ યદુરેષ મદાલસાજ: ।
ત્વાં દ્રષ્ટુકામ ઈતરે મુનયોઽપિ ચાહ-
મુતિષ્ઠ દર્શય નિજં સુમુખં પ્રસીદ ॥૯॥

એવં પ્રબુદ્ધ ઈવ સંસ્તવનાદભૂત્સ
માલાં કમંડલુમથો ડમરું ત્રિશૂલમ્ ।
ચક્રં ચ શંખમુપરિસ્થકરૈર્દધાનો
નિત્યં સ મામવતુ ભાવિતવાસુદેવ: ॥૧૦॥

**ભાવ વિનાની ભક્તિ નર્યો દંભ છે.**

# ૨. બિરુદાવલિ-ચતુષ્ટય

૧. અખંડભૂમંડલાચાર્ય, વૈદિકધર્મપ્રચારક, યોગમાર્ગપ્રવર્તક, અત્રિવરદ, અનસૂયાનંદન, પરબ્રહ્મસ્વરૂપ, શ્રીમદ્ દત્તાત્રેયાવધૂતો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ||

૨. સકલવિદ્યાવારિધિ-પારગ, ઋતંભરપ્રજ્ઞાપારમિત, શાસ્ત્રવિહિતાચારવિગ્રહ, રચિતાખિલદત્તવાઙ્મય, યોગશ્રી-વિલસિત-વદનામ્બુજ, ગણેશ-રમા-મ્બાનન્દન, પરમહંસ-પરિવ્રાજકાચાર્ય, દત્તાત્રેયાત્મક યતિવર, શ્રીમદ્વાસુદેવાનન્દો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ||

૩. સમસ્તજગદુત્પત્તિ- સ્થિતિ - પ્રલયકારક પ્રરબ્રહ્માપરાવતાર-શ્રીમદ્-રંગાવધૂત-જનિપાલનકારણભૂતા, નાનાવિધ-કલેશ-કલમેષ્ટ-મિત્રમંડલસહિતા, નારેશ્વરાશ્રમ-ભારધારણ-નિપુણા, રંગરાજભિક્ષાન્નપાત્ર-પૂરણ-પ્રવણાન્નપૂર્ણા, જગન્માતૃપદમવસ્થિતા, પરામ્બા, શ્રીમતી ભગવતી રુક્મામ્બા વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ||

૪. અનન્તકોટિબ્રહ્માંડનાયક, જ્ઞાનકર્મોપાસના-માર્ગત્રયપ્રવર્તક, દકારાદિ-દિવ્યવિદ્યાપ્રદાયક, શ્રીમદ્દત્તાત્રેયાપરાવતાર, વિઠ્ઠલરુકમામ્બાનંદન, યતિવર, શ્રીમદ્ ભગવદ્ રંગાવધૂતો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ||

વિષયભોગ એ જીવને પડેલો ક્ષય રોગ છે.

# ૩. મંગલ આરતી

## આનંદવાજાં વાગે ગગનમાં

(રાગ-મિશ્ર કલ્યાણ; તાલ-ધુમાલી)

આનંદવાજાં વાગે ગગનમાં,
ઘણણણ ઘંટા ભેરી! (૨)
મંગલ આરતી થાએ મારા ગુરુની,
મંગલ આરતી કરું મારા ગુરુની,
સત્ ચિત્ આનંદ હેલી! (૨) .........ટેક.

બ્રહ્માહરિહર એક સ્વરૂપે (૨),
કરે અગમગઢ કેલિ! (૨)
શૂન્ય શિખર પર શબ્દ સૂણાએ (૨),
ચાલ દોડ અલબેલી!! .........આનંદ. ૧.

પ્રાણ-પડઘમે શ્વાસા દાંડી (૨),
ઘડુડુડુ નોબત ઘેરી! (૨)
શબ્દ અશબ્દની વચમાં હેલી (૨),
નાચે અપસરા ઘેલી!!(૨) .........આનંદ. ૨.

થેઈ થેઈ થન્થન્ ઘડુડુડુ ઘમ્ઘમ્ (૨)
ખમા ખમા રંગરેલી (૨),
જ્ઞાન-વિજ્ઞાને જ્યોતિ પ્રગટતાં (૨),
પિંડ બ્રહ્માંડની હોળી!!(૨) ...આનંદ.૩.

આપહી ગાવત આપ બજાવત (૨)
ફિરે આપ ફંફેરી (૨);
જ્યાં ત્યાં આપે આપ ભરાયો (૨)
એહી દેવ યહ ડેરી!!(૨) .........આનંદ. ૪.

બં બં ભોલા ગુરુ ગિરનારી (૨),
દત્ત દિગંબર લ્હેરી (૨),
સૂરત નૂરત બીચમેં મૂરત (૨)
દેખે **રંગ** ગુરુચેરી!!(૨) ...આનંદ.૫.

## ૪. <u>સમર્પણ</u>

કર્પૂરપૂરેણ મનોહરેણ, સુવર્ણપાત્રોદરસંસ્થિતેન ।
પ્રદીપ્તભાસા સહ સંગતેન, નીરાજનં તે જગદીશ કુર્વે ॥
કર્પૂરગૌરં કરુણાવતારં સંસારસારં ભુજગેન્દ્રહારમ્ ।
સદા વસન્તં હૃદયારવિંદે ભવં ભવાનીસહિતં નમામિ ॥

મંગલં ભગવાન્ વિષ્ણુર્મંગલં ગરુડધ્વજઃ ।
મંગલં પુંડરીકાક્ષો મંગલાયતનં હરિઃ ॥
સર્વમંગલમાંગલ્યે શિવે સર્વાર્થસાધિકે ।
શરણ્યે ત્ર્યંબકે ગૌરિ નારાયણિ નમોઽસ્તુ તે ॥

## અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

શાન્તં યોગીન્દ્રવર્યં દ્વિજકુલતિલકં શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠં
દત્તાત્રેયં સ્મરન્તં જનહિતનિરતં સચ્ચિદાનંદમગ્નમ્ ।
સિદ્ધં રેવાતટસ્થં નિજપરરહિતં નિત્યમત્તાવધૂતં
સન્તં નારેશ્વરસ્થં મથિતકલિમલં પાંડુરંગં નમામિ ॥

✱

# ૫. અથ પ્રાતઃસ્મરણમ્ ।

પ્રાતર્નમામિ ભગવન્તમનન્તમાદ્યં
સચ્ચિત્સુખાત્મકશિરસ્ત્રિતયં દધાનમ્ ।
ઐશ્વર્યવીર્યયશઆદિભુજૈર્લસન્તં
તં દેવમત્રિવરદં નતદત્તસર્વમ્ .......।૧।

સર્વાત્મકં સકલવંદિતપાદપીઠં
ભક્તાનુરૂપધૃતરૂપમનેકમેકમ્ ।
શાન્તં સદૈકનિલયં નિલયાદિહીનં
તં વ્રાત્યવાતરશનં રસનાતિગં કમ્ .......।૨।

યસ્મિન્નિદં જગદશેષમનુપ્રવિષ્ટં
વસ્ત્રે ગુણા ઈવ ગુણાતિગમપ્રમેયમ્ ।
વેદશ્વભિઃ પ્રતિદિનં બહુ શોભમાનં
ભૂતૈઃ સ્મશાનકુહરે તમતર્ક્યલીલમ્ .......।૩।

માયાપતિં પતિવિહીન નિરસ્તમાયં
યં યોગિભોગિજટિમુણ્ડિન આસ્તુવન્તિ ।
નેતીતિ વેદનિવહાઃ ખલુ યત્ર મૂકાઃ
કોઽહં સ્તવે નુ ભગવન્ પ્રણતોઽસ્મ્યતો હિ .......।૪।

રંગેણ વિહિતં સ્તોત્રં ચતુઃશ્લોક સમન્વિતમ્ ।
યઃ પઠેત્પ્રાતરુત્થાય તસ્યાહઃ સુખદં ભવેત્ .......।૫।

# ૬. ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના

ઊઠ અઘભંજના[1] દત્ત મુનિરંજના,
સંસૃતિગંજના[2] વિશ્વમૂર્તે!
પૂર્ણ કરી કામના સત્ય કર નામના,
દુ:ખ હર વામના ભવ્યમૂર્તે!! ......ટેક.

ભક્ત આવી ખડા બારણે બાપડા,
હાથમાં લઈ પડા પુષ્પફળના;
મંદ હાસ્યે કરી ભવચિંતા હરી,
શાંતિ દે નરહરિ શ્યામવરણા. ......૧.

અંત અનંત ના જો હવે ચિદ્ઘના,
ના રહે તુજ વિના પ્રાણ ઝાઝા;
શે થયો ચંદ્રમા તપ્ત? પૃથ્વી ક્ષમા,
છોડી દે અર્યમા[3] કેમ માઝા? ......૨.

શરણ ભાવે થતાં ના રહે ત્યાં કથા
દુ:ખની હે તતા[4]! બ્રિદ તારું;
કેમ ભૂલી દમે ભક્તજન આ સમે?
કાં ઉપેક્ષા ગમે? દૈવ મારું! ......૩.

દાર[5] ઘર વિસરી ત્વત્પદે નત હરિ!
જનિમૃતિ[6] સંહરી તાર વેગે;
ભ્રાન્ત[7] ભવકાનને શ્રાન્ત[8] શાસ્ત્રાટને,
ક્ષાળ[9] કર્દમ[10] મુને! જ્ઞાનમેઘે ......૪.

વિષયધૂલી ઊડે સૂઝ કંઈ નવ પડે,
આંખ ચોળી રડે જીવ હારી,
[11]વિરતિજલધારથી [12]બોધઆસારથી,
સ્વાત્મવિચારથી ઠાર હાળી[13]. ......૫.

---

૧. પાપનો નાશ કરનાર ૨. સંસારને જીતનાર ૩. પિતૃઓના અધિષ્ઠાતા ૪. હે તાત! ૫. સ્ત્રી ૬. જન્મ-મરણ ૭. ભૂલો પડેલો ૮. થાકેલો ૯. ધો ૧૦. વિષયરૂપી કાદવ ૧૧. વૈરાગ્ય ૧૨.બોધરૂપી વરસાદના ઝાપટાંથી ૧૩. (જીવરૂપી) ખેડૂત.

દોડ સદ્‌ગુરુવરા કર હવે તો ત્વરા,
આવી આખર જરા[1] કાળદૂતી,
**રંગ** શિરનો ફર્યો ચિત્તમળ ના ગળ્યો,
વ્યર્થ દોડી મર્યો કરમ ફૂટી! ......૬.

## ૭. જાગ્યને જોગીડા દત્ત દિગંબરા

જાગ્યને જોગીડા દત્ત દિગંબરા,
તુજ વિના ભક્તઅઘ[2] કોણ હરશે?
કલિ બધે વ્યાપિયો ધર્મ સંતાડિયો,
ધર્મસંસ્થાપના કોણ કરશે? .......ટેક.

નાસ્તિકો નગ્ન[3] થઇ વલ્ગના[4] બહુ કરે,
ઓચરે જેહ મન જેહ ભાવે,
ભક્તિ પંગુ થઇ અન્ય ખંડે ગઇ,
સર્વને શુષ્ક મન જ્ઞાન ભાવે. .......૧.

ત્યાગ-વૈરાગ્યની ઠેકડી સહુ કરે,
ભોગમાં મસ્ત થઇ જગ્ત ડોલે,
દાનવ્રતપૂજને ચિત્ત હા! નવ ઠરે;
વ્હેમ બાધા બધે સ્વૈર[5] ચાલે. .......૨.

ગુરુતણો રાફડો ચોદિશે ફાટિયો,
જેહને જે ગમે તેને મુંડે;
'મુંડને મોક્ષ' એ સૂત્ર સોંઘું થયું,
વ્યાસશાંડિલ્ય ગમ કોણ દોડે? .......૩.

આપપંથી બધા આત્મ નવ ઓળખે,
દેવને ભૂલી મંદિર પૂજે!
**રંગ** મૂગો થઇ તુંહિ તુંહિ ઓચરે,
તું વિના આન[6] નવ કાંઇ સૂઝે!! .......૪.

---

૧. ઘડપણ ૨. ભક્તોના પાપ ૩. નિર્લજ્જ થઇ; મર્યાદા મૂકી દઇ ૪. કૂદાકૂદ ૫. જેને જેમ ફાવે તેમ ૬. બીજું, અન્ય.

# ૮. ઊઠને મૂઢ આલસ્ય નિદ્રા ત્યજી

ઊઠને મૂઢ આલસ્ય નિદ્રા ત્યજી,
સમરી લે શ્રીહરિ ભાવભૂખ્યા;
નરતનુ આ મળી કોટિ પુણ્યે કરી,
મુક્તિ લેને વરી, કરમફૂટ્યા! ......ટેક.

લાલ[૧] વેચી કરી કાચ લે જ્યમ કપિ[૨],
વિષ્ણુ મૂકી ક્યમ વિષય ખોળે?
ત્યાગી સુરસિંધુ[૩] મૃગનીર[૪] વાંસળ ભમે,
અમૃત મૂકી કાં ગરલ[૫] ઘોળે? ......૧.

અગ્નિ ઘૃતથી કદી શાંત દીઠો નથી,
વાસના ભોગથી નવ વિરામે;
વિરતિવારિ[૬] થકી વાસનાદવ શમે,
શાંતિ સુખ સંયમે આપ પામે. ......૨.

એકથી એક મૂવા[૭] મતિ જ્યાં ફરી,
પાંચથી શી ગતિ થાશે તારી?
ચેત રે ચેત જીવ પેખ શિવ અંતરે,
ભીતિ ભવ જે હરે મન્મથારિ[૮]! ......૩.

વારિબુદ્‌બુદ[૯] સમી કાચ ભંગુર[૧૦] ઘણી
ફૂટતાં વાર નવ અલ્પ લાગે;
કાળ ઠાડો[૧૧] શિરે આયુ ક્ષણ ક્ષણ હરે,
વાયદો વણિકનો ત્યાં ન ચાલે! ......૪.

રાય ને રંક સહુ માટી ભેળા મળ્યા,
કર્દમે જઇ કળ્યાં મૂઢ પ્રાણી;
જે નર જાગિયા ભક્તિપંથે પળ્યા;
**રંગ** શિવમાં ભળ્યા વિબુધ[૧૨] જ્ઞાની! ......૫.

---

૧. રત્ન ૨. વાંદરો ૩. ગંગા ૪. ઝાંઝવાંનું જળ ૫. ઝેર ૬. વૈરાગ્યરૂપી પાણી ૭. મૃગ શબ્દથી, હાથી સ્પર્શથી એમ એક એક વિષયથી એક એક જણ ૮. કામદેવનો નાશ કરનાર ૯. પાણીનો પરપોટો ૧૦. નાશવંત ૧૧. ઊભો ૧૨. આત્મબોધવાન.

**સેવાધર્મ અતિ ગહન જે યોગીને પણ અગમ્ય.**

## ૯. મૂળ સંસારનું મૂઢ મન માંકડું

મૂળ સંસારનું મૂઢ મન માંકડું,
વિષયવૃક્ષે ભમે સ્વૈર ઘેલું;
ના ઠરે એક પલ, એકથી અન્ય પર,
દોડતું દિવસ ને રાત મેલું. ......ટેક.

અદ્રિ[2] કર પર ધરે, અબ્ધિ[3] શોષણ કરે,
અગ્નિજવાળા ગળે સિદ્ધ કોઈ;
આભમંડળ ઊડે, આપ[4] અમૃત કરે,
રાખ[5] ચિંતામણિ રત્ન સોઈ. ......૧.

કેસરી[6] કંઠ કોઈ ઘંટ જઈ બાંધતું,
નાગને નાથ ઘાલે મદારી;
સ્હેલ છે ખેલ સહુ એહ બાજીગરી,
મનહરિ[7]-બંધને સર્વ હારી! ......૨.

મત્ત ગજરાજના[8] દંત જીવતાં સહે,
મકરની[9] દાઢથી કાઢે મોતી;
અલ્પ મન આગળે દાળ સીજે નહિ,
ભલભલાની મતિ ત્યાંહ રોતી! ......૩.

હઠ[10] અને રાજથી મંત્રલયસાજથી,
વ્રતજપાદિ થકી કોઈ મથતું,
તીવ્ર ઉપોષણે ઈંદ્રિયો મથી ઘણી,
સાધના ફરી ફરી કોઈ કરતું. ......૪.

ધ્યાન-અભ્યાસથી વિરતિ-અસિધારથી[11],
નાદસંધાનથી સુરતી જોડે;
ગુરુતણી સેવથી ઈશની મ્હેરથી,
મન તણાં મૂળ તો તેહ તોડે. ......૫.

---

૧. પર્વત ૩. સમુદ્ર ૪. પાણી ૫. ભસ્મ, રાખોડો ૬. સિંહ ૭. મનરૂપી વાંદરું અથવા સિંહ અથવા ઘોડો ૮. હાથી ૯. મગર ૧૦. હઠાદિ યોગના પ્રકાર છે ૧૧. વૈરાગ્યરૂપી તલવારની ધારથી.

**સેવાધર્મ સમજે તેને સર્વસ્વ સંપન્ન થાય.**

ઊર્મિ[1] ઊઠે જરી બ્રહ્મસાગર મહીં,
ફેલતાં ફેલતાં નષ્ટ થાએ!
વૃત્તિ ખેચરી[2] કરી નામરૂપ વિસરી,
**રંગ** રંગે હરિ કો સમાએ!! ......૬.

## ૧૦. વેણુ વાગે અલી! હૃદયકુંજે હરિ

વેણુ વાગે અલી! હૃદયકુંજે હરિ,
રાસ રમતા કરી વિવિધ લીલા;
બોંતેર સહસ્ર સાહેલી ટોળે કરી,
પ્રેમરસ પાઇને પીતા ઘેલા. ...ટેક.

દશ લટકાં કરે ત્રણ ઠમકે ઠરે,
એક સુરતીબળે કાન ખેંચે;
વિવિધ વસ્ત્રો સજી ચોરાસી ફેરા ફરે,
મધ્યમાં કાળિયો નાચ નાચે. ...૧.

એક નીચી નમે બીજી મધ્યે ભમે,
ત્રીજી આકાશમાં અધર ઊડતી;
એક વળી ચક્રમાં ફરી ફરી દોડતી,
એક તટસ્થ રહી હાસ્ય કરતી. ...૨.

એક પ્રતિબિંબને જોઇને રાચતી,
એક આલિંગતી ખાલી છાયા;
એક વળી નાદમાં ભાન ભૂલી ભમે,
એક તેજે કરી બાળે કાયા. ......૩.

સ્વાન્તવૃંદાવને[3] વૃત્તિગોપી મળી,
કાનુડો આત્મ નટરાજ ખેલે,
પલકમાં ખલક અનંત પેદા કરે,
મત્ત આનંદમાં **રંગ** રેલે. ......૪.

---

૧. તરંગ ૨. નિરાલંબ ૩. અંતઃકરણરૂપી વૃન્દાવનમાં. આ આખા પ્રભાતિયામાં ટૂંકમાં શ્રીકૃષ્ણ અને ગોપીઓની લીલાનું આધ્યાત્મિક રહસ્ય વર્ણવ્યું છે.

**સેવામાર્ગ ભક્તિમાર્ગથી પણ ઉન્નત છે.**

# ૧૧. આવ દિગંબરા દત્ત કરુણાકરા

આવ દિગંબરા દત્ત કરુણાકરા,
તુજ વિના ચેન નવ કાંઈ પડતું;
ગેહઉદ્યોગમાં[૧], ચિત્ત નવ આ ઠરે,
વ્રેહના[૨] દુ:ખથી નિત્ય રડતું ........ટેક.

ખાન ને પાન મન ઝેર સમ લાગતાં
વસ્ત્ર વિભૂષણો પ્રેતભૂષા;
ઊંચી અટારી ને મેડી સમશાનવત્,
શૂન્ય ખાવા ધસે ભૂતવેષા! ........૧.

ગાય વિણ વાછડું દીન જયમ બાપડું,
ચંદ્ર વિણ સૂતકી કાળી રાતી;
માત વિણ તોક[૩] આક્રંદનો પાર નવ,
તું વિના દુ:ખથી ફાટે છાતી! ........૨.

કાષ્ઠ થઇ પાવડી પાંવની તુજ બનું,
મૃદ્[૪] બની કેશ કાળા પખાળું!
દેહ બાળી બનું ભસ્મ ભીતિહરા,
અંગ પર જો ધરે તું કૃપાળુ!! ........૩.

મૃગ થઇ [૫]વ્યાધથી દેહ વીંધાવું આ,
અજિન[૬] થઇ બેસવા કામ લાગું!
શ્વાન થઈ મંદિરે નિત્ય ચોકી કરું,
દરશ વિણ આન નવ કાંઈ માગું!! ........૪.

હૃદયમંચક[૭] કરી સાફ રાખ્યો હરિ,
પ્રેમજલ પાદ્યથી[૮] પગ ધોઉં;
સત્યશૌચાદિ પુષ્પે કરું અર્ચના,
બાળીને કામક્રુધ ધૂપ દેઉં! ........૫.

---

૧. ઘરધંધામાં ૨. વિયોગ ૩. બાળક ૪. માટી. ૫. શિકારી ૬. મૃગછાલા ૭. બાજઠ
૮. ગંધાક્ષતાદિથી યુક્ત પગ ધોવાનું પૂજાજળ.

**સેવાથી શત્રુ પણ મિત્ર બની જાય છે.**

દ્વૈત ભોજન ધરું પેય અઘ[1] આગળું,
**રંગ** તાંબૂલ[2] મુખશુદ્ધિ સારુ;
દોડ ને દોડ જોગીવરા શ્રીધરા,
તુજ વિના જીવન લાગે ખારું!! ........૬.

## ૧૨. વંદન

જે જે સ્થળે આ મન જાય મારું,
તે તે સ્થળે સદ્‌ગુરુ રૂપ તારું;
જ્યાં જ્યાં મૂકું મસ્તક હું ગુરો હે!
ત્યાં ત્યાં પદદ્વંદ્વ તારાજ સોહે!

## અવધૂત ચિંતન શ્રીગુરુદેવ દત્ત !

શ્રીમત્ પરમ સદ્‌ગુરુ શ્રીવાસુદેવાનંદસરસ્વતી
સ્વામી મહારાજ કી જય
ભગવતી રુકમામ્બા માત કી જય!
શ્રીમત્ સદ્‌ગુરુ શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ કી જય!
ગુરુદેવ દત્ત! ગુરુદેવ દત્ત!! ગુરુદેવ દત્ત!!!
નર્મદે હર!

૧. પાપ. ૨. વિષયાસક્તિ.

# ૧૩. રેવાગીતમ્

ગાયતિ રેવા રવ-મધુરમ્ ||ધ્રુવ||

હર હર ૐ ૐ, હર હર ૐ ૐ| હર હર ૐ ૐ હર હર ૐ|
સાયં પ્રાતઃ પ્રાતઃ સાયં, હર હર ૐ ૐ, સતતમિતિ||...ગાયતિ.

મેકલજાતા મનસિ વિભાતા| રૌતિ કલં કિમપીહ ચિરમ્|
ત્વમહમહં ત્વં, ત્વમહમહં ત્વં |
ત્વમહમહં ત્વં, ત્વમહમિતિ||...ગાયતિ.

તડિદુજ્જ્વલ જલમુખતઃ સ્તૌતિ | નીરઞ્જમ્ નાનારઞ્જમ્ |
બ્રહ્માહં ત્વં બ્રહ્મૈવેદંજલશીકરવદભિન્નમિતિ||...ગાયતિ.

નર્મદા માત કી જય

## ઉપઃપ્રાર્થના-અર્થ

## ૮. ઊઠને મૂઢ આલસ્ય નિદ્રા ત્યજી

હે મૂઢ માનવી! ઊંઘ અને આળસ છોડીને તું હવે ઊઠ અને ભાવભૂખ્યા ભગવાનને ભજી લે - સમરી લે. કરોડો પુણ્યના પ્રતાપે તને આ માનવશરીર મળ્યું છે તો હે ફૂટેલા કરમવાળા! તું મુક્તિને પામી જાને! ........ટેક.

જેમ વાંદરો રત્નને છોડીને કાચ લે છે તેમ તું ભગવાન (રત્ન)ને ભૂલીને વિષયભોગ (કાચ) કેમ શોધે છે? ગંગાનદીનું જળ છોડીને તું મૃગજળ પાછળ કેમ ભટકે છે? તું અમૃત છોડીને ઝેર કેમ ઘોળે છે? ........૧.

જેમ ઘી હોમવાથી અગ્નિને કદી પણ શાંત થતો જોયો નથી. તેમ ભોગો ભોગવવાથી વાસના કદી શાંત થતી નથી. વાસનાની આગ તો વૈરાગ્યના જળથી જ શાંત થાય છે અને સંયમથી જ વ્યક્તિ પોતે સુખ અને શાંતિ મેળવે છે. ........૨.

(મૃગ, મીન, માતંગ, મકરંદ અને પતંગિયાની) બુદ્ધિ બગડવાથી એક એક વિષય પાછળ દોડીને એ બધા મર્યા તો પાંચે વિષયનું સેવન કરનાર તારી શી દશા થશે?

હે જીવ! તું હવે તો ચેતી જા અને અંતરમાં શિવના દર્શન કર. કામદેવને મારનાર એ ભગવાન શંકર તારી સંસારની ભીતિ દૂર કરશે. ........૩.

તારું આ શરીર પાણીના પરપોટા સમાન ક્ષણ ભંગુર છે અને એને ફૂટી જતાં જરા પણ વાર લાગવાની નથી. તારા માથા ઉપર મોત મંડરાય છે જે ક્ષણે ક્ષણે તારું આયુષ્ય હરી રહ્યો છે. એમાં વાણિયાનો વાયદો ચાલે એમ નથી. ........૪.

હે મૂર્ખ માનવી! રાજા અને રંક બધા માટી ભેળા થઇ ગયા છે અને કાદવમાં ખૂંપી ગયા છે. રંગ અવધૂત મહારાજ કહે છે કે જે માણસો જાગી ગયા અને ભક્તિ કરવા લાગ્યા છે તેવા આત્મબોધવાન જ્ઞાનીપુરુષો જ શિવરૂપ બની ગયા. ........૫.

## ૯. મૂળ સંસારનું મૂઢ મન માંકડું

માંકડાં જેવું મૂઢ મન જ આ સંસારનું મૂળ છે અને તે વિષયોપભોગરૂપી વૃક્ષ ઉપર ઘેલું બનીને પોતાને ફાવે તેમ કૂદાકૂદ કર્યા કરે છે. એ એક પળ પણ શાંતિથી બેસતું નથી. એ દિવસ અને રાત એક ડાળી પરથી બીજી ડાળી પર અને બીજી ડાળી પરથી ત્રીજી ડાળી પર કૂદાકૂદ કર્યા કરે છે. ........ટેક.

કોઇ સિદ્ધ પુરુષ પોતાના હાથ ઉપર પર્વત ધારણ કરી શકે, સમુદ્રને પી જઇને સૂકવી શકે, વળી અગ્નિની જવાળા ગળી જઇ શકે, આકાશમાં ઊડી શકે, પાણીનું અમૃત બનાવી શકે કે રાખમાંથી ચિંતામણિ રત્ન બનાવી શકે. ........૧.

વળી કોઇ જઇને સિંહના ગળામાં ઘંટ બાંધી દે છે તો વળી કોઇ મદારી હોય તો તે નાગના નાકમાં નાથ પરોવી દે છે. આ બધા ખેલ તો બહુ સહેલા છે. એ તો જાદુની કરામન છે. પરંતુ આવું બધું કરી શકનાર મનરૂપી વાંદરાને વશ કરવામાં હારી જાય છે. ........૨.

વળી કોઇ (સિદ્ધ) ઉન્મત્ત બનેલા હાથીના દાંત એના જીવતે જીવ મજબૂતાઇથી પકડી શકે અને મગરની દાઢમાંથી મોતી કાઢી શકે પરંતુ નાના અમસ્તા મન આગળ એનું જોર ચાલતું નથી અને એમાં તો ભલભલાની બુદ્ધિ બહેર મારી જાય છે. ........૩.

આ મનને વશ કરવા કોઇ હઠયોગ (અષ્ટાંગ યોગ)થી તો કોઇ વળી રાજયોગથી તો કોઇ વળી વ્રત અને જપ દ્વારા મથામણ કરે છે. કોઇ આકરા ઉપવાસ દ્વારા ઇંદ્રિયોનું દમન કરીને તો કોઇ વળી વારંવાર સાધના કરીને પ્રયત્ન કરતું રહે છે. ........૪.

ધ્યાન અને અભ્યાસથી, વૈરાગ્યરૂપી તલવારથી અને નાદના અનુસંધાનથી સૂરત સાધે છે. ગુરુની સેવાથી અને ઇશ્વરની કૃપાથી મનનું મૂળ તો તે જ તોડી શકે છે. ..૫.

**દીન-દુ:ખી સાથે એકરૂપ થવું એ જ સેવા છે.**

બ્રહ્મ સાગરમાં વૃત્તિના તરંગો ઊઠે છે પરંતુ એ તરંગો ફેલાતાં ફેલાતાં આખરે નષ્ટ પામે છે. વૃત્તિને નિરાલંબ કરીને અને નામ તથા રૂપને ભૂલી જઇને જીવનાર કોક વ્યક્તિ જ હરિના રંગમાં લીન થઇ જાય છે. ........૬.

## ૧૦. વેણુ વાગે અલી! હૃદયકુંજે હરિ

હે સખી! વેણુ વાગે છે. શ્રી હરિ હૃદયકુંજમાં વિવિધ લીલા કરીને રાસ રમી રહ્યા છે. બોંતેર હજાર સખીઓને ભેગી કરીને એ ઘેલા થયેલા (શ્રીહરિ) પ્રેમરસ પાઇ છે અને પીએ છે. ........ટેક.

દશ સખી (ગોપી)ઓ લટકાં કરે છે, ત્રણ સખીઓ ઠમકા લગાવીને શાંત થાય છે જ્યારે એક સખી તો સૂરતીના જોરે ભગવાન કૃષ્ણને પોતાના તરફ આકર્ષે છે. (આ બધી સખીઓ) વિધવિધ પ્રકારના વસ્ત્રો સજીને લક્ષચોરાશીના ફેરામાં ફરે છે જ્યારે કાળો કાનુડો એમની વચમાં રહીને નાચ નાચે છે- નૃત્ય કરે છે. ........૧.

એક સાહેલી નીચી નમે છે તો વળી બીજી મધ્યમાં ભમે છે. ત્રીજી આકાશમાં અદ્ધર ઊડે છે. એક સાહેલી તો ચક્રાકારે વારે વારે ફર્યા કરે છે જ્યારે બીજી એક સાહેલી તો તટસ્થ ભાવે હસતી રહે છે. ........૨.

વળી એક સાહેલી તો પ્રતિબિંબને જોઇને આનંદ અનુભવે છે ત્યારે બીજી એક તો ખાલી છાયાને આલિંગન આપે છે. એક સાહેલી નાદમાં ભાન ભૂલીને ભમ્યા કરે છે તો બીજી વળી તેજથી પોતાના શરીરને બાળ્યા કરે છે. ........૩.

અંતઃકરણરૂપી વૃંદાવનમાં વૃત્તિરૂપી ગોપીઓ ટોળે વળી છે અને એમની વચ્ચે આત્મારૂપી કૃષ્ણ ખેલ ખેલે છે. એ તો પલકવારમાં અનંત જગત ઉત્પન્ન કરી દે છે અને એવા ઉન્મત દશાના આનંદમાં જીવ તણાઇ જાય છે. ........૪.

# પ્રાર્થના-શનિવાર

## ૧. દત્તપ્રબોધસ્તવઃ ।

અજિતામૃતયોગનિદ્રિતાચ્યુતશક્તેઃ સ્વકૃતાતિમોહિત।
ધ્રુમુખે શ્રુતિબન્દિગીતતો ભગવઞ્જાગૃહિ જાગૃહિ ત્ર્યધીટ્ ॥

નિત્યો હિ યસ્ય મહિમા ન હિ માનમેતિ
સ ત્વં મહેશ ભગવન્મઘવન્મુખેડચ ।
ઉત્તિષ્ઠ તિષ્ઠદમૃતૈરમૃતૈર્વિોક્તૈર્-
ગીતાગમૈશ્ચ પુરુધા પુરુધામશાલિન્ ॥૧॥

ભક્તેષુ જાગૃહિ મુદા હિ મુદારભાવં
તલ્પં વિહાય સવિશેષ વિશેષહેતોઃ ।
યઃ શેષ એષ સકલઃ સકલસ્વગીતે-
સ્ત્વં જાગૃહિ શ્રિતપતે તપતે નમસ્તે ॥૨॥

દૃષ્ટવા જનાન્ વિવિધ કષ્ટવશાન્દયાલુ-
સ્ત્ર્યાત્મા બભૂવ સકલાર્તિહરોડત્ર દત્તઃ ।
અત્રેર્મુનેઃ સુતપસોડત્ર ફલં ચ દાતું
બુધ્યસ્વ સ ત્વમિહ યન્મહિમાનિયત્તઃ ॥૩॥

આયાત્યશેષવિનુતોડપ્યવગાહનાય
દત્તોડધુનેતિ સુરસિન્ધુરપેક્ષતે ત્વામ્ ।
ક્ષેત્રે તથૈવ કુરુસંજ્ઞક એત્ય સિદ્ધા-
સ્તસ્થુસ્તવાચમનદેશ ઇનોદયાત્પ્રાક્ ॥૪॥

સન્ધ્યામુપાસિતુમજોડપ્યધુનાગમિષ્ય-
ત્યાકાંક્ષતે કૃતિજનઃ પ્રતિવીક્ષતે ત્વામ્ ।
કૃષ્ણાતટેડપિ નરસિંહસુવાટિકાયાં
સારાર્તિકઃ કૃતિજનઃ પ્રતિવીક્ષતે ત્વામ્ ॥૫॥

**સેવાનો સાબુ ને પ્રેમનું પાણી હૃદયને શુદ્ધ કરે છે.**

ગન્ધર્વસંજ્ઞકપુરેઽપિ સુભાવિકાસ્તે
ધ્યાનાર્થમત્ર ભગવાન્સમુપૈષ્યતીતિ ।
મત્વાસ્થુરાચરિતસંનિયતાપ્લવાદ્યા
ઉત્તિષ્ઠ દેવ ભગવન્નત એવ શીઘ્રમ્ ॥૬॥

પુત્રી દિવઃ ખગગણાન્સુચિરં પ્રસુપ્તા-
નુત્પાતયત્યરુણગા અધિરુહ્ય તુષાઃ ।
કાષાયવસ્ત્રમપિધાનમપાવૃણૂધ્યન્
તાર્ક્ષ્યાગ્રજોઽયમવલોક્ય તં પુરસ્તાત્ ॥૭॥

શાટીનિભાભ્રપટલાનિ સુરેન્દ્રકાષ્ઠા-
ભાગં યતીન્દ્ર રુરુધુર્ગરુડાગ્રજોઽતઃ ।
અસ્માભિરીશ વિદિતો હ્યુદિતોઽયમેવ
ચન્દ્રોઽપિ તે મુખરુચિં ચિરગાં જહાતિ ॥૮॥

દ્વારેઽર્જુનસ્તવ ચ તિષ્ઠતિ કાર્તવીર્યઃ
પ્રહ્લાદ એષ યદુરેષ મદાલસાજઃ ।
ત્વાં દ્રષ્ટુકામ ઇતરે મુનયોઽપિ ચાહ-
મુતિષ્ઠ દર્શય નિજં સુમુખં પ્રસીદ ॥૯॥

એવં પ્રબુદ્ધ ઇવ સંસ્તવનાદભૂત્સ
માલાં કમંડલુમથો ડમરું ત્રિશૂલમ્ ।
ચક્રં ચ શંખમુપરિસ્થકરૈર્દધાનો
નિત્યં સ મામવતુ ભાવિતવાસુદેવઃ ॥૧૦॥

સેવા ધર્મનું પ્રથમ સોપાન છે.

# ૨. બિરુદાવલિ-ચતુષ્ટય

૧. અખંડભૂમંડલાચાર્ય, વૈદિકધર્મપ્રચારક, યોગમાર્ગપ્રવર્તક, અત્રિવરદ, અનસૂયાનંદન, પરબ્રહ્મસ્વરૂપ, શ્રીમદ્ દત્તાત્રેયાવધૂતો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ||

૨. સકલવિદ્યાવારિધિ-પારગ, ઋતંભરપ્રજ્ઞાપારમિત, શાસ્ત્રવિહિતાચારવિગ્રહ, રચિતાખિલદત્તવાઙ્મય, યોગશ્રી-વિલસિત-વદનામ્બુજ, ગણેશ-રમા-મ્બાનન્દન, પરમહંસ-પરિવ્રાજકાચાર્ય, દત્તાત્રેયાત્મક યતિવર, શ્રીમદ્વાસુદેવાનન્દો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ||

૩. સમસ્તજગદુત્પત્તિ- સ્થિતિ - પ્રલયકારક પ્રરબ્રહ્માપરાવતાર-શ્રીમદ્-રંગાવધૂત-જનિપાલનકારણભૂતા, નાનાવિધ-કલેશ-કલમેષ્ટ-મિત્રમંડલસહિતા, નારેશ્વરાશ્રમ-ભારધારણ-નિપુણા, રંગરાજભિક્ષાન્નપાત્ર-પૂરણ-પ્રવણાન્નપૂર્ણા, જગન્માતૃપદમવસ્થિતા, પરામ્બા, શ્રીમતી ભગવતી રુક્મામ્બા વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ||

૪. અનન્તકોટિબ્રહ્માંડનાયક, જ્ઞાનકર્મોપાસના-માર્ગત્રયપ્રવર્તક, દકારાદિ-દિવ્યવિદ્યાપ્રદાયક, શ્રીમદ્દત્તાત્રેયાપરાવતાર, વિઠ્ઠલરુકમામ્બાનંદન, યતિવર, શ્રીમદ્ ભગવદ્ રંગાવધૂતો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ||

સેવાનું કાર્ય ઇશ્વરની નજીક લઈ જાય છે.

# ૩. મંગલ આરતી

## આનંદવાજાં વાગે ગગનમાં

(રાગ-મિશ્ર કલ્યાણ; તાલ-ધુમાલી)

આનંદવાજાં વાગે ગગનમાં,
ઘણણણ ઘંટા ભેરી! (૨)
મંગલ આરતી થાએ મારા ગુરુની,
મંગલ આરતી કરું મારા ગુરુની,
સત્ ચિત્ આનંદ હેલી! (૨) .........ટેક.

બ્રહ્માહરિહર એક સ્વરૂપે (૨),
કરે અગમગઢ કેલિ! (૨)
શૂન્ય શિખર પર શબ્દ સૂણાએ (૨),
ચાલ દોડ અલબેલી!! .........આનંદ. ૧.

પ્રાણ-પડઘમે શ્વાસા દાંડી (૨),
ઘડુડુડુ નોબત ઘેરી! (૨)
શબ્દ અશબ્દની વચમાં હેલી (૨),
નાચે અપસરા ઘેલી!!(૨) .........આનંદ. ૨.

થેઈ થેઈ થન્થન્ ઘડુડુડુ ઘમ્ઘમ્ (૨)
ખમા ખમા રંગરેલી (૨),
જ્ઞાન-વિજ્ઞાને જ્યોતિ પ્રગટતાં (૨),
પિંડ બ્રહ્માંડની હોળી!!(૨) ...આનંદ.૩.

આપહી ગાવત આપ બજાવત (૨)
ફિરે આપ ફંફેરી (૨);
જ્યાં ત્યાં આપે આપ ભરાયો (૨)
એહી દેવ ચહ ડેરી!!(૨) .........આનંદ. ૪.

બં બં ભોલા ગુરુ ગિરનારી (૨),
દત્ત દિગંબર લ્હેરી (૨),
સૂરત નૂરત બીચમેં મૂરત (૨)
દેખે **રંગ** ગુરુચેરી!!(૨) ...આનંદ.૫.

**મનને સારા વિચારોથી ભરી દો.**

## ૪. સમર્પણ

કર્પૂરપૂરેણ મનોહરેણ, સુવર્ણપાત્રોદરસંસ્થિતેન ।
પ્રદીપ્તભાસા સહ સંગતેન, નીરાજનં તે જગદીશ કુર્વે ॥
કર્પૂરગૌરં કરુણાવતારં સંસારસારં ભુજગેન્દ્રહારમ્ ।
સદા વસન્તં હૃદયારવિંદે ભવં ભવાનીસહિતં નમામિ ॥

મંગલં ભગવાન્ વિષ્ણુર્મંગલં ગરુડધ્વજ: ।
મંગલં પુંડરીકાક્ષો મંગલાયતનં હરિ: ॥
સર્વમંગલમાંગલ્યે શિવે સર્વાર્થસાધિકે ।
શરણ્યે ત્ર્યંબકે ગૌરિ નારાયણિ નમોઽસ્તુ તે ॥

## અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

શાન્તં યોગીન્દ્રવર્યં દ્વિજકુલતિલકં શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠં
દત્તાત્રેયં સ્મરન્તં જનહિતનિરતં સચ્ચિદાનંદમગ્નમ્ ।
સિદ્ધં રેવાતટસ્થં નિજપરરહિતં નિત્યમત્તાવધૂતં
સન્તં નારેશ્વરસ્થં મથિતકલિમલં પાંડુરંગં નમામિ ॥

## ૫. અથ પ્રાત:સ્મરણમ્ ।

પ્રાતર્નમામિ ભગવન્તમનન્તમાદ્યં
સચ્ચિત્સુખાત્મકશિરસ્ત્રિતયં દધાનમ્ ।
ઐશ્વર્યવીર્યયશઆદિભુજૈર્લસન્તં
તં દેવમત્રિવરદં નતદત્તસર્વમ્ .......।૧।

સર્વાત્મકં સકલવંદિતપાદપીઠં
ભક્તાનુરૂપધૃતરૂપમનેકમેકમ્ ।
શાન્તં સદેકનિલયં નિલયાદિહીનં
તં પ્રાત્યવાતરશનં રસનાતિગં કમ્ .......।૨।

યસ્મિન્નિદં જગદશેષમનુપ્રવિષ્ટં
વસ્ત્રે ગુણા ઈવ ગુણાતિગમપ્રમેયમ્ ।
વેદશ્ચભિ: પ્રતિદિનં બહુ શોભમાનં
ભૂતૈ: સ્મશાનકુહરે તમતર્ક્યલીલમ્ .......।૩।

માયાપતિં પતિવિહીન નિરસ્તમાયં
યં યોગિભોગિજટિમુણ્ડિન આસ્તુવન્તિ ।
નેતીતિ વેદનિવહા: ખલુ યત્ર મૂકા:
કોઽહં સ્તવે નુ ભગવન્ પ્રણતોઽસ્મ્યતો હિ .......।૪।

રંગેણ વિહિતં સ્તોત્રં ચતુ:શ્લોક સમન્વિતમ્ ।
ય: પઠેત્પ્રાતરુત્થાય તસ્યાહ: સુખદં ભવેત્ .......।૫।

મન રાજાનું આચરણ દગ્ દિવાન દર્શાવે.

# ૬. ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના

ઊઠ અઘભંજના[૧] દત્ત મુનિરંજના,
સંસૃતિગંજના[૨] વિશ્વમૂર્તે!
પૂર્ણ કરી કામના સત્ય કર નામના,
દુ:ખ હર વામના ભવ્યમૂર્તે!! ......ટેક.

ભક્ત આવી ખડા બારણે બાપડા,
હાથમાં લઇ પડા પુષ્પફળના;
મંદ હાસ્યે કરી ભવચિંતા હરી,
શાંતિ દે નરહરિ શ્યામવરણા. ......૧.

અંત અનંત ના જો હવે ચિદ્ઘના,
ના રહે તુજ વિના પ્રાણ ઝાઝા;
શે થયો ચંદ્રમા તપ્ત? પૃથ્વી ક્ષમા,
છોડી દે અર્યમા[૩] કેમ માઝા? ......૨.

શરણ ભાવે થતાં ના રહે ત્યાં કથા
દુ:ખની હે તતા[૪]! બ્રિદ તારું;
કેમ ભૂલી દમે ભક્તજન આ સમે?
કાં ઉપેક્ષા ગમે? દૈવ મારું! ......૩.

દાર[૫] ઘર વિસરી ત્વત્પદે નત હરિ!
જનિમૃતિ[૬] સંહરી તાર વેગે;
ભ્રાન્ત[૭] ભવકાનને શ્રાન્ત[૮] શાસ્ત્રાટને,
ક્ષાળ[૯] કર્દમ[૧૦] મુને! જ્ઞાનમેઘે ......૪.

વિષયધૂલી ઊડે સૂઝ કંઇ નવ પડે,
આંખ ચોળી રડે જીવ હારી,
[૧૧]વિરતિજલધારથી [૧૨]બોધઆસારથી,
સ્વાત્મવિચારથી ઠાર હાળી[૧૩]. ......૫.

---

૧. પાપનો નાશ કરનાર ૨. સંસારને જીતનાર ૩. પિતૃઓના અધિષ્ઠાતા ૪. હે તાત! ૫. સ્ત્રી ૬. જન્મ-મરણ ૭. ભૂલો પડેલો ૮. થાકેલો ૯. ધો ૧૦. વિષયરૂપી કાદવ ૧૧. વૈરાગ્ય ૧૨.બોધરૂપી વરસાદના ઝાપટાંથી ૧૩. (જીવરૂપી) ખેડૂત.

**મન એટલે અંત:કરણની સંકલ્પ વિકલ્પ કરવાની વૃત્તિ.**

દોડ સદ્‌ગુરુવરા કર હવે તો ત્વરા,
આવી આખર જરા[1] કાળદૂતી,
**રંગ** શિરનો ફર્યો ચિત્તમળ ના ગળ્યો,
વ્યર્થ દોડી મર્યો કરમ ફૂટી! ......૬.

## ૭. જાગ્યને જોગીડા દત્ત દિગંબરા

જાગ્યને જોગીડા દત્ત દિગંબરા,
તુજ વિના ભક્તઅઘ[2] કોણ હરશે?
કલિ બધે વ્યાપિયો ધર્મ સંતાડિયો,
ધર્મસંસ્થાપના કોણ કરશે? .......ટેક.

નાસ્તિકો નગ્ન[3] થઈ વલ્ગના[4] બહુ કરે,
ઓચરે જેહ મન જેહ ભાવે,
ભક્તિ પંગુ થઈ અન્ય ખંડે ગઈ,
સર્વને શુષ્ક મન જ્ઞાન ભાવે. .......૧.

ત્યાગ-વૈરાગ્યની ઠેકડી સહુ કરે,
ભોગમાં મસ્ત થઈ જગ્ત ડોલે,
દાનવ્રતપૂજને ચિત્ત હા! નવ ઠરે;
વ્હેમ બાધા બધે સ્વૈર[5] ચાલે. .......૨.

ગુરુતણો રાફડો ચોદિશે ફાટિયો,
જેહને જે ગમે તેને મુંડે;
'મુંડને મોક્ષ' એ સૂત્ર સોંઘું થયું,
વ્યાસશાંડિલ્ય ગમ કોણ દોડે? .......૩.

આપપંથી બધા આત્મ નવ ઓળખે,
દેવને ભૂલી મંદિર પૂજે!
**રંગ** મૂગો થઈ તુંહિ તુંહિ ઓચરે,
તું વિના આન[6] નવ કાંઈ સૂઝે!! .......૪.

---

૧. ઘડપણ ૨. ભક્તોના પાપ ૩. નિર્લજ્જ થઈ; મર્યાદા મૂકી દઈ ૪. કૂદાકૂદ ૫. જેને જેમ ફાવે તેમ ૬. બીજું, અન્ય.

**પ્રારબ્ધ એ ઈશ્વરનું તખલ્લુસ છે.**

# ૮. ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે

ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે,
ભક્તિમાં શક્તિ સઘળી પ્રકાશે;
ભક્તિનાવે ચઢી ભક્ત ભવને તરી,
નિજ સ્વરૂપે હરિ તેજ થાશે. ......ટેક.

કોટિ તીર્થો કીધાં પંચગવ્યો[1] પીધાં,
મન તણો મેલ તોયે ગયો ના;
હંસ મોતી ચરે કાક વિષ્ઠા ગળે,
દૈવને[2] દોષ દે મૂઢ નાના. ......૧.

દર્દ અંદર થયું ઉપર ઓસડ કર્યું,
મન તણો મેલ ક્યમ તન ટાળે?
અંધતમ[3] કજ્જલે ના ટળે કો સમે,
દીપ પ્રગટ્યા વિના પ્રભ[4] ન થાએ. ......૨.

ભ્રમ ભાંગ્યા વિના બ્રહ્મ નવ સાંપડે,
બ્રહ્મ જાણ્યા વિના ભય ન જાયે;
સંતસેવા વિના વાટ નવ એ જડે,
માન[5] મૂક્યા વિના ભાન ના’વે. ......૩.

મન માર્યા વિના મુક્તિ ભેંટે નહિ,
શાંતિ પામે નહિ સોડ તાણ્યે,
સત્ય અસત્યની જુક્તિ જાણ્યા વિના,
**રંગ** ભવપીડ તે કેમ જાયે? ......૪.

---

૧. ગાયનું દૂધ, દહીં, ઘી, મૂત્ર અને છાણનો સમૂહ ૨. નસીબને ૩.ગાઢ અંધકાર ૪. પ્રકાશ ૫. અભિમાન.

**પ્રારબ્ધ તો પુરુષાર્થની પાછળ ચાલે છે.**

# ૯. હોય દેવાંશી તે દેવને ઓળખે

હોય દેવાંશી તે દેવને ઓળખે,
ભૂત ભક્તિ કરે ભૂત[1] કેરી;
કાગને મોતીડાં કંઠ નવ ઊતરે,
નરક[2] દેખી ચળે જીભ મેલી. ......ટેક.

પતિવ્રતા હોય તે કંથને પૂજતી,
વારવનિતા[3] વરે જાર દેખી;
ભક્તને અન્ય ભગવાન વિણ નવ ગમે,
દૂર દોડે ડરી દંભ પેખી. ......૧.

સિંહશિશુ ગર્દભી દૂધ નવ તે પીએ,
છો મરે ભૂખથી નિબિડ-રાને[4];
દેવપ્યાસી મને દેહદુગ્ધા નહિ,
રીઝતો નવ કદી વિષયપાને. ......૨.

ચંદ્ર ચકોર શું પ્રીત લાગી મને,
તેહની ગત જતિ તે જ જાણે;
અન્ય મતિ મોહમાં અંધ થઈ આથડે,
કીચડે કાચબો મોજ માણે. ......૩.

દ્વિજગણો[5] અર્ક[6] દેખી મને રીઝતા,
ઉલ્લૂ[7] ઓથે ભમે તમવિહારી[8];
સંસૃતિ[9]-પૂજકો સંસૃતિમાં ભમે,
ચોરને મન ગમે રાતી કાળી. ......૪.

કો નમે નામને કો નમે દામને,
ચામ દેખી મને કોઈ માતું!
જેહને જેહની સાથ લગની લગી,
તેહનું મન તેમાં જ રાતું!! ......૫.

---

૧. પંચમહાભૂતોની ૨. વિષ્ઠા ૩. વેશ્યા ૪. ઘોર જંગલમાં ૫. પક્ષીઓ ૬. સૂર્ય ૭. ઘૂવડ ૮. અંધારે ફરનારું ૯. સંસાર.

**તમે જ તમારા ભાગ્ય (પ્રારબ્ધ)ના સ્રષ્ટા છો.**

નામ ને રૂપમાં સૃષ્ટિ સારી રમે,
નામી અરૂપ છે દિવ્ય **રંગા;**
પાસ છે પ્રેમીને આઘે અધર્મીને,
હૃદયમાં દેવ જો દિલ ચંગા! ......૬.

## ૧૦. એક અક્ષર અવિનાશ વ્યાપ્યું બધે

એક અક્ષર અવિનાશ વ્યાપ્યું બધે,
તે જ તું તે જ તું વેદ બોલે;
આંખ ખોલી સખે દેખ અંદર હૃદે,
શ્વાસ શ્વાસે પ્રભુ કોણ બોલે? ......ટેક.

શુદ્ધ તું બુદ્ધ તું મુક્ત તું પ્રાણિયા,
બંધને કાં પડે આપમેળે?
અજ[1] અવિનાશ અક્ષર બધે વ્યાપિયો,
જળથળે આપથી આપ ખેલે. ......૧.

શરીર મન ઇંદ્રિયોથી અતિ વેગળો
પંચભૂતો થકી ના પમાએ;
સૃષ્ટિ મુજરો કરે સૃષ્ટિકર્તા તુને,
કુન[2] થકી તુજની મોત ધાએ. ......૨.

જન્મ ને મૃત્યુ એ કલ્પના તાહરી,
પાપ પુણ્યો ડરી પાસ નાવે;
ચંદ્ર ને સૂર્ય બે ગેંદથી ખેલતો;
દિવસરાતી કરી જગ નચાવે! ......૩.

કોટિ બ્રહ્માંડ પેદા કરી પલકમાં,
પલકમાં લય કરે આત્મમાંહે;
આદિ અંતે બધે એક નિર્મળ હરિ,
મધ્યમાં નાટકી સ્વપ્ન સોહે. ......૪.

---
૧. અજન્મા ૨. આજ્ઞાથી.

**પ્રારબ્ધને ભરોસે બેસી રહેવું એ નિર્બળતાની નિશાની છે.**

ઊઠ જાગ્રત થઈ સ્વપ્નસુખ પરિહરિ,
સદ્‌ગુરુપદ ગ્રહી જાણ રંગા;
મોહનિદ્રા ત્યજી જ્ઞાનજાગૃતિ વરી,
આત્મધન સંગ્રહી ભવભંગા! ......૫.

## ૧૧. આવ દિગંબરા દત્ત કરુણાકરા

આવ દિગંબરા દત્ત કરુણાકરા,
તુજ વિના ચેન નવ કાંઈ પડતું;
ગેહઉદ્યોગમાં[૧], ચિત્ત નવ આ ઠરે,
વ્રેહના[૨] દુઃખથી નિત્ય રડતું ........ટેક.

ખાન ને પાન મન ઝેર સમ લાગતાં
વસ્ત્ર વિભૂષણો પ્રેતભૂષા;
ઊંચી અટારી ને મેડી સમશાનવત્,
શૂન્ય ખાવા ધસે ભૂતવેષા! ........૧.

ગાય વિણ વાછડું દીન જયમ બાપડું,
ચંદ્ર વિણ સૂતકી કાળી રાતી;
માત વિણ તોક[૩] આક્રંદનો પાર નવ,
તું વિના દુઃખથી ફાટે છાતી! ........૨.

કાષ્ઠ થઈ પાવડી પાંવની તુજ બનું,
મૃદ્[૪] બની કેશ કાળા પખાળું!
દેહ બાળી બનું ભસ્મ ભીતિહરા,
અંગ પર જો ધરે તું કૃપાળુ!! ........૩.

મૃગ થઈ [૫]વ્યાધથી દેહ વીંધાવું આ,
અજિન[૬] થઈ બેસવા કામ લાગું!
શ્વાન થઈ મંદિરે નિત્ય ચોકી કરું,
દરશ વિણ આન નવ કાંઈ માગું!! ........૪.

૧. ઘરધંધામાં ૨. વિયોગ ૩. બાળક ૪. માટી. ૫. શિકારી ૬. મૃગછાલા.

હૃદયમંચક[1] કરી સાફ રાખ્યો હરિ,
પ્રેમજલ પાદ્યથી[2] પગ ધોઉં;
સત્યશૌચાદિ પુષ્પે કરું અર્ચના,
બાળીને કામક્રુધ ધૂપ દેઉં! ........૫.

દ્વૈત ભોજન ધરું પેય અઘ[3] આગળું,
**રંગ** તાંબૂલ[4] મુખશુદ્ધિ સારુ;
દોડ ને દોડ જોગીવરા શ્રીધરા,
તુજ વિના જીવન લાગે ખારું!! ........૬.

## ૧૨. વંદન

જે જે સ્થળે આ મન જાય મારું,
તે તે સ્થળે સદ્‌ગુરુ રૂપ તારું;
જ્યાં જ્યાં મૂકું મસ્તક હું ગુરો હે!
ત્યાં ત્યાં પદદ્વંદ્વ તારાજ સોહે!

**અવધૂત ચિંતન શ્રીગુરુદેવ દત્ત !**

શ્રીમત્ પરમ સદ્‌ગુરુ શ્રીવાસુદેવાનંદસરસ્વતી
સ્વામી મહારાજ કી જય
ભગવતી રુકમામ્બા માત કી જય!
શ્રીમત્ સદ્‌ગુરુ શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ કી જય!
ગુરુદેવ દત્ત! ગુરુદેવ દત્ત!! ગુરુદેવ દત્ત!!!
નર્મદે હર!

૧. બાજઠ ૨. ગંધાક્ષતાદિથી યુક્ત પગ ધોવાનું પૂજાજળ ૩. પાપ. ૪. વિષયાસક્તિ.

**પ્રારબ્ધ હંમેશા પરિશ્રમની સાથે ચાલે છે.**

# ૧૩. રેવાગીતમ્

ગાયતિ રેવા રવ-મધુરમ્ ||ધ્રુવ||

હર હર ૐ ૐ, હર હર ૐ ૐ| હર હર ૐ ૐ હર હર ૐ|
સાયં પ્રાત: પ્રાત: સાયં, હર હર ૐ ૐ, સતતમિતિ||...ગાયતિ.

મેકલજાતા મનસિ વિભાતા| રૌતિ કલં કિમપીહ ચિરમ્|
ત્વમહમહં ત્વં, ત્વમહમહં ત્વં |
ત્વમહમહં ત્વં, ત્વમહમિતિ||...ગાયતિ.

તડિદુજ્જવલ જલમુખત: સ્તૌતિ | નીરઝંમ્ નાનારંઝંમ્ |
બ્રહ્માહં ત્વં બ્રહ્મૈવેદંજલશીકરવદભિન્નમિતિ||...ગાયતિ.

નર્મદા માત કી જય

## ઉષ:પ્રાર્થના-અર્થ

## ૮. ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે

ભેદવૃત્તિ શોક કરાવે છે જ્યારે અભેદવૃત્તિ મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. ભક્તિમાં બધી શક્તિ જોવા મળે છે. ભક્તિરૂપી નાવમાં બેસીને ભક્ત આ ભવસાગર તરી જઇને સ્વસ્વરૂપમાં પોતે જ શ્રી હરિ થઇ જશે. ........ટેક.

કરોડો તીર્થો ફર્યા, પંચગવ્ય(ગાયનું દૂધ, દહીં, ઘી, મૂત્ર અને છાણનો સમૂહ)નું પાન કર્યું, તો પણ મનનો મેલ (રાગ અને દ્વેષ) દૂર ન થયો. હંસ મોતીનો ચારો ચરે છે જ્યારે કાગડો વિષ્ટા (નરક) ખાય છે. ઘણા મૂઢ લોકો આમાં પ્રારબ્ધને દોષ દે છે. .....૧.

દરદ શરીરના અંદરના ભાગમાં થયું છે અને દવા શરીરના બહારના ભાગ ઉપર કર્યાનો શો અર્થ? શરીરથી કરેલા બાહ્ય કાર્યો મનના રાગ દ્વેષનો કેવી રીતે નાશ કરી શકે? ગાઢ અંધકાર કાજળથી કોઈપણ રીતે દૂર થઇ શકે નહિ. દીવો પ્રગટાવ્યા વિના પ્રકાશ થતો નથી. ........૨.

ભ્રમ દૂર કર્યા વિના બ્રહ્મની પ્રાપ્તિ થતી નથી અને બ્રહ્મને જાણ્યા વિના ભવભય દૂર થતો નથી. સંતોની સેવા કર્યા વિના એ રસ્તો જડતો નથી અને અભિમાન છોડ્યા વિના સાચી સમજ આવતી નથી. ........૩.

**પ્રારબ્ધ પુરુષાર્થ કરનારને મદદ કરે છે.**

મનનો નાશ કર્યા વિના મુક્તિ મળતી નથી અને સોડતાણીને સૂઈ રહેવાથી શાંતિ મળતી નથી. સત્ય-અસત્ય વચ્ચેના ભેદને જાણ્યા વિના આ સંસારની યાતના તો હે રંગ કેમ કરીને દૂર થશે? ........૪.

## ૯. હોય દેવાંશી તે દેવને ઓળખે

દેવનો અંશ ધરાવતો હોય એ જ (દૈવી વ્યક્તિ જ) દેવને ઓળખી શકે. ભૂતવૃત્તિવાળો ભૂતની જ ભક્તિ કરે છે. કાગડો મોતી ખાઈ શકતો નથી અને વિષ્ટા જોતાંની વેંતમાં જ ખરાબ વસ્તુ ખાવા ટેવાયેલી એની જીભમાં પાણી છૂટે છે. ........ટેક.

પતિવ્રતા સ્ત્રી હોય તે પતિની પૂજા કરે છે પણ વેશ્યા સ્ત્રી તો પર પુરુષને જોઈને જ એના તરફ ઢળે છે. ભક્તને ભગવાન સિવાય બીજું કશું ગમતું જ નથી. દંભ જુએ ત્યાંથી ડરીને દૂર જતો રહે છે. ........૧.

સિંહનું બચ્ચું ઘોર જંગલમાં ભૂખે ટળવળીને મરી જશે પણ ગધેડીનું દૂધ પીશે નહિ. દેવના દર્શનની તાલાવેલી લાગી હોય એવા મનને શારીરિક સુખની ઈચ્છા હોતી નથી અને તેથી વિષયોપભોગમાં એને કદી આનંદ મળતો નથી. ........૨.

જેના મનમાં (ભગવાન પ્રત્યેની પ્રીત) ચંદ્ર અને ચકોર જેવી પ્રીત હોય છે તેની દશા તો તેના જેવી વ્યક્તિ જ જાણી શકે છે. કાચબો જેમ કીચડમાં આનંદ માણે છે તેમ આવી પ્રીત સિવાયની મતિ તો મોહમાં ભાન ભૂલીને અથડાયા કરે છે. ........૩.

સૂર્યને જોઈને બ્રાહ્મણો મનમાં પ્રસન્નતા અનુભવે છે જ્યારે અંધારામાં ફરનારું ઘુવડ કશાની ઓથમાં લપાતું ફરે છે. સંસારમાં રચ્યા પચ્યા રહેનારા સંસારમાં ભટક્યા કરે છે. ચોરના મનને તો કાળી અંધારી રાત જ પસંદ પડે છે. ........૪.

કોઈ કીર્તિની પાછળ પડ્યું છે તો કોઈ પૈસાની પાછળ પડ્યું છે. તો કોઈ સ્પર્શ સુખ મળે તો આનંદ માને છે. જેને જેની લગની લાગી હોય તેનું મન તે વસ્તુમાં જ આનંદ માણતું હોય છે. ........૫.

હે રંગ! સારું ય જગત નામ અને રૂપમાં રચ્યું પચ્યું રહે છે. પરંતુ નામી તો રૂપ વગરનો અને દિવ્ય છે. એ પ્રેમીની પાસે છે અને અધર્મીથી દૂર રહે છે. જો અંતઃકરણ શુદ્ધ (પવિત્ર) હોય તો હૃદયમાં જ દેવના દર્શન થાય છે- અનુભવ થાય છે. ........૬.

**કાર્યો ઉદ્યમથી સફળ થાય છે, મનોરથો સેવવાથી નહિ.**

# ૧૦. એક અક્ષર અવિનાશ વ્યાપ્યું બધે

એક, અક્ષર અને અવિનાશી એવું બ્રહ્મ બધે વ્યાપીને રહેલું છે. તે (તત્- બ્રહ્મ) જ તું (ત્વમ્-જીવ) છે, તત્ત્વમસિ એવું વેદ (સામવેદ) કહે છે. હે મિત્ર! તું આંખ ખોલીને હૃદયની અંદર જો. દરેક શ્વાસે ક્યો પ્રભુ બોલી રહ્યો છે? ........ટેક.

હે જીવ! તું શુદ્ધ છે, તું બુદ્ધ (જ્ઞાની) છે, અને તું મુક્ત છે (તને બંધન નથી.) પછી હાથે કરીને તું જાતે શું કામ બંધને પડે છે? અજન્મા, અવિનાશી અને અક્ષય એવો ઈશ્વર બધે વ્યાપી રહ્યો છે. પૃથ્વી અને પાણીમાં બધે એ પોતે જ પોતાની સાથે રમી રહ્યો છે. ........૧.

એ પરબ્રહ્મ શરીર, મન અને ઇંદ્રિયોથી પર છે. એને (આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી) એ પાંચભૂતોથી પામી શકાતો નથી. હે સૃષ્ટિના સર્જનહાર! આ સમગ્ર સૃષ્ટિ તને રાજી રાખવા માટેનો પ્રયત્ન કરે છે. તારી આજ્ઞાથી કાળ પણ દોડાદોડ કરે છે. ........૨.

જન્મ અને મૃત્યુ એ તો તેં કરેલી કલ્પનામાત્ર છે. પાપ અને પુણ્યો તારાથી ડરે છે અને તેથી પાસે આવતા નથી. તું ચંદ્ર અને સૂર્યરૂપી દડાથી રમત રમી દિવસ રાત કરીને આ જગતને રમાડે છે, નચવે છે. ........૩.

તું પળવારમાં તારામાંથી કરોડો જગતનું સર્જન કરે છે અને પળવારમાં તારામાં જ એનું વિસર્જન- લય પણ કરે છે. આદિમાં અને અંતમાં બધે કેવળ એક નિર્મળ શ્રી હરિ જ રહેલો છે. વચ્ચે વચ્ચે આ જગતનું નાટકરૂપ સોહામણું શમણું જણાય છે. ........૪.

હે જીવ! તું સોહામણા શમણાનું સુખ ત્યજીને જાગી જા અને ઊઠીને સદ્ગુરુના પગ પકડી લે. મોહરૂપી નિદ્રા છોડીને અને જ્ઞાનરૂપી જાગૃતિને આત્મસાત્ કરીને સંસારનો નાશ કરનાર આત્મજ્ઞાનરૂપી ધનનો સંગ્રહ કરી લે. ........૫.

સૂતેલા સિંહના મોંમાં હરણો પ્રવેશતા નથી.

# પ્રાર્થના-રવિવાર

## ૧. દત્તપ્રબોધસ્તવ: ।

અજિતામૃતયોગનિદ્રિતાચ્યુતશક્તે: સ્વકૃતાતિમોહિત।
ધ્રુમુખે શ્રુતિબન્દિગીતતો ભગવગ્જાગૃહિ જાગૃહિ ત્ર્યધીટ્ ॥

નિત્યો હિ યસ્ય મહિમા ન હિ માનમેતિ
સ ત્વં મહેશ ભગવન્મઘવન્મુખેડચ ।
ઉત્તિષ્ઠ તિષ્ઠદમૃતૈરમૃતૈરિવોક્તૈર્-
ગીતાગમૈશ્ચ પુરુધા પુરુધામશાલિન્ ॥૧॥

ભક્તેષુ જાગૃહિ મુદા હિ મુદારભાવં
તલ્પં વિહાય સવિશેષ વિશેષહેતો: ।
ય: શેષ એષ સકલ: સકલસ્વગીતૈ-
સ્ત્વં જાગૃહિ શ્રિતપતે તપતે નમસ્તે ॥૨॥

દૃષ્ટવા જનાન્ વિવિધ કષ્ટવશાન્દયાલુ-
સ્ત્ર્યાત્મા બભૂવ સકલાર્તિહરોડત્ર દત્ત: ।
અત્રેર્મુને: સુતપસોડત્ર ફલં ચ દાતું
બુધ્યસ્વ સ ત્વમિહ યન્મહિમાનિયત્ત: ॥૩॥

આયાત્યશેષવિનુતોડપ્યવગાહનાય
દત્તોડધુનેતિ સુરસિન્ધુરપેક્ષતે ત્વામ્ ।
ક્ષેત્રે તથૈવ કુરુસંજ્ઞક એત્ય સિદ્ધા-
સ્તસ્થુસ્તવાચમનદેશ ઈનોદયાત્પ્રાક્ ॥૪॥

સન્ધ્યામુપાસિતુમજોડપ્યધુનાગમિષ્ય-
ત્યાકાંક્ષતે કૃતિજન: પ્રતિવીક્ષતે ત્વામ્ ।
કૃષ્ણાતટેડપિ નરસિંહસુવાટિકાયાં
સારાર્તિક: કૃતિજન: પ્રતિવીક્ષતે ત્વામ્ ॥૫॥

**આપણા પ્રારબ્ધને આપણે જ યોગ્ય આકાર આપવાનો છે.**

ગન્ધર્વસંજ્ઞકપુરેડપિ સુભાવિકાસ્તે
ધ્યાનાર્થમત્ર ભગવાન્સમુપૈષ્યતીતિ ।
મત્વાસ્થુરાચરિતસંનિયતાપ્લવાદ્યા
ઉત્તિષ્ઠ દેવ ભગવન્નત એવ શીઘ્રમ્ ॥૬॥

પુત્રી દિવઃ ખગગણાન્સુચિરં પ્રસુપ્તા-
નુત્પાતયત્યરુણગા અધિરુહ્ય તુષાઃ ।
કાષાયવસ્ત્રમપિધાનમપાવૃણૂધ્વન્
તાર્ક્ષ્યાગ્રિજોડયમવલોક્ય તં પુરસ્તાત્ ॥૭॥

શાટીનિભાભ્રપટલાનિ સુરેન્દ્રકાષ્ઠા-
ભાગં યતીન્દ્ર રુરુધુર્ગરુડાગ્રજોડતઃ ।
અસ્માભિરીશ વિદિતો હ્યુદિતોડયમેવ
ચન્દ્રોડપિ તે મુખરુચિં ચિરગાં જહાતિ ॥૮॥

દ્વારેડર્જુનસ્તવ ચ તિષ્ઠતિ કાર્તવીર્યઃ
પ્રહલાદ એષ યદુરેષ મદાલસાજઃ ।
ત્વાં દ્રષ્ટુકામ ઇતરે મુનયોડપિ ચાહ-
મુતિષ્ઠ દર્શય નિજં સુમુખં પ્રસીદ ॥૯॥

એવં પ્રબુદ્ધ ઇવ સંસ્તવનાદભૂત્સ
માલાં કમંડલુમથો ડમરું ત્રિશૂલમ્ ।
ચક્રં ચ શંખમુપરિસ્થકરૈર્દધાનો
નિત્યં સ મામવતુ ભાવિતવાસુદેવઃ ॥૧૦॥

**આજનો પુરુષાર્થ આવતી કાલનું ભાગ્ય છે.**

# ૨. બિરુદાવલિ-ચતુષ્ટય

૧. અખંડભૂમંડલાચાર્ય, વૈદિકધર્મપ્રચારક, યોગમાર્ગપ્રવર્તક, અત્રિવરદ, અનસૂયાનંદન, પરબ્રહ્મસ્વરૂપ, શ્રીમદ્ દત્તાત્રેયાવધૂતો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ||

૨. સકલવિદ્યાવારિધિ-પારગ, ઋતંભરપ્રજ્ઞાપારમિત, શાસ્ત્રવિહિતાચારવિગ્રહ, રચિતાખિલદત્તવાઙ્મય, યોગશ્રી-વિલસિત-વદનામ્બુજ, ગણેશ-રમા-મ્બાનન્દન, પરમહંસ-પરિવ્રાજકાચાર્ય, દત્તાત્રેયાત્મક યતિવર, શ્રીમદ્વાસુદેવાનન્દો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ||

૩. સમસ્તજગદુત્પત્તિ- સ્થિતિ - પ્રલયકારક પ્રરબ્રહ્માપરાવતાર-શ્રીમદ્-રંગાવધૂત-જનિપાલનકારણભૂતા, નાનાવિધ-કલેશ-કલમેષ્ટ-મિત્રમંડલસહિતા, નારેશ્વરાશ્રમ-ભારધારણ-નિપુણા, રંગરાજભિક્ષાન્નપાત્ર-પૂરણ-પ્રવણાન્નપૂર્ણા, જગન્માતૃપદમવસ્થિતા, પરામ્બા, શ્રીમતી ભગવતી રુક્મામ્બા વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ||

૪. અનન્તકોટિબ્રહ્માંડનાયક, જ્ઞાનકર્મોપાસના-માર્ગત્રયપ્રવર્તક, દકારાદિ-દિવ્યવિદ્યાપ્રદાયક, શ્રીમદ્દત્તાત્રેયાપરાવતાર, વિઠ્ઠલરુકમામ્બાનંદન, યતિવર, શ્રીમદ્ ભગવદ્ રંગાવધૂતો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ||

**હિંમત રાખીને કામ કરનારને જ ભાગ્ય સાથ આપે છે.**

## ૩. મંગલ આરતી

## આનંદવાજાં વાગે ગગનમાં

(રાગ-મિશ્ર કલ્યાણ; તાલ-ધુમાલી)

આનંદવાજાં વાગે ગગનમાં,
ઘણણણ ઘંટા ભેરી! (૨)
મંગલ આરતી થાએ મારા ગુરુની,
મંગલ આરતી કરું મારા ગુરુની,
સત્ ચિત્ આનંદ હેલી! (૨) .........ટેક.

બ્રહ્માહરિહર એક સ્વરૂપે (૨),
કરે અગમગઢ કેલિ! (૨)
શૂન્ય શિખર પર શબ્દ સૂણાએ (૨),
ચાલ દોડ અલબેલી!! .........આનંદ. ૧.

પ્રાણ-પડઘમે શ્વાસા દાંડી (૨),
ઘડુડુડુ નોબત ઘેરી! (૨)
શબ્દ અશબ્દની વચમાં હેલી (૨),
નાચે અપસરા ઘેલી!!(૨) .........આનંદ. ૨.

થેઈ થેઈ થન્થન્ ઘડુડુડુ ધમ્ધમ્ (૨)
ખમા ખમા રંગરેલી (૨),
જ્ઞાન-વિજ્ઞાને જ્યોતિ પ્રગટતાં (૨),
પિંડ બ્રહ્માંડની હોળી!!(૨) ...આનંદ.૩.

આપહી ગાવત આપ બજાવત (૨)
ફિરે આપ ફંફેરી (૨);
જ્યાં ત્યાં આપે આપ ભરાયો (૨)
એહી દેવ યહ ડેરી!!(૨) .........આનંદ. ૪.

બં બં ભોલા ગુરુ ગિરનારી (૨),
દત્ત દિગંબર લ્હેરી (૨),
સૂરત નૂરત બીચમેં મૂરત (૨)
દેખે **રંગ** ગુરુચેરી!!(૨) ...આનંદ.૫.

**અરે પ્રારબ્ધ તો ઘેલું રહે છે દૂર માગ્યે તો.**

## ૪. સમર્પણ

કર્પૂરપૂરેણ મનોહરેણ, સુવર્ણપાત્રોદરસંસ્થિતેન ।
પ્રદીપ્તભાસા સહ સંગતેન, નીરાજનં તે જગદીશ કુર્વે ॥
કર્પૂરગૌરં કરુણાવતારં સંસારસારં ભુજગેન્દ્રહારમ્ ।
સદા વસન્તં હૃદયારવિંદે ભવં ભવાનીસહિતં નમામિ ॥

મંગલં ભગવાન્ વિષ્ણુર્મંગલં ગરુડધ્વજ: ।
મંગલં પુંડરીકાક્ષો મંગલાયતનં હરિ: ॥
સર્વમંગલમાંગલ્યે શિવે સર્વાર્થસાધિકે ।
શરણ્યે ત્ર્યંબકે ગૌરિ નારાયણિ નમોઽસ્તુ તે ॥

## અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત

શાન્તં યોગીન્દ્રવર્યં દ્વિજકુલતિલકં શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠં
દત્તાત્રેયં સ્મરન્તં જનહિતનિરતં સચ્ચિદાનંદમગ્નમ્ ।
સિદ્ધં રેવાતટસ્થં નિજપરરહિતં નિત્યમત્તાવધૂતં
સન્તં નારેશ્વરસ્થં મથિતકલિમલં પાંડુરંગં નમામિ ॥

## ૫. અથ પ્રાતઃસ્મરણમ્ ।

પ્રાતર્નમામિ ભગવન્તમનન્તમાદ્યં
સચ્ચિત્સુખાત્મકશિરસ્ત્રિતયં દધાનમ્ ।
ઐશ્વર્યવીર્યયશઆદિભુજૈર્લસન્તં
તં દેવમત્રિવરદં નતદત્તસર્વમ્ .......।૧।

સર્વાત્મકં સકલવંદિતપાદપીઠં
ભક્તાનુરૂપધૃતરૂપમનેકમેકમ્ ।
શાન્તં સદેકનિલયં નિલયાદિહીનં
તં વ્રાત્યવાતરશનં રસનાતિગં કમ્ .......।૨।

યસ્મિન્નિદં જગદશેષમનુપ્રવિષ્ટં
વસ્ત્રે ગુણા ઇવ ગુણાતિગમપ્રમેયમ્ ।
વેદશ્વભિઃ પ્રતિદિનં બહુ શોભમાનં
ભૂતૈઃ સ્મશાનકુહરે તમતકર્યલીલમ્ .......।૩।

માયાપતિં પતિવિહીન નિરસ્તમાયં
યં યોગિભોગિજટિમુણ્ડિન આસ્તુવન્તિ ।
નેતીતિ વેદનિવહાઃ ખલુ યત્ર મૂકાઃ
કોડહં સ્તવે નુ ભગવન્ પ્રણતોડસ્મ્યતો હિ .......।૪।

રંગેણ વિહિતં સ્તોત્રં ચતુઃશ્લોક સમન્વિતમ્ ।
યઃ પઠેત્પ્રાતરુત્થાય તસ્યાહઃ સુખદં ભવેત્ .......।૫।

# ૬. ઊઠ અઘભંજના દત્ત મુનિરંજના

ઊઠ અઘભંજના[1] દત્ત મુનિરંજના,
સંસૃતિગંજના[2] વિશ્વમૂર્તે!
પૂર્ણ કરી કામના સત્ય કર નામના,
દુ:ખ હર વામના ભવ્યમૂર્તે !! ......ટેક.

ભક્ત આવી ખડા બારણે બાપડા,
હાથમાં લઇ પડા પુષ્પફળના;
મંદ હાસ્યે કરી ભવચિંતા હરી,
શાંતિ દે નરહરિ શ્યામવરણા. ......૧.

અંત અનંત ના જો હવે ચિદ્‌ઘના,
ના રહે તુજ વિના પ્રાણ ઝાઝા;
શે થયો ચંદ્રમા તપ્ત? પૃથ્વી ક્ષમા,
છોડી દે અર્યમા[3] કેમ માઝા? ......૨.

શરણ ભાવે થતાં ના રહે ત્યાં કથા
દુ:ખની હે તતા[4]! બ્રિદ તારું;
કેમ ભૂલી દમે ભક્તજન આ સમે?
કાં ઉપેક્ષા ગમે? દૈવ મારું! ......૩.

દાર[5] ઘર વિસરી ત્વત્પદે નત હરિ!
જનિમૃતિ[6] સંહરી તાર વેગે;
ભ્રાન્ત[7] ભવકાનને શ્રાન્ત[8] શાસ્ત્રાટને,
ક્ષાળ[9] કર્દમ[10] મુને! જ્ઞાનમેઘે ......૪.

વિષયધૂલી ઊડે સૂઝ કંઇ નવ પડે,
આંખ ચોળી રડે જીવ હારી,
[11]વિરતિજલધારથી [12]બોધઆસારથી,
સ્વાત્મવિચારથી ઠાર હાળી[13]. ......૫.

---

૧. પાપનો નાશ કરનાર ૨. સંસારને જીતનાર ૩. પિતૃઓના અધિષ્ઠાતા ૪. હે તાત! ૫. સ્ત્રી ૬. જન્મ-મરણ ૭. ભૂલો પડેલો ૮. થાકેલો ૯. ધો ૧૦. વિષયરૂપી કાદવ ૧૧. વૈરાગ્ય ૧૨.બોધરૂપી વરસાદના ઝાપટાંથી ૧૩. (જીવરૂપી) ખેડૂત.

**અનુભવ માણસને ઘડે છે અને વ્યવહારુ બનાવે છે.**

દોડ સદ્‌ગુરુવરા કર હવે તો ત્વરા,
આવી આખર જરા[1] કાળદૂતી,
**રંગ** શિરનો ફર્યો ચિત્તમળ ના ગળ્યો,
વ્યર્થ દોડી મર્યો કરમ ફૂટી! ......૬.

## ૭. જાગ્યને જોગીડા દત્ત દિગંબરા

જાગ્યને જોગીડા દત્ત દિગંબરા,
તુજ વિના ભક્તઅઘ[2] કોણ હરશે?
કલિ બધે વ્યાપિયો ધર્મ સંતાડિયો,
ધર્મસંસ્થાપના કોણ કરશે? .......ટેક.

નાસ્તિકો નગ્ન[3] થઈ વલ્ગના[4] બહુ કરે,
ઓચરે જેહ મન જેહ ભાવે,
ભક્તિ પંગુ થઈ અન્ય ખંડે ગઈ,
સર્વને શુષ્ક મન જ્ઞાન ભાવે. .......૧.

ત્યાગ-વૈરાગ્યની ઠેકડી સહુ કરે,
ભોગમાં મસ્ત થઈ જગ્ત ડોલે,
દાનવ્રતપૂજને ચિત્ત હા! નવ ઠરે;
વ્હેમ બાધા બધે સ્વૈર[5] ચાલે. .......૨.

ગુરુતણો રાફડો ચોદિશે ફાટિયો,
જેહને જે ગમે તેને મુંડે;
'મુંડને મોક્ષ' એ સૂત્ર સોંઘું થયું,
વ્યાસશાંડિલ્ય ગમ કોણ દોડે? .......૩.

આપપંથી બધા આત્મ નવ ઓળખે,
દેવને ભૂલી મંદિર પૂજે!
**રંગ** મૂગો થઈ તુંહિ તુંહિ ઓચરે,
તું વિના આન[6] નવ કાંઇ સૂઝે!! .......૪.

---

૧. ઘડપણ ૨. ભક્તોના પાપ ૩. નિર્લજ્જ થઈ; મર્યાદા મૂકી દઈ ૪. કૂદાકૂદ ૫. જેને જેમ ફાવે તેમ ૬. બીજું, અન્ય.

**અનુભવ એ જ્ઞાનનો માર્ગદર્શક છે.**

# ૮. છો સુખે નિંદતા નિંદકો હરિ મને

છો સુખે નિંદતા નિંદકો હરિ મને,
લાજ મારી તને દેવદેવા;
ભક્તિમાં ભ્રષ્ટતા દેખશે દુર્જિનો,
ઊલટ આણી કરું તુજ સેવા. ......ટેક.

સ્નાન ને ધ્યાનની વાત જાણું નહિ,
પાઠપૂજા વિષે મતિ ન ચાલે;
વેદ ને શાસ્ત્ર ગમ દોડવું શી ગતે?
સૂત્ર ખેંચે ત્યમ દેહ હાલે. ......૧.

હીન ને દીન પણ તાહરો શ્રીધરા,
દત્ત જોગીશ્વરા દાસ કહાઉં;
શ્વાન શ્રીમંતનું માન પામે ઘણું,
ત્વદ્‌યશોગાનથી ધન્ય થાઉં. ......૨.

ત્રિશૂલ કરમાં ગ્રહી ત્રિગુણ મમ સંહરી,
'હું અને માહરું' નાખ છેદી;
જ્ઞાનજલ ઘૂંટડો પાઈ કરતુંબીથી,
ચક્રથી ચક્ર ભવ નાખ ભેદી. ......૩.

મંત્ર માળા ગ્રહી પ્રણવ ડમરુ સહી,
કર્મનાં ભૂતને દે ભગાડી;
શંખહુંકારથી ભસ્મ ભીતિ કરી,
પાપ ને પુણ્યને દે નસાડી. ......૪.

કંઈક પંથે પળ્યા, કંઈક તુજમાં ભળ્યા,
કંઈકનાં ગાન તે દેવ ગાતા;
**રંગ** ભિખારી ભારે થયો શું પ્રભો!
ક્યાં લગી અંત જોશે વિધાતા? ......૫.

અનુભવ એટલે પોતે કરેલી ભૂલોનો સરવાળો.

# ૯. શી કરું અર્ચના દત્ત દયાઘના?

શી કરું અર્ચના દત્ત દયાઘના!
તું વિના કાંઇ નવ આન ભાસે;
દેહમંદિર વિષે આત્મ થઇ તું વસે,
બુદ્ધિવૃત્તિ વિષે તું જ કાસે[1]. ......ટેક.

શૂન્યમાં શબ્દ તું વાતમાં સ્પર્શ તું,
તેજમાં રૂપ તું પ્રેમઘેલા;
વારિમાં[2] રસ થઇ પૃથ્વી ગંધે ભરી,
રૂપ રૂપે રહી કરત લીલા. ......૧.

કોઇ નિર્ગુણ કહે સગુણ કો મન ધરે,
ગુણગુણાતીત છે રૂપ તારું;
દ્વૈત અદ્વૈતની વાતથી વેગળું,
સમરસે રૂપ તુજ દિવ્ય ન્યારું! ......૨.

મોજું ચૈતન્યનું માનવી મન અણુ,
નામરૂપે કરી નૃત્ય કરતું;
કોટિ રૂપો ધરી આપથી રાચતું,
અંત અબ્ધિ[3] વિષે શાંત થાતું. ......૩.

ખેલ ખેલાડી તું ગુપ્ત રૂપે રહી,
જ્ઞાનદષ્ટિ વિષે પ્રગટ થાતો;
દેખીને સંતા-કૂકડી તાહરી,
વિધિ[4] હરિહર મને હરખ થાતો! ......૪.

કોઇ સ્રષ્ટા[5] કહે, કોઇ ભર્તા કહે,
કોઇ સંહારથી શરણ લેતું;
સૃષ્ટિ સ્રષ્ટા તણું ઐક્ય નિહાળીને,
કોઇ એકેશ્વરી ગાન ગાતું! ......૫.

---

૧. પ્રકાશે ૨. જળમાં ૩. સમુદ્ર ૪. બ્રહ્મા ૫. બ્રહ્મા.

**પ્રેમ એટલે આચરણમાં મૂકેલી શ્રદ્ધા.**

બે નહીં એક ત્યાં શબ્દ ક્યમ નીસરે?
વાણી વિરામતી આત્મદેવા;
હું અને તું તણી ગોઠડી ગુમ થઈ,
મૌનમાં **રંગ** મન મિષ્ટ મેવા!! ......૬.

## ૧૦. આજ આનંદનું પૂર ઉરમાં વહે

આજ આનંદનું પૂર ઉરમાં વહે,
છોળ બ્રહ્માંડમાં ના સમાએ;
ચિત્ત ચૈતન્યરૂપે થયું પલકમાં,
ખલકનું નામ ત્યાં ના જણાએ. ......ટેક.

ચેત્ય ચૈતન્યનું નામ ના ત્યાં અણુ,
ગેય ગાનારનું વ્યર્થ ગાણું;
એક અનેક રૂપે અરૂપી થયું,
ઘટમઠે વ્યોમ જ્યમ ભવ્ય ન્હાનું. ......૧.

મોજું અર્ણવ[૧] મળ્યું આપ અર્ણવ થયું,
નાચવું ના રહ્યું નામદરિયે;
તેડું જમનું ટળ્યું માન[૨] મનનું ગળ્યું,
આપ પર પરવર્યું તેજ ઝડીએ. ......૨.

શૂન્યમાં સહુ મળ્યું આપ અળગું રહ્યું,
શૂન્યસાક્ષી લહ્યું આપ આપે;
બોલવું ના રહ્યું બોબડું સહુ કહ્યું,
કો લહે શું થયું મૂળ છાપે? ......૩.

ના થયું ના ગયું જેમનું ત્યમ રહ્યું,
**રંગ** કાંચન સમું ઘાટઘાટે;
ના લહી જાણવું આપ અંગે થવું,
કાં વૃથા દોડવું સ્વપ્નહાટે? ......૪.

૧. સમુદ્ર ૨. અભિમાન.

**સેવા એટલે આચરણમાં મૂકેલો પ્રેમ.**

# ૧૧. આવ દિગંબરા દત્ત કરુણાકરા

આવ દિગંબરા દત્ત કરુણાકરા,
તુજ વિના ચેન નવ કાંઈ પડતું;
ગેહઉદ્યોગમાં[૧], ચિત્ત નવ આ ઠરે,
વ્રેહના[૨] દુ:ખથી નિત્ય રડતું ........ટેક.

ખાન ને પાન મન ઝેર સમ લાગતાં
વસ્ત્ર વિભૂષણો પ્રેતભૂષા;
ઊંચી અટારી ને મેડી સમશાનવત્,
શૂન્ય ખાવા ધસે ભૂતવેષા! ........૧.

ગાય વિણ વાછડું દીન જયમ બાપડું,
ચંદ્ર વિણ સૂતકી કાળી રાતી;
માત વિણ તોક[૩] આક્રંદનો પાર નવ,
તું વિના દુ:ખથી ફાટે છાતી! ........૨.

કાષ્ઠ થઈ પાવડી પાંવની તુજ બનું,
મૃદ્[૪] બની કેશ કાળા પખાળું!
દેહ બાળી બનું ભસ્મ ભીતિહરા,
અંગ પર જો ધરે તું કૃપાળુ!! ........૩.

મૃગ થઈ [૫]વ્યાધથી દેહ વીંધાવું આ,
અજિન[૬] થઈ બેસવા કામ લાગું!
શ્વાન થઈ મંદિરે નિત્ય ચોકી કરું,
દરશ વિણ આન નવ કાંઈ માગું!! ........૪.

હૃદયમંચક[૭] કરી સાફ રાખ્યો હરિ,
પ્રેમજલ પાદ્યથી[૮] પગ ધોઉં;
સત્યશૌચાદિ પુષ્પે કરું અર્ચના,
બાળીને કામક્રુધ ધૂપ દેઉં! ........૫.

---

૧. ઘરધંધામાં ૨. વિયોગ ૩. બાળક ૪. માટી. ૫. શિકારી ૬. મૃગછાલા ૭. બાજઠ ૮. ગંધાક્ષતાદિથી યુક્ત પગ ધોવાનું પૂજાજળ.

**કરુણા એટલે આચરણમાં મૂકેલી દયા.**

દ્વૈત ભોજન ધરું પેય અઘ[1] આગળું,
**રંગ** તાંબૂલ[2] મુખશુદ્ધિ સારુ;
દોડ ને દોડ જોગીવરા શ્રીધરા,
તુજ વિના જીવન લાગે ખારું!! ........૬.

## ૧૨. વંદન

જે જે સ્થળે આ મન જાય મારું,
તે તે સ્થળે સદ્‌ગુરુ રૂપ તારું;
જ્યાં જ્યાં મૂકું મસ્તક હું ગુરો હે!
ત્યાં ત્યાં પદદ્વંદ્વ તારાજ સોહે!

**અવધૂત ચિંતન શ્રીગુરુદેવ દત્ત !**

શ્રીમત્ પરમ સદ્‌ગુરુ શ્રીવાસુદેવાનંદસરસ્વતી
સ્વામી મહારાજ કી જય
ભગવતી રુકમામ્બા માત કી જય!
શ્રીમત્ સદ્‌ગુરુ શ્રીરંગ અવધૂત ગુરુમહારાજ કી જય!
ગુરુદેવ દત્ત! ગુરુદેવ દત્ત!! ગુરુદેવ દત્ત!!!
નર્મદે હર!

૧. પાપ ૨. વિષયાસક્તિ.

# ૧૩. રેવાગીતમ્

ગાયતિ રેવા રવ-મધુરમ્ ||ધ્રુવ||

હર હર ૐ ૐ, હર હર ૐ ૐ| હર હર ૐ ૐ હર હર ૐ|
સાયં પ્રાત: પ્રાત: સાયં, હર હર ૐ ૐ, સતતમિતિ||...ગાયતિ.

મેકલજાતા મનસિ વિભાતા| રૌતિ કલં કિમપીહ ચિરમ્|
ત્વમહમહં ત્વં, ત્વમહમહં ત્વં |
ત્વમહમહં ત્વં, ત્વમહમિતિ||...ગાયતિ.

તડિદુજ્જ્વલ જલમુખત: સ્તૌતિ | નીરજ્ઞમ્ નાનારંજ્ઞમ્ |
બ્રહ્માહં ત્વં બ્રહ્મૈવેદંજલશીકરવદભિન્નમિતિ||...ગાયતિ.

નર્મદા માત કી જય

## ઉષ:પ્રાર્થના-અર્થ

# ૮. છો સુખે નિંદતા નિંદકો હરિ મને

હે હરિ! નિંદા કરનારા ભલે મારી પ્રેમથી નિંદા કરે, પરંતુ હે દેવાધિદેવ! તારે મારી લાજ રાખવાની છે. દુર્જનો તો ભક્તિમાં પણ ભ્રષ્ટતા (દુરાચાર)ને જોશે પરંતુ એ જોઈને તો હું વધારે હોંશથી તારી સેવા કરીશ. ........ટેક.

સ્નાન અને ધ્યાનની વિધિની મને ખબર નથી. પાઠપૂજામાં મારી બુદ્ધિ ચાલતી નથી. વેદ અને શાસ્ત્ર તરફ દોડવાની મારી સમજ નથી. તું જે રીતે દોરી ખેંચશે તે રીતે મારું જીવન ચાલશે. ........૧.

હે શ્રીધરા! હું હીન અને દીન છું છતાં પણ જેવો છું તેવો તારો જ છું. હું તો યોગીશ્વર દત્ત પ્રભુના દાસ તરીકે ઓળખાઉં છું. શ્રીમંત વ્યક્તિનો કૂતરો પણ ઘણા માન-પાન પામે છે. તારા યશોગાન ગાઈને હું તો ધન્ય ધન્ય થઈ જાઉં છું. ........૨.

હે પ્રભુ! તું હાથમાં ત્રિશૂલ ધારણ કરી મારા ત્રણે ગુણો (સત્ત્વ, રજસ અને તમસ)નો નાશ કરી 'હું' અને 'મારું' એ મમતા વૃત્તિને દૂર કર. તારા હાથમાં રહેલા કમંડળમાંથી જ્ઞાનરૂપી જળનો એક ઘૂંટડો પાઈને તું સુદર્શન ચક્રથી મારા સંસારચક્રનો નાશ કર. ........૩.

મંત્રરૂપી માળા ધારણ કરી અને ૐકારરૂપી ડમરુના નાદથી તું કર્મના ભૂતને (કર્મ કર્યા કરવાની વૃત્તિને) ભગાડી દે. શંખ ધ્વનિથી-શંખનાદથી ભયનો નાશ કરી પાપ અને પુણ્યને પણ ભગાડી દે. ........૪.

હે પ્રભુ! કંઈ કેટલા તને પામવાના રસ્તે વળ્યા છે, કંઈ કેટલા તારામાં ભળી ગયા છે અને કેટલાકના ગુણગાન તો દેવો ગાઈ રહ્યા છે. આ બધામાં શું આ રંગ-ભિખારી જ તને ભારે પડ્યો? હે વિધાતા! તું પણ મારી ક્યાં સુધી કસોટી કર્યા કરશે? (મને ક્યાં સુધી તડપાવ્યા કરશે?) ........૫.

## ૯. શી કરું અર્ચના દત્ત દયાઘના?

હે દયાળુ દત્ત પ્રભુ! હું તારી શું પૂજા કરું! મને અહીં તારા વિના બીજું કશું જ દેખાતું નથી. તું જ મારા દેહરૂપી મંદિરમાં આત્મદેવ થઈને વસી રહ્યો છે અને તું જ બુદ્ધિવૃત્તિમાં પ્રકાશે છે. ........ટેક.

આકાશ (અવકાશ-શૂન્ય)માં શબ્દ તું જ છે, વાયુમાં સ્પર્શ પણ તું જ છે, હે પ્રેમમાં ઘેલા પ્રભુ! અગ્નિમાં તેજ પણ તું જ છે. જળમાં રસરૂપે રહી અને પૃથ્વીને ગંધથી ભરી દઈને તું આમ વિવિધ રૂપથી લીલા કરી રહ્યો છું. ........૧.

કોઈ તને નિર્ગુણ કહે છે તો કોઈ તારા સગુણ સ્વરૂપનું ધ્યાન ધરે છે. પણ ખરેખર તો તું સગુણ અને નિર્ગુણ બંનેથી પર છે. તારું રૂપ દ્વૈત અને અદ્વૈતથી અલગ જ છે. તારું સમરસરૂપ દિવ્ય અને અનન્ય છે. ........૨.

ચૈતન્યના મોજામાંથી માનવીના મનમાં અણુ જેટલું ચૈતન્ય પ્રવેશીને નામ તથા રૂપ ધરીને વ્યવહાર કરી રહ્યું છે. કરોડો રૂપ ધરીને પોતાની સાથે જ રમી રહ્યું છે અને પછી આખરે સમુદ્રમાં શાંત થઈ જાય છે. ........૩.

તું ખેલાડી થઈને અદશ્યરૂપે ખેલ ખેલી રહ્યો છું. જ્ઞાનસભર દષ્ટિવાળા જ તને જોઈ શકે છે. તારી આ સંતાકૂકડી (છૂપાવવાની-છતા થવાની) જોઈને બ્રહ્મા-હરિ-હર પણ મનમાં આનંદ અનુભવે છે. ........૪.

કોઈ તને સૃષ્ટિનો સર્જનહાર કહે છે (કર્તા), કોઈ તને સૃષ્ટિનું પાલન પોષણ કરનાર (ભર્તા) કહે છે તો કોઈ તને સૃષ્ટિનો સંહાર કરનાર (હર્તા) માનીને તારું શરણું લે છે. સૃષ્ટિ અને સૃષ્ટિનો સર્જનહાર એ બે એક જ છે એવું દર્શન કરીને કોઈ ૐકાર (એકાક્ષરી)નું ગાન કરે છે. ........૫.

જો દ્વૈત હોય જ નહિ અને અદ્વૈત જ હોય તો પછી બોલવાની વાત જ ક્યાં રહી? હે આત્મદેવ! વાણી પણ શાંત થઈ જાય છે. હું અને તું એવા દ્વૈતનો ભાવ જ નષ્ટ થયો એટલે **રંગ**નું મન તો મૌનમાં પરમાનંદ માણે છે. ........૬.

## ૧૦. આજ આનંદનું પૂર ઉરમાં વહે

આજે અંતરમાં આનંદનું પૂર ઉછાળા મારી રહ્યું છે અને એની છોળ બ્રહ્માંડમાં પણ સમાતી નથી. ચિત્ત (ચિત્ + ત) પલવારમાં ચૈતન્યરૂપ થઈ ગયું છે અને તેથી હવે દુનિયા દેખાતી નથી. ........ટેક.

જ્યાં ચૈતન્ય અને ચૈતન્યવાળો એવું અણુ માત્ર પણ દ્વૈત નથી ત્યાં પછી ગાનાર, ગીત અને ગાનનો ભેદ જ વ્યર્થ છે. એક અને અરૂપી એવું પરબ્રહ્મ અનેકરૂપે પ્રગટ્યું અને ઘટાકાશ તથા મઠાકાશના નાનું આકાશ અને મોટું આકાશ એવું કહેવા પૂરતું ભેદરૂપ રહ્યું. ........૧.

દરિયામાં મોજું ભળી જવાથી પોતે જ દરિયો થઈ જાય છે પછી નામ રૂપી દરિયામાં મોજારૂપે નાચવાનું રહેતું નથી. આ જ્ઞાન થતાં મૃત્યુનો ડર ટળી ગયો છે અને મનમાંથી અહંકારનો નાશ થાયો છે. જ્ઞાનના પ્રકાશપુંજમાં પછી પોતે અને પારકું (હું અને તું) એવો ભેદ જતો રહે છે. ........૨.

પોતાના સિવાય બધું જ શૂન્યમાં મળી ગયું. આત્મા શૂન્યના સાક્ષીરૂપ તટસ્થ ભાવે રહ્યો છે. બોલવાની કાંઈ જરૂર જ ન રહી. આ બધું બોબડું-સમજાય એવું કહ્યું. મૂળ વસ્તુનું શું થયું એ તો કોણ જાણે છે? ........૩.

જેમ સોનાના વિવિધ આકારના ઘરેણામાં સોનું તો હતું તેમનું તેમજ રહ્યું છે તેમ આ સૃષ્ટિના સર્જન પછી પણ પરિબ્રહ્મ તો હતું તેવું ને તેવું જ રહ્યું છે. શાબ્દિક જ્ઞાનને બદલે એનો જાતે અનુભવ કરવો એ મહત્ત્વનું છે. આવી અપરોક્ષ અનુભૂતિ પછી સ્વપ્ન બજાર સમા માયાવી જગતમાં શું કામ નકામી દોડાદોડ કરવી? ........૪.

**પ્રેમની સાચી ભાષા પુષ્પ છે.**

# સાયં પ્રાર્થના

બ્રહ્માનંદં પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિ
દ્વંદ્વાતીતં ગગનસદશં તત્ત્વમસ્યાદિલક્ષ્યમ્ ।
એકં નિત્યં વિમલમચલં સર્વધીસાક્ષિભૂતમ્
ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્‌ગુરું તં નમામિ ॥ ...૧.

નમો ગુરુભ્યો ગુરુપાદુકાભ્યો, નમઃ પરેભ્યઃ પરપાદુકાભ્યઃ ।
આચાર્યસિદ્ધેશ્વર-પાદુકાભ્યો, નમોસ્તુ લક્ષ્મીપતિપાદુકાભ્યઃ ॥ ...૨.

નમો બ્રહ્માદિભ્યો બ્રહ્મવિદ્યાસંપ્રદાયકર્તૃભ્યો ।
નમો વંશઋષિભ્યો નમો વાસુદેવાનંદેભ્યઃ ॥ ...૩.

આનંદમાનંદકરં પ્રસન્નં જ્ઞાનસ્વરૂપં નિજબોધરૂપમ્ ।
યોગીન્દ્રમીડ્યં ભવરોગવૈદ્યં શ્રીસદ્‌ગુરું નિત્યમહં નમામિ ॥ ...૪.

શાન્તં યોગીન્દ્રવર્યં દ્વિજકુલતિલકં શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠમ્
દત્તાત્રેયં સ્મરન્તં જનહિતનિરતં સચ્ચિદાનંદમગ્નમ્ ।
સિદ્ધં રેવાતટસ્થં નિજપરરહિતં નિત્યમત્તાવધૂતમ્
સન્તં નારેશ્વરસ્થં મથિતકલિમલં પાંડુરંગં નમામિ ॥ ...૫.

**પ્રેમ વગર ત્યાગ સંભવતો નથી.**

# શ્રી દત્તરક્ષાસ્તોત્રમ્

દત્તરક્ષાસ્તોત્રનો આ ઋષિ અવ્યક્ત છે સુધી |
અનુષ્ટુપ છંદ છે તેનો દેવતા દત્ત યોગિરાટ્ ||૧||

બીજ **દ્રાં** શક્તિ **હ્રીં ક્લીં** છે કીલક વજ્ર શું મહાન
ધર્મઅર્થકામમોક્ષે વિનિયોગ કહ્યો તિહાં ||૨||

ધ્યાન : માળા કમંડલુ લસે[૧] કર નીચલામાં
ડમરુ ત્રિશૂલ વચલા કરમાં બિરાજે |
ઊંચા દ્વિહસ્તકમલે શુભ શંખચક્ર
એવા નમું વિધિહરીશસ્વરૂપ દત્ત ||૩||

એવું ધ્યાન ધરી પ્રીતે વંદી સાત્વિક ભાવથી
માનસપૂજને હેતે રીઝવું ગુરુદેવને ||૪||

પૃથ્વીતત્ત્વે કરું ટીલું **લં**-બીજે હરખે તિહા
**હં**-બીજે વ્યોમતત્ત્વે ત્યાં અર્પું પુષ્પો યથામતિ ||૫||

**યં**-બીજે ધૂપ વાતાત્મા અગ્ન્યાત્મા દીપ-**રં** વળી
નૈવેદ્યાર્થે અમૃતાત્મા **વં**-બીજે સાદર કર્યો ||૬||

સર્વાત્મા **સં** થકી કલ્પ્યા રહ્યા અન્યોપચાર જે
સર્વાર્પણ બલિ અર્પી દાસ્યે દેહ દમું મુદા ||૭||

રક્ષે દત્તાત્રેય માથું ભાલ અત્રિસુતર્ષભ[૨]
નાસિકા યોગિરાડ્ રક્ષે રક્ષે નેત્ર અનંતદૃક્[૩]||૮||

રક્ષે મોઢું સર્વભક્ષી હોઠ રક્ષે જનાર્દન
રક્ષે જિહ્વા શારદાત્મા રક્ષે દંત દયાનિધિ ||૯||

વનસ્પતીશ કેશોને વાતાશ્વારૂઢ[૪] કર્ણને
રક્ષે હડપચી શૂલી[૫] રક્ષે કંઠ કલાનિધિ ||૧૦||

---

૧. શોભે ૨. શ્રેષ્ઠપુત્ર ૩. જેની આંખોનો પાર નથી તેવા ૪. પવનરૂપી ઘોડા પર બેઠેલા
૫. જેના હાથમાં ત્રિશૂળ છે એવા.

**જીવન એક પુષ્પ છે, પ્રેમ એની સૌરભ છે.**

ખભા ખં બ્રહ્મરૂપી જે કાંડા કૃપાંબુધિ તથા
હાથ હારી[1] અંગુલીઓ રક્ષે આરણ્યવાસી જે ||૧૧||

રક્ષે છાતી સોમભ્રાતા કલેજું કર્મસાક્ષી એ
હરિ હૃદયરક્ષા એ હૃદયસ્થ કરો સદા ||૧૨||

વિશ્વંભર વિશ્વરૂપી રક્ષે પેટ સનાતન
રક્ષે કટિ કામરૂપી જંઘા આજાનબાહુ એ ||૧૩||

ઢીંચણો અત્રિસૂનુ ને ઘૂંટણો ઘનનીલ જે
નખો નાનારૂપધારી[2] વામનાત્મા તથા પદે ||૧૪||

યમરૂપી ગુદા રક્ષે રક્ષે લિંગ પ્રજાપતિ
કર્મેન્દ્રિયો કર્મશૂન્ય જ્ઞાની જ્ઞાનેન્દ્રિયો વળી ||૧૫||

રક્ષે મજ્જા મહામાયી મેદ ત્રૈલોક્યમોહન
માંસ મેધાનિધિ[3] રક્ષે રક્ત લોહિતલોચન[4] ||૧૬||

અસ્થિ આનંદમૂર્તિ એ ત્વચા તારુણ્યમૂર્તિમાન્
રક્ષે વીર્ય ચિરંજીવી લાળ લાવણ્યનો નિધિ ||૧૭||

ષડ્ભુજ ચક્રષડ્[5] રક્ષે સહસ્રારનિવાસી[6] એ
આપાદશીર્ષ [7] અદ્વૈત નાડ્યાદિ નરરૂપધૃક્ ||૧૮||

કામાદિ દુર્વિકારોથી રક્ષે નૃસિંહ નાટકી
આધિવ્યાધિઉપાધિથી વાસુદેવ યતીટ્[8] તથા ||૧૯||

ભૂતપ્રેતાદિથી રક્ષે શ્રીપાદવલ્લભ બધે
કાલકાલ દુર્ગ્રહોથી જન્મમૃત્યુ થકી હર ||૨૦||

પૂર્વે પવનભક્ષી એ પશ્ચિમે પાવકોપમ[9]
ઉત્તરે વ્યોમકેશી[10] ને રક્ષે દૈત્યારિ દક્ષિણે ||૨૧||

ચારે ખૂણે કામચારી[11] ઊંચે અવ્યક્ત આતિથિ
નીચે સચ્ચિત્સુખાત્મા જે શેષછત્ર સ્થળે સ્થળે ||૨૨||

---

૧. કંઠમાં હારવાળા ૨. ઈચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનાર ૩. અક્કલનો ભંડાર ૪. (રક્ત કમળ જેવી) લાલ આંખોવાળા ૫. મૂલાધારાદિ છ ચક્રો ૬. સહસ્ર કમળમાં વસનાર ૭. પગથી માથા સુધી ૮. સંન્યાસીઓના રાજા (શ્રેષ્ઠ) ૯. અગ્નિ જેવો તેજસ્વી ૧૦. આકાશ જેના વાળ છે એવા એટલે સર્વવ્યાપી ૧૧. સ્વેચ્છાએ ફરનાર.

મધ્યે મૃત્યુતણો મૃત્યુ મૃત્યુંજય તથા બધે
જને જાત્યનવચ્છિન્ન[1] સહ્યવાસી વને તથા ||૨૩||

જલશાયી જળે રક્ષે સ્થાણુરૂપી[2] સ્થળે વળી
અગ્નિમહીં અનંતાત્મા રક્ષે શસ્ત્રાસ્ત્રથી બળી[3] ||૨૪||

રક્ષે દુષ્ટો થકી દાતા ખેચરોથી[4] ખલાન્તક[5]
વ્યાલાદિથી[6] જગન્નાથ ભૂચરોથી[7] ભયાન્તક ||૨૫||

જલે જળચરાદિથી રક્ષે પન્નગભૂષણ[8]
જટાધારી બધે રક્ષે સંકટે વિષમે[9] તથા ||૨૬||

જાગતાં સ્મર્તૃગામી એ સૂત્રાત્મા સ્વપ્નમાં વળી
મૂર્છાદિમાં અમેયાત્મા[10] ઊંઘમાં અનઘાપ્રિય[11] ||૨૭||

રક્ષે રોગે રોગશૂન્ય ભોગે ભોગદ સર્વથા
સ્વાસ્થ્યે શર્મદ[12]શાન્તાત્મા સદા બ્રહ્મ દિગંબર ||૨૮||

દુર્ભિક્ષે અન્નપૂર્ણેશ સુભિક્ષે સકલાર્તિહા[13]
સૂતકે શરણત્રાતા મંગલે મોદદાયક[14] ||૨૯||

રક્ષે સદા સિદ્ધરાજ સર્વત્ર સર્વથા સુધી
દોષો બધા કરી માફ યથા માતા સ્તનંધય[15] ||૩૦||

દત્તરક્ષા પઢે જે કો સ્તોત્ર ભોગાપવર્ગદ[16]
ત્રિકાળે એક કાળે વા ભય તેને નહીં કહીં ||૩૧||

ઔદુંબર તળે બેસી પ્રાતઃકાળે પઢે નર
સાંજે ગૃહાંગણે બેસી અથવા શયનસ્થળે ||૩૨||

બપોરે દેવમંદિરે શુચિર્ભૂત થઇ બધે
પઢંતા ભાવથી રક્ષે અત્રિવરપ્રદ સદા ||૩૩||

---

૧. જાતિથી પર ૨. અચલ શિવસ્વરૂપ ૩. બળવાન. ૪. આકાશમાં ઊડનારા પક્ષીઓ, ભૂતપ્રેતાદિ વગેરે ૫. દુષ્ટોનો નાશ કરનાર ૬. સર્પવ્યાઘ્રાદિથી ૭. જમીન પર વસનારા ૮. સર્પ એ જ જેનું ઘરેણું છે એવા ૯.આફતમાં ૧૦. અમાપ સ્વરૂપ ૧૧. માયાપતિ ૧૨. કલ્યાણ કરનાર ૧૩. બધાં દુઃખો હરનાર ૧૪. આનંદ આપનાર ૧૫. ધાવણું બાળક ૧૬. ભુક્તિ મુક્તિ આપનાર.

**પ્રેમને દોષ દેખાતો જ નથી.**

શ્રીદત્ત દત્ત કુલતારક દત્ત દત્ત
શ્રીદત્ત દત્ત રિપુમારક દત્ત દત્ત ।
શ્રીદત્ત દત્ત ભયહારક દત્ત દત્ત
શ્રીદત્ત દત્ત મુદદાયક દત્ત દત્ત ॥૩૪॥

દત્ત દત્ત સ્મરંતાં રે નિર્જને દેહ આ પડો
પામે તૃપ્તિ પશુ-પક્ષી મિષ્ટાન્ને દેહના યથા[૧] ॥૩૫॥

જે જે સ્થળે આ મન જાય મારું
તે તે સ્થળે સદ્‌ગુરુ રૂપ તારું
જ્યાં જ્યાં મૂકું મસ્તક હું ગુરો હે!
ત્યાં ત્યાં પદદ્વંદ્વ તારાં જ સોહે ॥૩૬॥

૧. જેથી.

પ્રેમ એક રમત છે જેમાં બુદ્ધિની હાર છે.

# દત્તબાવની

જય યોગીશ્વર દત્ત દયાળ ! તું જ એક જગમાં પ્રતિપાળ,
અત્ર્યનસૂયા કરી નિમિત્ત પ્રગટ્યો જગકારણ નિશ્ચિત.
બ્રહ્માહરિહરનો અવતાર, શરણાગતનો તારણહાર;
અંતર્યામી સત્ ચિત્ સુખ, બહાર સદ્ગુરુ દ્વિભુજ સુમુખ.
ઝોળી અન્નપૂર્ણા કરમાંહ્ય, શાંતિ કમંડલ કર સોહાય.
ક્યાંય ચતુર્ભુજ ષડ્ભુજ સાર, અનંતબાહુ તું નિર્ધાર. ૬.

આવ્યો શરણે બાળ અજાણ, ઊઠ દિગંબર ચાલ્યા પ્રાણ!
સૂણી અર્જુન[૧] કેરો સાદ, રીઝ્યો પૂર્વે તું સાક્ષાત્.
દીધી ઋદ્ધિ સિદ્ધિ અપાર, અંતે મુક્તિ મહાપદ સાર.
કીધો આજે કેમ વિલંબ? તુજ વિણ મુજને ના આલંબ[૨]! ૧૦.

વિષ્ણુશર્મ દ્વિજ તાર્યો એમ, જમ્યો શ્રાદ્ધમાં દેખી પ્રેમ.
જંભ દૈત્યથી ત્રાસ્યા દેવ, કીધી મ્હેર તેં ત્યાં તતખેવ.
વિસ્તારી માયા; દિતિસુત[૩] ઇંદ્રકરે હણાવ્યો તૂર્ત.
એવી લીલા કંઇ કંઇ શર્વ[૪] કીધી વર્ણવે કો તે સર્વ?૧૪.

દોડ્યો આયુ સુતને કામ, કીધો એને તેં નિષ્કામ;
બોધ્યા યદુ ને પરશુરામ સાધ્યદેવ પ્રહ્લાદ અકામ.
એવી તારી કૃપા અગાધ! કેમ સૂણે ના મારો સાદ?
દોડ, અંત ના દેખ, અનંત ! મા કર અધવચ શિશુનો અંત! ૧૮.

જોઇ દ્વિજસ્ત્રી કેરો સ્નેહ થયો પુત્ર તું નિ:સંદેહ.
સ્મર્તૃગામી કલિતાર કૃપાળ ! તાર્યો ધોબી છેક ગમાર.
પેટપીડથી તાર્યો વિપ્ર, બ્રાહ્મણશેઠ ઉગાર્યો ક્ષિપ્ર[૫].
કરે કેમ ના મારી વ્હાર? જો આણીગમ એક જ વાર!!
શુષ્ક કાષ્ઠને આણ્યા પત્ર! થયો કેમ ઉદાસીન અત્ર?
જર્જર[૬] વંધ્યા કેરા સ્વપ્ન કર્યા સફળ તેં સુતના કૃત્સ્ન[૭].
કરી દૂર બ્રાહ્મણનો કોઢ, કીધા પૂરણ એના કોડ;
વંધ્યા ભેંસ દૂઝવી દેવ, હર્યું દારિદ્ર્ય તેં તતખેવ. ૨૬.

---

૧. સહસ્રાર્જુન ૨. આશરો ૩. દૈત્ય ૪. શિવ સ્વરૂપ. ૫. ઝટ. ૬. અતિવૃદ્ધ. ૭. બધાં.

**પ્રેમની ખરી કિંમત ચૂકવવી ગજા બહારની વાત છે.**

ઝાલર ખાઈ રીઝ્યો એમ, દીધો સુવર્ણઘટ સપ્રેમ,
બ્રાહ્મણ સ્ત્રીનો મૃત ભરથાર કીધો સજીવન તેં નિર્ધાર!
પિશાચ-પીડા કીધી દૂર વિપ્રપુત્ર ઊઠાડ્યો શૂર.
હરી વિપ્રમદ અંત્યજ હાથ, રક્ષ્યો ભક્ત ત્રિવિક્રમ તાત! ૩૦.

નિમેષમાત્રે તંતુક એક, પહોંચાડ્યો શ્રીશૈલે દેખ!
એકી સાથે આઠ સ્વરૂપ, ધરી દેવ બહુ રૂપ અરૂપ;
સંતોષ્યા નિજ ભક્ત સુજાત, આપી પરચાઓ સાક્ષાત્.
યવનરાજની ટાળી પીડ, જાતપાતની તને ન ચીડ. ૩૪.

રામકૃષ્ણરૂપે તેં એમ; કીધી લીલાઓ કંઈ તેમ;
તાર્યાં પથ્થર ગણિકા વ્યાધ! પશુપંખી પણ તુજને સાધ[૧]!!
અધમ ઓધારણ તારું નામ, ગાતાં સરે ન શાં શાં કામ?
આધિવ્યાધિ ઉપાધિ સર્વ ટળે સ્મરણમાત્રથી શર્વ[૨]! ૩૮.

મૂઠચોટ ના લાગે જાણ, પામે નર સ્મરણે નિર્વાણ.
ડાકણ શાકણ ભેંસાસુર, ભૂત પિશાચો જંદ અસુર;
નાસે મૂઠી દઈને તૂર્ત, દત્તધૂન સાંભળતાં મૂર્ત.
કરી ધૂપ ગાએ જે એમ, દત્તબાવની આ સપ્રેમ;
સુધરે તેના બંને લોક, રહે ન તેને ક્યાંયે શોક!
દાસી સિદ્ધિ તેની થાય, દુઃખ દારિદ્રય તેનાં જાય! ૪૪.

બાવન ગુરુવારે નિત નેમ, કરે પાઠ બાવન સપ્રેમ;
યથાવકાશે નિત્ય નિયમ, તેને કદી ન દંડે યમ.
અનેક રૂપે એજ અભંગ, ભજતાં નડે ન **માયા-રંગ.**
સહસ્ર નામે નામી એક, દત્ત દિગંબર અસંગ છેક!! ૪૮.

વંદું તુજને વારંવાર, વેદ શ્વાસ તારા નિર્ધાર!
થાકે વર્ણવતાં જ્યાં શેષ કોણ રાંક હું બહુકૃતવેષ?
અનુભવતૃપ્તિનો ઉદ્ગાર[૩] સૂણી હસે તે ખાશે માર!
તપસી[૪] તત્ત્વમસિ એ દેવ બોલો જય જય શ્રીગુરુદેવ! ૫૨.

---

૧. સાધુવૃત્તિવાળાં, સારાં. ૨. શિવ. ૩. (i) ઓડકાર (ii) વેણ. ૪. અમૃતલાલ મોદી-મોદીકાકા.

**પ્રેમ એ એક જાદુઈ ચિરાગ છે.**

# બિરુદાવલિ-ચતુષ્ટય

૧. અખંડભૂમંડલાચાર્ય, વૈદિકધર્મપ્રચારક, યોગમાર્ગપ્રવર્તક, અત્રિવરદ, અનસૂયાનંદન, પરબ્રહ્મસ્વરૂપ, શ્રીમદ્ દત્તાત્રેયાવધૂતો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ॥

૨. સકલવિદ્યાવારિધિ-પારગ, ઋતંભરપ્રજ્ઞાપારમિત, શાસ્ત્રવિહિતાચારવિગ્રહ, રચિતાખિલદત્તવાઙ્મય, યોગશ્રી-વિલસિત-વદનામ્બુજ, ગણેશ-રમા-મ્બાનન્દન, પરમહંસ-પરિવ્રાજકાચાર્ય, દત્તાત્રેયાત્મક યતિવર, શ્રીમદ્વાસુદેવાનન્દો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ॥

૩. સમસ્તજગદુત્પત્તિ- સ્થિતિ - પ્રલયકારક પ્રરબ્રહ્માપરાવતાર-શ્રીમદ્-રંગાવધૂત-જનિપાલનકારણભૂતા, નાનાવિધ-ક્લેશ-ક્લમેષ્ટ-મિત્રમંડલસહિતા, નારેશ્વરાશ્રમ-ભારધારણ-નિપુણા, રંગરાજભિક્ષાન્નપાત્ર-પૂરણ-પ્રવણાન્નપૂર્ણા, જગન્માતૃપદમવસ્થિતા, પરામ્બા, શ્રીમતી ભગવતી રુક્‌મામ્બા વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ॥

૪. અનન્તકોટિબ્રહ્માંડનાયક, જ્ઞાનકર્મોપાસના-માર્ગત્રયપ્રવર્તક, દકારાદિ-દિવ્યવિદ્યાપ્રદાયક, શ્રીમદ્દત્તાત્રેયાપરાવતાર, વિઠ્ઠલરુકમામ્બાનંદન, યતિવર, શ્રીમદ્ ભગવદ્ રંગાવધૂતો વિજયતેતરામ્, વિજયતેતરામ્, વિજયતેતમામ્ ॥

**પ્રેમ કોઈને તાબેદાર બનાવતો નથી.**

# ભગવાન દત્તાત્રેયની આરતી

જય જય જય ગુરુદેવ !

વન્દે અત્રિકુમારં ત્રિભુવનભર્તારમ્ । (૨)
જનિમૃતિસંસૃતિકાલં તાપત્રયહારમ્ ॥ ...જય જય જય. ધ્રુવ.

કરુણાપારાવારં યોગિજનાધારમ્ । (૨)
કૃતભવજલનિધિપારં ષડ્દર્શનસારમ્ ॥ ...જય જય જય.

ભોગાપવર્ગદ્વારં[૧] કૃતમોદાસારમ્ । (૨)
નતજનવરદાતારં નિગમાગમસારમ્ ॥ ...જય જય જય.

ધૃતગલમૌક્તિકહારં કીર્ણજટાભારમ્ । (૨)
ધામ્ના નિર્જિતમારં[૨] ષડ્રિપુસંહારમ્ ॥ ...જય જય જય.

દુઃશીલાતિકરાલં ભસ્માંકિતભાલમ્ । (૨)
શંખત્રિશૂલભાજન સ્રગ્વાદ્યારિ[૩]કરમ્ ॥ ...જય જય જય.

કલિકલ્મષહન્તારં સુરનરમુનિતારમ્ । (૨)
વૃતવિજનૈકવિહારં જ્ઞપ્તિસુધાહારમ્[૪] ॥ ...જય જય જય.

દેવત્રયાવતારં શાન્તિસુધાગારમ્ । (૨)
દૂરીકૃતનતભારં રંગારંગકરમ્ ॥ ...જય જય જય.

---

૧. ભુક્તિમુક્તિ આપનાર ૨. જેના તેજથી (ધામ્ના) કામદેવ (મારં) પણ પરાજિત છે
૩. સ્રગ્ = માળા; વાદ્ય = ડમરૂ ; અરિ = ચક્ર ૪. જ્ઞાનરૂપી અમૃત છે આહાર જેનો.

**પ્રેમ કોઈનો તાબેદાર બનતો નથી.**

# પ.પૂ. શ્રી રંગ અવધૂત ગુરુમહારાજની આરતી

જય દેવ જય દેવ!

જય પાંડુરંગ સ્વામી, ગુરુ રંગ અવધૂત સ્વામી (૨)
સહુના અંતરજામી, પૂરણ નિષ્કામી. ...જય દેવ. ૧.

આરતી પ્રેમે ઉતારું, આણી ઉમંગ (૨);
દર્શનથી દુ:ખ ટાળો, બાળો ભવસંગ. ...જય દેવ. ૨.

સગુણ સ્વરૂપે દેવ, ભક્તની ભીડ ભાંગો (૨);
દુ:ખી હૃદયને જાણી, દયા દિલે આણો. ...જય દેવ. ૩.

પરમ કૃપાળુ ગુરુદેવ, સૌને સુખકર્તા (૨);
અંતરના આનંદથી વિમુખ નવ રહેતા. ...જય દેવ. ૪.

લેતાં આપનું નામ, સંકટ સહુ જાયે (૨);
જન્મમરણની ભીતિ, દેખતાં દૂર થાયે. ...જય દેવ. ૫.

અખંડ બ્રહ્મસ્વરૂપ, બ્રહ્મચારી પોતે (૨);
પ્રથમ આશ્રમ પાળી રહ્યા, શુકદેવને જોટે. ...જય દેવ. ૬.

કલિયુગમાં ગુરુદેવ, કષ્ટ સહન કરતા (૨);
દ્વૈતનિકંદન કાઢી, અદ્વૈતે રમતા. ...જય દેવ. ૭.

ત્રિવિધ તાપના તાપ, તેનો ભય ટાળો (૨);
જ્ઞાનામૃત છાંટીને, શુદ્ધિમાં લાવો. ...જય દેવ. ૮.

‘**શિષ્યા**’[૧] કહે ગુરુદેવ ષડ્‌રિપુ સંહારો (૨);
સંશય સઘળા કાપી, સદ્‌બુદ્ધિ આપો. ...જય દેવ. ૯.

રંગ અવધૂતની આરતી, જે કોઈ ગાશે, ગુરુ જે ભાવે ગાશે;
કૃપા દત્તપ્રભુની, તેના પર થાશે. ...જય દેવ. ૧૦.

૧. પૂ. મૂળીફોઈ.

**પ્રેમ કઠોર અને શુષ્ક હૃદયને પણ મુલાયમ બનાવે છે.**

# સમર્પણ

કર્પૂરપૂરેણ મનોહરેણ સુવર્ણપાત્રાંતર સંસ્થિતેન ।
પ્રદીપ્તભાસા સહ સંગતેન નીરાજનં તે જગદીશ કુર્વે ॥

કર્પૂરગૌરં કરુણાવતારં સંસારસારં ભુજગેન્દ્રહારમ્ ।
સદા વસન્તં હૃદયારવિન્દે ભવં ભવાની સહિતં નમામિ ॥

મંગલં ભગવાન્ વિષ્ણુર્ મંગલં ગરુડધ્વજ: ।
મંગલં પુંડરીકાક્ષો મંગલાયતનો હરિ: ॥

સર્વ મંગલ માંગલ્યે શિવે સર્વાર્થસાધિકે ।
શરણ્યે ત્ર્યંબકે ગૌરિ નારાયણિ નમોઽસ્તુ તે ॥

કાયેન વાચા મનસેન્દ્રિયૈર્વા બુદ્ધ્યાત્મના વા પ્રકૃતે:સ્વભાવાત્ ।
કરોમિ યદ્યત્સકલં પરસ્મૈ નારાયણાયેતિ સમર્પયામિ ॥

અચ્યુતં કેશવં રામનારાયણં કૃષ્ણદામોદરં વાસુદેવં હરિમ્ ।
શ્રીધરં માધવં ગોપિકાવલ્લભં જાનકીનાયકં રામચંદ્રં ભજે ॥

હરે રામ હરે રામ, રામ રામ, હરે હરે ।
હરે કૃષ્ણ હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ, હરે હરે ॥

હરે દત્ત હરે દત્ત, દત્ત દત્ત, હરે હરે ।
હરે દત્ત હરે દત્ત, દત્ત દત્ત, હરે હરે ॥

હરે રંગ હરે રંગ, રંગ રંગ, હરે હરે ।
હરે રંગ હરે રંગ, રંગ રંગ, હરે હરે ॥

**અવધૂતચિંતન શ્રીગુરુદેવ દત્ત**

**પ્રેમ એ આંખોની ભાષા છે.**

# મંત્રપુષ્પાંજલિ

(ઋગવેદ) હરિ: ૐ ગણાનાં ત્વા ગણપતિં હવામહે કવિં કવીનામુપમશ્રવસ્તમમ્ | જયેષ્ઠરાજં બ્રહ્મણાં બ્રહ્મણસ્પત આ ન: શૃણ્વન્નૂતિભિ: સીદ સાદનમ્ ||

(યજુર્વેદ) હરિ: ૐ ગણાનાન્ત્વાગણપતિગ્ગૂં હવામહે-પ્પ્રિયાણાન્ત્વા પ્પ્રિયપતિગ્ગૂંહવામહેનિધીનાન્ત્વા-નિધિપતિગ્ગૂંહવામહે વ્વસોમમ | આહમજાનિગર્ભધમા ત્વમજાસિગર્ભણમ્મ |

હરિ: ૐ બ્બ્રહ્મજજ્ઞાનમ્પ્રથમમ્પુરસ્તાદ્ વિસીમત:સુરુચો વ્વેનડઆવ: | સ બુદ્દન્યાડઉપમાડઅસ્ય વ્વિષ્ઠા: સતશ્ચ જોનિમસતશ્ચ વ્વિવ: || ૐ ઇદં વ્વિષ્ણુર્વ્વિક્રમે ત્રેધા નિદધે પદમ્ | સમૂઢમસ્ય પાગ્ગું સુરે સ્વાહા || ૐ ત્ર્યંબકં જજામહે સુગન્ધિમ્પુષ્ટિવર્દ્ધનમ્ | ઉર્વ્વારુકમિવ બન્ધનાન્મૃત્યોર્મુક્ષીય મા મૃતાત્ ||

ૐ જજ્ઞેન જજ્ઞમયજન્ત દેવાસ્તાનિ ધર્મ્માણિ પ્પ્રથમાન્યાસન્ | તે હ નાકમ્મહિમાન: સચન્ત | જત્ર પૂર્વ્વે સાદ્ધ્યા: સન્તિ દેવા: ||

ૐ રાજાધિરાજાય પ્રસહ્ય સાહિને | નમો વયં વૈશ્રવણાય કુર્મહે | સં મે કામાન્કામકામાય મહ્યમ્ | કામેશ્વરો વૈશ્રવણો દદાતુ | કુબેરાય વૈશ્રવણાય | મહારાજાય નમ: | ૐ સ્વસ્તિ | સામ્રાજ્યં ભોજ્યં સ્વારાજ્યં વૈરાજ્યં પારમેષ્ઠ્યં રાજ્યં મહારાજ્યમાધિપત્યમયં સમન્તપર્યાયી સ્યાત્સાર્વભૌમ: સાર્વાયુષ આન્તાદાપરાર્ધાત્ | પૃથિવ્યૈ સમુદ્ર પર્યન્તાયાએકરાડિતિ | તદપ્યેષ શ્લોકોડભિગીતો મરુત: પરિવેષ્ટારો મરુત્તસ્યાવસન્ગૃહે આવિક્ષિતસ્ય કામપ્રેર્વિશ્વેદેવા: સભાસદ ઇતિ ||

ૐ વિશ્વતશ્ચક્ષુરુત વ્વિશ્વતો મુખો વ્વિશ્વતોબાહુરુત વ્વિશ્વતસ્પ્પાત્| સમ્બાહુબ્ભ્યાન્ધમતિ સમ્પતત્રૈર્દ્યાવાભૂમી જનયન્દેવડએક: ||

**પ્રેમ સુધારસ પીધો, એણે જનમ સફળ કરી લીધો.**

ૐ દિગમ્બરાય વિદ્મહે અવધૂતાય ધીમહિ । તન્નો દત્તઃ પ્રચોદયાત્ ॥ ૐ દ્રાં દત્તાત્રેયાય નમઃ । શ્રીદત્તાત્રેય શ્રીપાદશ્રીવલ્લભ શ્રીનૃસિંહસરસ્વતીસ્વરૂપ શ્રીસદ્‌ગુરુ શ્રીરંગાવધૂતાયનમઃ । મંત્રપુષ્પાંજલિં સમર્પયામિ ॥

સ્વસ્તિ ન ઇન્દ્રો વૃદ્ધશ્રવાઃ સ્વસ્તિ નઃ પુખા વિશ્વવેદાઃ । સ્વસ્તિનસ્તાક્ષ્ર્યોઃ અરિષ્ટનેમિઃ, સ્વસ્તિ નોઃ બૃહસ્પતિર્દધાતુ । ૐ દ્યૌઃ શાન્તિરન્તરિક્ષગ્ગૂં શાન્તિઃ પૃથિવી શાન્તિરાપઃ શાન્તિરોખધયઃ શાન્તિઃ । વનસ્પતયઃ શાન્તિર્વિશ્વેદેવાઃ શાન્તિર્બ્રહ્મશાન્તિઃ સર્વગ્ગૂં શાન્તિઃ શાન્તિરેવ શાન્તિઃ સામા શાન્તિરેધિ ॥ ૐ જતો યતઃ સમીહસે તતો નો અભયંકુરુ । શંનઃકુરુ પ્રજાભ્યો ભયં નઃ પશુભ્યઃ ।

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ સુશાન્તિર્‌ભવતુ ।

**ક્રોધ એ ક્ષણિક ગાંડપણ છે.**

# યાચના

પરમાત્મપદે રતિરસ્તુ પરા વરમેકમહં વિનતો યાચે |
હે રંગ ગુરો ન પરં યાચે || પરમાત્મ. ||

પ્રથિતા તવ દાનપરાયણતા વ્યથિતા બહ્વો વિહિતા: સુખિતા:
વિલસન્તિ પદે નિધયો મિલિતા નવ સિદ્ધિયુતા ભવનારાચે
...હે રંગ ગુરો. ૧.

દગિયં પરમાત્મનિ તે નિરતા વિહતા વિષયા: સ્વયમેવ ગતા:
વિદિતા તવ શાન્તિસુધાનિધિતા કરુણા ચ જને કૃતપૈશાચે
...હે રંગ ગુરો. ૨.

જનની કરકંજકૃતાહારો વિબુધાવરનીરજલાધારો,
જગતીહ જનો વદ કો નુ પરો યમુદારતરં કૃપણો યાચે
...હે રંગ ગુરો. ૩.

વિધિમાધવરુદ્રમયી હૃદયે, તવ રાજતિ મૂર્તિરુદસ્તભયે
અભયં ચ વરં ચ કરદ્ધિતયે પુનરન્યતરં કમિહાયાચે
...હે રંગ ગુરો. ૪.

કિમિયં મરુભૂરથવા જલધિ: ફણિરાડથવા રશનેયમધી:
ન હિ તથ્ય વિનિશ્ચયને કૃતધી રધરો મણિરેષ મણૌકાચે
...હે રંગ ગુરો. ૫.

ચરિતૈરસિ વિસ્મિતયોગિજનો વચસા વિજિતાખિલમૌનિજન:
તપસા પરિતાપિતસૌરજનો ભવતેડસ્તુ નમો જયિનાં પ્રાચે
...હે રંગ ગુરો. ૬.

વિજનેડપિ વને નિજવાસકૃતે તરુવલ્કલવસ્ત્રજટાદિભૃતે
કરદંડધૃતે ભવરોગહૃતે ભગવન્ ભવતેડસ્તુ નમો વાચે
...હે રંગ ગુરો. ૭.

## સાયંસ્મરણમ્

સાયં સ્મરામિ સ્મરણાતિગમાત્મદેવ-
માનંદસાગરમપારમનન્તવીર્યમ્ ।
વાઙ્ માનસાતિગગુરું વિષયાતિદૂરં
વાક્શક્તિદં શમવતાં શરણં વરેણ્યમ્ ॥ (૧)

યો નિર્ગુણોડપિ વિમલોડપિ નિરીહ આત્મા
ભક્તાનુકંપનધિયા સગુણો બભૂવ ।
તં યોગિરાજમવધૂતદિગંબરાખ્યં
દત્તાહ્વયં સતતમાત્માનિ સંસ્મરામિ ॥ (૨)

અધ્યસ્તમેતદખિલં જગદેવ યસ્મિં-
શ્ચિત્રં પટે જલનિધાવિવ વીચયશ્ચ ।
સર્પિર્યથા પયસિ દારુણિ વહ્નિ રેવ
ગૂઢશ્ચરાચરચયે નિપુણૈઃ સુલક્ષ્યઃ ॥ (૩)
એકો બભૂવ ભજતામભિલાષસિદ્ધ્યૈ-
યોડનેકરૂપ ઈનચંદ્રગણેશબ્રહ્મ- ।
વિષ્ણ્વીશશક્તિપ્રમુખૈરિહ ભૂરિરૂપૈ-
સ્તં જ્યોતિષાં પ્રવર જ્યોતિરહં નમામિ ॥ (૪)

ગાયન્તિ ભક્તનિવહા ગલદશ્રુ સાયં
ધ્યાનેન નિશ્ચલદૃશા હ્યવલોકયન્તિ ।
તં ધૂલીધૂસરતનું ધૃતભક્તભારં
ભાસ્વન્તમાત્મનિ સદા સતતં નતોડસ્મિ ॥ (૫)

માડડલસ્યમાતનુ સખે ત્વિહ ચિત્ત મૂઢ
ત્વં ચિન્તયાત્રિતનુજં તરણે મતિશ્ચેત્ ।
પ્રાણપ્રયાણસમયે શરણં સ એવ
નાન્યે ચ કે હ્યુદિતસૂર્યપ્રપૂજકાસ્તે ॥ (૬)

શ્લોકષટ્કમિદં પુણ્યં રચિતં રંગપાંડુના ।
યઃ પઠેદ્ ભક્તિતઃ સાયં તસ્ય દોષા[૧] સુખાવહા ॥ (૭)

---
૧. રાત્રિ.

**ક્રોધના ફળ કડવાં હોય છે.**

# કરુણા-ત્રિપદી

## (પૂ.સ્વામી મહારાજ વિરચિત)

## ૧

## (ઉદ્ધવા શાંતવન... એ રાહ)

શાંત હો શ્રીગુરુદત્તા મમ ચિત્તા શમવી આતાં. ધ્રુવ.
તૂં કેવળ માતાજનિતા સર્વથા તૂં હિતકર્તા,
તૂં આપ્ત સ્વજન ભ્રાતા, સર્વથા તૂંચિ ત્રાતા,
ચાલ... ભયકર્તા તૂં ભયહર્તા, દંડધર્તા તૂં પરિપાતા,
તુજ વાંચુની ન દૂજી વાર્તા, તું આર્તા આશ્રયદાતા... શાંત. |૧|

અપરાધાસ્તવ ગુરુનાથા, જરી દંડા ધરિસી યથાર્થા,
તરી આમ્હીં ગાવુની ગાથા, તવ ચરણીં નમવું માથા
ચાલ... તૂં તથાપિ દંડિસી દેવા, કોણા ચા મગ કરું ધાંવા,
સોડવિતા દુસરા તેવ્હાં કોણ દત્તા આમ્હાં ત્રાતા... શાંત. |૨|

તું નટસા હોઉની કોપિ દંડિતાહીં આમ્હીં પાપીં,
પુનરપિહી ચુકતાં તથાપિ, આમ્હાં વરી ન ચ સંતાપી,
ચાલ... ગચ્છતઃ સ્ખલનં ક્વાપિ, અસેં માનુની ન ચ હો કોપી,
નિજ કૃપાલેશા ઓપીં આમ્હાં વરી તૂં ભગવંતા... શાંત. |૩|

તવ પદરીં અસતાં તાતા, આડમાર્ગીં પાઉલ પડતાં
સાંભાળુની માર્ગા વરતા, આણિતા ન દૂજા ત્રાતા,
ચાલ... નિજ બિરુદા આણુની ચિત્તા, તૂં પતિત પાવન દત્તા,
વળે આતાં આમ્હાં વરતા, કરુણાઘન તું ગુરુનાથા... શાંત. |૪|

સહકુટુંબ સહપરિવાર, દાસ આમ્હીં હેઁ ઘરદાર,
તવ પદીં અર્પૂ અસાર, સંસારાહિત હા ભાર,
ચાલ... પરિહરિસી કરુણાસિંધો, તૂં દીનાનાથ સુબંધો,
આમ્હાં અઘલેશ ન બાધો, **વાસુદેવ** પ્રાર્થીત દત્તા... શાંત. |૫|

**ક્રોધ એ શાંતિના મૃત્યુની કાળોતરી છે.**

૧૧. શ્રીગુરુ દત્તા જય અવધૂતા, જય અવધૂતા, જય અવધૂતા.
૧૨. દત્ત દત્ત બોલો, ગુરુદેવ દત્ત બોલ, અવધૂત ચિંતન
શ્રીગુરુદેવ દત્ત બોલ.
૧૩. રંગ અવધૂત રે રંગ અવધૂત, નારેશ્વરનો નાથ મારો રંગ અવધૂત.
૧૪. શ્રી દત્ત રંગ ગિરનારી, મા  અનસૂયાકી બલિહારી.
૧૫. શ્રીદત્તરંગ અવધૂતા, મા  રુકમાઈકી બલિહારી.
૧૬. શ્રીમદ્ વાસુદેવ સ્વામિન્ , દયાબ્ધે તારકે-પદ દાયિન્ .
૧૭. અવધૂત, જબ સુમરો તબ દત્ત, સુમરો અવધૂત.
૧૮. સ્મરો દત્ત દત્ત દત્ત, મના! દત્ત દત્ત દત્ત. (૨)
૧૯. દત્ત અવધૂતકી જય, શ્રીપાદવલ્લભ કી જય,
વાસુદેવ સ્વામીકી જય, જય જય જય જય.
૨૦. ગુરુ દત્તાત્રેય અવધૂતા, જનાર્દન સ્વામી એકનાથા.
૨૧. હે દત્ત યોગીશ્વર વાસુદેવ, શ્રીપાદ શ્રીવલ્લભ નારસિંહ.
૨૨. શ્રી અનસૂયાનંદન દત્ત, ભક્તકામ કલ્પદ્રુમ દત્ત.
દંડ-કમંડલુ શોભિત દત્ત, ભુક્તિ-મુક્તિ-સૌખ્યપ્રદ દત્ત.
૨૩. ગુરુ દત્ત દિગંબર, તવ શરણમ્.
૨૪. જય જય વિઠ્ઠલ, વિઠ્ઠલ, વિઠ્ઠલા, માઝા વિઠ્ઠલ પાંડુરંગા.

**ગુસ્સો કરનાર ગુમાવે છે. પ્રેમ કરનાર પામે છે.**

# ૧૧. અઘોરકષ્ટોદ્ધરણ સ્તોત્રમ્ ।

શ્રીપાદશ્રીવલ્લભ ત્વં સદૈવ
શ્રીદત્તાસ્માન્પાહિ દેવાધિદેવ ।
ભાવગ્રાહ્ય કલેશહારિન્સુકીર્તે
ઽઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૧॥

ત્વં નો માતા ત્વં પિતાઽપ્તોધિપસ્ત્વં
ત્રાતા યોગક્ષેમકૃત્સદ્ગુરુસ્ત્વમ્ ।
ત્વં સર્વસ્વં નોઽપ્રભો વિશ્વમૂર્તે
ઽઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૨॥

પાપં તાપં વ્યાધિમાધિં ચ દૈન્યં
ભીતિં કલેશં ત્વં હરાશુ ત્વદન્યમ્ ।
ત્રાતારં નો વીક્ષ ઈશાસ્તજૂર્તે
ઽઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૩॥

નાન્યસ્ત્રાતા નાપિ દાતા ન ભર્તા
ત્વત્તો દેવ ત્વં શરણ્યોઽકહર્તા ।
કુર્વાત્રેયાનુગ્રહં પૂર્ણરાતે
ઽઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૪॥

ધર્મે પ્રીતિં સન્મતિં દેવભક્તિં
સત્સંગાપ્તિં દેહિ ભુક્તિં ચ મુક્તિમ્ ।
ભાવાસક્તિં ચાખિલાનંદમૂર્તે
ઽઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ॥૫॥

શ્લોકપંચકમેતદ્યો લોકમંગલવર્ધનમ્ ।
પ્રપઠેન્નિયતો ભક્ત્યા સ શ્રીદત્તપ્રિયો ભવેત્ ॥૬॥

**ગુસ્સો અને પ્રેમ બંને અઢી અક્ષરના શબ્દો છે.**

## ૮. क्षमापनम् ।

રસજ્ઞાવશાત્ તારકં સ્વાદુ લભ્યં
ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત ।
ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં
ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્નચિત્ત ॥૧॥

વિયોન્યંતરે દૈવદાઢ્ર્યાદ્ધિભો પ્રાગ્
ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત ।
ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં
ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્નચિત્ત ॥૨॥

મયા માતૃગર્ભસ્થિતિપ્રાપ્તકષ્ટાદ્
ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત ।
ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં
ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્નચિત્ત ॥૩॥

મયા જાતમાત્રેણ સંમોહિતેન
ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત ।
ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં
ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્નચિત્ત ॥૪॥

મયા ક્રીડનાસક્તચિત્તેન બાલ્યે
ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત ।
ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં
ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્નચિત્ત ॥૫॥

મયા યૌવનેऽજ્ઞાનતો ભોગતોષાદ્
ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત ।
ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં
ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્નચિત્ત ॥૬॥

મયા સ્થાવિરે નિઘ્નસર્વેન્દ્રિયેણ
ગૃહીતં કદાચિન્ન તે નામ દત્ત ।
ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં
ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્નચિત્ત ।।૭।।

હૃષીકેશ મે વાઙ્મનઃકાયજાતં
હરે જ્ઞાનતોઽજ્ઞાનતો વિશ્વસાક્ષિન્ ।
ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં
ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્નચિત્ત ।।૮।।

સ્મૃતો ધ્યાત આવાહિતોસ્યર્ચિતો વા
ન ગીતઃ સ્તુતો વંદિતો વા ન જપ્તઃ ।
ક્ષમસ્વાપરાધં ક્ષમસ્વાપરાધં
ક્ષમસ્વાપરાધં પ્રભો ક્લિન્નચિત્ત ।।૯।।

દયાબ્ધિર્ભવાદૃઙ્ ન સાગાશ્ચ માદૃગ્
ભવત્યાપ્તમંતોર્ભવાન્મે શરણ્યમ્ ।
યથાલંબનં ભૂર્હિ ભૂનિઃસૃતાંઘ્રે-
રિતિ પ્રાર્થિતં દત્તશિષ્યેણ સારમ્ ।।૧૦।।

## વંદન

માલાકમંડલુરધઃ કરપદ્મયુગ્મે,
મધ્યસ્થપાણિયુગલે ડમરુત્રિશુલે ।
યસ્યસ્ત ઊર્ધ્વકરયોઃ શુભશંખચક્રે
વંદે તમત્રિવરદં ભુજષટ્કયુક્તમ્ .........૧.

કાષાયવાસસમજં કમલાક્ષમેકં,
માલાકમંડલુધરં રમણીયલીલમ્ ।
ગોશ્વાનક્રીડનપરં નિગમાન્તકેલિં
દેવત્રયાત્મકમહં સતતં નતોઽસ્મિ .........૨.

**ક્રોધી માણસનું મન એ દારૂગોળાથી ભરેલું ઘર છે.**

ઔદુંબર: કલ્પવૃક્ષ: સંગમ: કામદાયક: ।
ચિંતામણિર્ગુરો: પાદૌ, દુર્લભં ભુવનત્રયે .........૩.

કૃતે જનાર્દનો દેવસ્ત્રેતાયાં રઘુનંદન:।
દ્વાપરે રામકૃષ્ણૌ ચ, કલૌ શ્રીપાદવલ્લભ: .........૪.

જે જે સ્થળે આ મન જાય મારું,
તે તે સ્થળે સદ્‌ગુરુ રૂપ તારું ।
જ્યાં જ્યાં મૂકું મસ્તક હું ગુરો હે,
ત્યાં ત્યાં પદદ્વંદ્વ તારાં જ સોહે .........૫.

## અવધૂતચિંતન શ્રીગુરુદેવદત્ત

શ્રીમત્ પરમ સદ્‌ગુરુ શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજકી જય ।
ભગવતી રુકમામ્બા માતકી જય ।
શ્રીમત્ સદ્‌ગુરુ શ્રીરંગ અવધૂત ગુરુમહારાજકી જય ।
ગુરુદેવદત્ત ! ગુરુદેવદત્ત !! ગુરુદેવદત્ત !!!
નર્મદે હર !
ૐ નમ: પાર્વતીપતયે હર હર મહાદેવ હર !

ક્રોધ કાંટાની જેમ વાગે છે અને સામાના મનને વીંધે છે.

# નામસુધારસ

(રાગ-ઝીંઝોટી, તાલ-કહેરવા)

નામસુધારસ જે જન ચાખે, કાળ ન આવે પાસે રે;
સૂરજનું અજવાળું થાતાં, ઝટ અંધારું નાસે રે. ..ટેક.

ખટરસ સેવી ખટને પોષે અંતે રડી રડી મરતા રે;
ભજનસુધારસ આનંદ આપે, સહુ દુ:ખ એ છે હરતા રે.
...નામ. ૧.

સંતમહંતનું જીવન એ છે, દુખિયાનો વિસામો રે;
ભવરોગીનું ઓસડ મોંઘું, કિમીયો કીમતી જાણો રે.
...નામ. ૨.

જે પીએ તે ફરી નવ આવે, બીજું કંઇ નવ ભાવે રે;
દુનિયામાં દુનિયાથી ન્યારો, કો તોલે નવ આવે રે.
....નામ. ૩.

શોક મોહ સંતાઇ જાતાં, આનંદ અર્ણવ રેલે રે;
આપ મહીં સમરસ થઇ સાધુ, આપ વિષે નિત ખેલે રે.
...નામ. ૪.

એ લજ્જત સનકાદિક જાણે, જાણે નારદ જોગી રે;
શુક ઉદ્ધવ તુંબર ઋષિ જાણે, શિવ કૈલાસે ભોગી રે.
...નામ. ૫.

[1]વ્રજવનિતા વર[2] રસ એ જાણે,[3]રસવંતી કો જોગણ રે;
**રંગ** અભાગી મટકાં મારે, દ્વારે પ્રભુ તુજ માગણ રે!
...નામ. ૬.

૧. ગોપીઓ. ૨. શ્રેષ્ઠ. ૩. પ્રભુપ્રેમમાં મસ્ત.

**સમજણનો અભાવ એ ક્રોધનું સરનામું છે.**

# પ્રભુ પરખ્યા હદે જેણે

(રાગ-મિશ્ર કાફી ગઝલ, તાલ-દીપચંદી)

પ્રભુ પરખ્યા હદે જેણે, ફરે ભમતો જગે શાને?
પીધું [1]આકંઠ અમૃત તે કરે કાંજી વૃથા શાને? ...ટેક.

મળી વટવૃક્ષની છાયા, [2]નિદાઘે તાડ કાં ઢૂંઢે?
ભર્યા કોઠાર રત્નોના ગૃહે, કાં પથ્થરો ફોડે? ...પ્રભુ. ૧.

ગૃહે સુરધેનુ[3] કાં દોડે ગૃહોગૃહ તક્રને માટે?
વહે ગંગા નિજાંગણમાં, ભમે કૂવે એ શા માટે? ...પ્રભુ. ૨.

શરદપૂનમતણી રાતે, અકર્મી આગીઓ ખોળે
થવા ઉજાસ આંગણમાં, બપોરે દીપ પ્રજવાળે! ...પ્રભુ. ૩.

ન શોધે મોર ચિતારો, કદિ પિક[4] **રંગ** તંબૂરો;
કૃતાકૃતથી પરે બેસી નિહાળે ખલ્કની રો રો! ...પ્રભુ. ૪.

ખુશામત માળીની કદિ ના કરે વસંત વનમાળી!
નિજાનંદે ફરે અવધૂત દઈને મોતને તાળી!! ...પ્રભુ. ૫.

---

૧. ઠેઠ કંઠ સુધી ૨. ઉનાળે ૩. કામદુધા, ગાય ૪. કોયલ.

**ક્રોધ મળે સાવ મફતમાં, પાડે આફતમાં.**

# એવો દિ દેખાડ

એવો દિ દેખાડ, વ્હાલા! એવો દિ ઉગાડ!!
દેખું તારું રૂપ બધે, એવો દિ દેખાડ!! ...ટેક.

ભૂલાવી હું-મારું હું ને તારામાં ડૂબાડ;
વ્હાલા, તારામાં ડૂબાડ!
તું-તારામાં ભેદ ન દેખું, એવો દિ દેખાડ!! ...એવો. ૧.

જુગજૂનાં બંધ નૈનાં, કાંઈ તો સૂઝાડ!
વ્હાલા, કાંઈ તો સૂઝાડ!
અંદર બ્હારી તુંને દેખું, એવો દિ દેખાડ!! ...એવો. ૨.

આપ્યું તેં તારાને આપી, રાચું મન મોઝાર;
વ્હાલા, રાચું મન મોઝાર!
શેષે પૂર્ણતા પિછાનું, એવો દિ દેખાડ!! ...એવો. ૩.

ધાર્યું તે થાવાનું મારી વ્યર્થ કાં પછાડ?
વ્હાલા, વ્યર્થ કાં પછાડ?
તારે શરણે થાઉં નચિંત, એવો દિ દેખાડ!! ...એવો. ૪.

રૂપરૂપે તું અરૂપી **રંગ** એ નિર્ધાર!
વ્હાલા, રંગ એ નિર્ધાર!
ગોત્યું જડે ન હું ક્યાંયે, એવો દિ દેખાડ!! ...એવો. ૫.

**ક્રોધ રોગ છે, પ્રેમ ઔષધિ છે. ક્રોધ મારે, પ્રેમ તારે.**

# ગુરુચરન પ્રીત મોરી લાગી રે!

ગુરુચરન પ્રીત મોરી લાગી રે! ...ધ્રુ.

સોતીથી મૈં જનમોજનમસે, ગુરુ શબદસે જાગી રે! ...ગુરુ. ૧.

હાટ બજાર ફીરૂં મતવાલી, લોગ લાજ સબ ત્યાગી રે! ...ગુરુ. ૨.

કોહં કોહં પૂછત રાગી, સોહં કહત વિરાગી રે! ...ગુરુ. ૩.

ના મૈં રાગી ના મૈં વિરાગી **રંગ**-રાગસે ભાગી રે! ...ગુરુ. ૪.

# મોહે દત્ત દરસકી આસ

મોહે દત્તદરસકી આસ, કોઈ મિલાવો રે! ...ધ્રુ.

ઓઢે વ્યાઘાંબર કૌપીન, કાંધે ઝોલી દયાઘન લીન્હ;
હાથમેં માલ ત્રિશૂલ ધર દીન્હ, ભક્તઉદ્ધારક જો. ...મોહે. ૧.

જંગલ બસ્તી જાકો સમાન, બૈઠે કભી તો જાકે સ્મશાન;
ખેલે સંગ ગૌવા અરુ શ્વાન, પ્રેમસમુંદર જો! ...મોહે. ૨.

સોહે અંગ ભભૂત સુધૌત, પહેને પાંવ ખડાવ[1] સુપૂત;[2]
સિરપે કેસ જટિલ અબધૂત, જ્ઞાન પિલાવત જો!! ...મોહે. ૩.

જડ ઉન્મત્ત પિશાચક બાલ, જિસકો દેખત કાંપે કાલ;
માયા મમત હોત બેહાલ, **રંગ** સુમંગલ જો!! ...મોહે. ૪.

૧. પાદુકા ૨. અતિ પવિત્ર.

# સાયં પ્રાર્થના-અર્થ

## સાયંસ્મરણમ્

મન કેટલુંય ચિંતન કરે છે છતાં જેનો પૂરેપૂરો ખ્યાલ આવી શકતો નથી, જેનો કોઇ પાર પામી શકતું નથી અને જેની શક્તિનો તાગ કે છેડો નથી, એવા આનંદના સાગરસ્વરૂપ, વાણી અને મન જેને પહોંચી શકતા નથી, જે વાક્શક્તિ આપે છે અને મનોનિગ્રહ કરાનારા પુરુષનું જે શ્રેષ્ઠ અવલંબન છે, એવા પ્રાણીમાત્રના આત્મસ્વરૂપે પ્રકાશનાર અને તેમનો અજ્ઞાન અંધકાર દૂર કરનાર દત્તપ્રભુનું હું સાયંકાળે ચિંતન કરું છું. ........૧.

જે પરમાત્મા નિર્ગુણ છે, નિર્મળ છે, જેને કોઇ પણ જાતની ઇચ્છા નથી (અને) છતાં કેવળ ભક્તો ઉપર અનુગ્રહ કરવા માટે જ સગુણ સ્વરૂપે પ્રગટ થાય છે એવા અવધૂત દિગંબર દત્ત નામથી ઓળખાતા યોગિરાજને મારા અંત:કરણમાં હું સતત યાદ કરું છું. ..૨.

જેવી રીતે કપડાં ઉપર ચિત્ર, સમુદ્રમાં મોજાં, દૂધમાં ઘી અને લાકડામાં અગ્નિ રહેલો છે, તેવી જ રીતે આ આખું જગત જેની અંદર આમ બાહ્ય દૃષ્ટિએ ગૂઢ હોવા છતાં (રહેલું છે અને) સૂક્ષ્મ દૃષ્ટિવાળાઓ જેને સારી રીતે જોઇ શકે છે તેનું હું સતત ચિંતન કરું છું. ...૩.

જે એક હોવા છતાં (તે તે સ્વરૂપ) ભજનારની ઇચ્છા પૂરી કરવા માટે સૂર્ય, ચંદ્ર, ગણપતિ, બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ, શક્તિ, વગેરે વગેરે, અનેકરૂપે થયો, તે અગ્નિ-સૂર્યાદિ પ્રકાશોને પણ પ્રકાશ આપનાર શ્રેષ્ઠ જ્યોતિસ્વરૂપને હું નમન કરું છું. ........૪.

ભાવભીની આંખે ભક્તજનો જેનું સાયંકાળે ગાન કરે છે, અને સ્થિરદૃષ્ટિથી ધ્યાન ધરે છે, એ ભક્તોની સર્વ ચિંતા વહન કરનાર, ધૂળથી અલંકૃત શરીરવાળા (ધૂળથી ખરડાયેલા શરીરવાળા), પ્રાણીમાત્રના અંત:કરણમાં પ્રકાશમાન પરમાત્મસ્વરૂપ આગળ હું હંમેશા ઢળી પડું છું. ........૫.

હે મિત્ર, મૂઢ ચિત્ત ! જો તારે (ભવસાગરમાંથી) પાર ઉતરવું જ હોય તો તું આ કામમાં આળસ તો કરીશ જ નહિ. અત્રિનંદન ભગવાન દત્તનું ચિંતન કર, કારણકે પ્રાણ જવાના સમયે એ એક જ તારો આશરો છે. ઊગતા સૂર્યને પૂજનારા બીજા કોઇ તે વખતે કામ નહીં લાગે. ........૬.

શ્રી પાંડુરંગ મહારાજ વિરચિત આ પવિત્ર છ શ્લોકનો જે સાયંકાળે (સંકટસમયે) પાઠ કરશે તેની રાત્રી સુખમાં પસાર થશે. ........૭.

ઈર્ષા એ ક્રોધની માતા છે.

# અઘોરકષ્ટોદ્ધરણ સ્તોત્ર

હે શ્રીપાદ શ્રીવલ્લભ! હે દેવાધિદેવ શ્રીદત્ત! તું સદાયે અમારું રક્ષણ કર. હે કલેશ હરનાર, સત્કીર્તિવાળા! ભાવનું ગ્રહણ કરીને અમારો અઘોર કષ્ટમાંથી ઉદ્ધાર કર. આપને નમસ્કાર હો! ........૧.

તું અમારી માતા છે, તું પિતા છે, આપ્તજન છે, અધિષ્ઠાતા પણ તું છે. યોગ અને ક્ષેમને ચલાવનાર તથા રક્ષણ કરનાર સદ્‌ગુરુ પણ તું જ છે. હે વિશ્વમૂર્તે! તું અમારું સર્વસ્વ છે. જેનો કોઈ જ પ્રભુ નથી એવા હે ( શ્રીપાદ દત્ત)! અમારો અઘોર કષ્ટમાંથી ઉદ્ધાર કર. આપને નમસ્કાર હો! ........૨.

પાપ, તાપ, માનસિક પીડા, રોગ, દૈન્ય, ભીતિ, કલેશને તું જલદીથી દૂર કર. તારા વિના (હે ઈશ!) અમારો બીજો કોઇ રક્ષક નથી. જેની જૂર્તિ (તાપ) અસ્ત થઇ છે તેવા હે ઈશ! (તું) અમારા તરફ જો અને અમારો અઘોર કષ્ટમાંથી ઉદ્ધાર કર. આપને નમસ્કાર હો! ........૩.

તારા વિના બીજો કોઈ તારક નથી, દાતા અને સ્વામી પણ નથી. તું જ શરણ્ય છે અને પાપનો હરનાર છે. હે (દત્ત) આત્રેય! કૃપા કર અને હે પૂર્ણ ઐશ્વર્યવાન! અમારો અઘોર કષ્ટમાંથી ઉદ્ધાર કર. આપને નમસ્કાર હો! ........૪.

ધર્મમાં પ્રીતિ, સન્મતિ, દેવની ભક્તિ, સત્સંગની પ્રાપ્તિ; ભુક્તિ અને મુક્તિ આપ. વળી ભાવની આસક્તિ આપ. હે અખિલ આનંદમૂર્તિ! અમારો અઘોર કષ્ટમાંથી ઉદ્ધાર કર. આપને નમસ્કાર હો! ........૫.

લોકોના મંગળને વધારનાર આ પાંચ શ્લોકોનો જે સંયત (સંયમપૂર્વક) થઇ ભક્તિપૂર્વક પાઠ કરે છે તે દત્ત ભગવાનને પ્રિય થાય છે. ........૬.

**ક્રોધ એ માનસિક નબળાઈનું બીજું નામ છે.**

# <u>ક્ષમાપન</u>

જીભને વશ થવાથી સ્વાદિષ્ટ અને તારક તારું નામ હે દત્ત પ્રભુ! જો કદાચ મેં ન લીધું હોય તો હે દયાર્દ્ર ચિત્તવાળા! તમે મારો અપરાધ ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો. ........૧.

હે વિભુ! પૂર્વે દૈવવશ જુદી જુદી યોનિઓમાં મેં તારું નામ કદાચ ન લીધું હોય તો હે દયાભીના ચિત્તવાળા! મારો અપરાધ ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો. ........૨.

હે દત્ત! માતાના ગર્ભમાં રહેવાથી પ્રાપ્ત થયેલા કષ્ટને કારણે મેં કદાચ તારું નામ ન લીધું હોય તો હે દયાળુ ચિત્તવાળા! તમે મારો અપરાધ ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો. ........૩.

મેં જન્મતાં જ મોહવશ હે પ્રભુ, જો કદાચ આપનું નામ ન લીધું હોય તો આપ મારો અપરાધ ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો. ........૪.

હે દત્તપ્રભુ! બાળપણમાં રમવામાં જ આસક્ત ચિત્તને કારણે મેં આપનું નામ કદાચિત ન લીધું હોય તો હે દયાભીના ચિત્તવાળા! મારો અપરાધ ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો. ........૫.

હે દત્ત! મેં યુવાનીમાં અજ્ઞાનતાને કારણે ભોગમાં જ સંતોષ માનીને કદાચ તારું નામ ન લીધું હોય તો હે દયાળુ ચિત્તવાળા! મારો અપરાધ ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો. ........૬.

હે દત્ત! મેં ઘડપણમાં બધી ઇંદ્રિયો શિથિલ થવાથી કદાચિત તારું નામ ન લીધું હોય તો હે દયાર્દ્ર ચિત્તવાળા! મારો અપરાધ ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો. ...૭.

હે હૃષિકેશ! મારા વાણી, મન અને કાયાથી જાણે અજાણે થયેલા-(જન્મેલા) અપરાધોને હે વિશ્વસાક્ષી! ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો. ........૮.

મેં આપનું સ્મરણ, ધ્યાન, આવાહન, અર્ચન, ગાન, સ્તુતિ, વંદન અથવા જપ કર્યા નથી. તો હે દયાભીના ચિત્તવાળા! મારો અપરાધ ક્ષમા કરો, ક્ષમા કરો, ક્ષમા કરો. ........૯.

આપના જેવો (બીજો કોઇ) દયાનો સાગર નથી અને મારા જેવો (કોઇ) પાપી નથી. આપનામાંથી થયેલા એવા મારું આપ જ શરણ છો- જેમ ભૂમિ પર ડગમગતા પગ ભૂમિ ઉપર જ સ્થિર થાય છે તેમ. આ રીતે દત્તશિષ્યે આપની અદ્‌ભુત પ્રાર્થના કરી છે. ........૧૦.

**અશાંતિ એ ક્રોધનું સંતાન છે.**

## પરિશિષ્ટ

# પ.પૂ. શ્રી વાસુદેવાનંદસરસ્વતી સ્વામી મહારાજની આરતી

દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા;
આરતી કરું છું પ્રેમે પ્રભુજી, વાસુદેવ ગુરુવરા!
...ધ્રુવ.

[1]પંચધાતદીવી અતિ સુંદર, ભક્તિઘૃતે[2] ભરપૂર!
પંચપ્રાણ પ્રગટાવી અંદર, સોહં જ્યોતિ નૂર!
...દિગંબરા.

સત્ય ચંદને કીધી પૂજા, સંયમ અક્ષત સાર;
મન ફૂલડાં અરપી રઢિયાળાં, નિ:સ્વન[3] જયજયકાર!
...દિગંબરા.

સંકલ્પવિકલ્પ બજાવી તાળી, અનહદ ઘંટાનાદ;
કામ ક્રોધ ભૂતો સહુ ભાગ્યાં, પ્રગટ થતાં શ્રુતિતાત!
...દિગંબરા.

આપ ફેરવે આપ વિલોકે, ટળ્યો અહં અંધકાર;
કાળો ધોળો નાશ થતાં ત્યાં, વરત્યો એકાકાર!
...દિગંબરા.

રંગ રાગ સહુ શમિયાં પળમાં, મચ્યો અલૌકિક રંગ;
**રંગ** રહ્યો ના ધન્ય ગુરુવરા, ભલો તજાવ્યો સંગ!!
...દિગંબરા.

---

૧. પંચ ધાતુની (પંચભૂતોની). ૨. ભક્તિના ઘીથી. ૩. શબ્દ વિનાનો, શાંત.

**શિક્ષિત જીવન કરતાં દીક્ષિત જીવનનું વિશેષ મહત્ત્વ છે.**

## (૨)

જય જય શ્રીમદ્ ગુરુવર સ્વામિન્ પરમાત્મન્ હંસા ।
વાસુદેવાનંદસરસ્વતી આરતી તદ્ હંસા ॥ ...ધ્રુવ.

સોડહં હંસઃ પક્ષાભ્યાં સંચરસિ હ્યાકાશે ।
વાસસ્તે ખલુ લોકે સત્યે ક્રીડા તવ માનસે ॥
...જય જય.

મુક્તાહારો[1] બ્રહ્મવાહકો[2] વૈરાડ્રૂપધર ।
ભક્તરાજહૃદ્ધ્વાંતતમોહૃત્[3] સ્વીકુરુ માં ચ હર ॥
...જય જય.

પક્ષસ્યૈકે[4] વાતેનૈતે ભીતાઃ કાકાદ્યાઃ[5] ।
પલાયિતાસ્તે[6] દ્રુતં પ્રભાવાદ્ ભવન્તિ ચાદૃશ્યાઃ ॥
...જય જય.

એવં સતિ ખલુ બાલસ્તેડહં ગ્રસિતઃ કામાદ્યૈઃ[7] ।
માતસ્ત્વરયા ચોદ્ધર કૃપયા પ્રેષિતશાંત્યાદ્યૈઃ[8] ॥
...જય જય.

દાસસ્તે નરસિંહસરસ્વતી યાચે શ્રીચરણમ્ ।
ભક્તિશ્રદ્ધે વાસસ્તે હૃદિ સતતં મે શરણમ્ ॥
...જય જય.

---

૧. મોતીનો આહાર કરતા હંસસ્વરૂપ. ૨. બ્રહ્મતત્ત્વના વાહક. ૩. હૃદયના તમસરૂપી અંધકારને હરનારા. ૪. એક પાંખથી. ૫. કાગડા વગેરે. ૬. તે બધા પલાયન થઇ ગયા. ૭. કામ વગેરે (કામ, ક્રોધ, મોહ, મદ, મત્સર વગેરે). ૮. શાંતિ વગેરે આપો.

**બાલિશ (Childish) નહિ, બાળવત્ (Child like) બનો.**

# ભગવતી મા રુકમામ્બાની આરતી

જય રુકમામૈયા! મા જય રુકમામૈયા!
રંગ તમે દીધા જે તારે ભવનૈયા! ...ૐ જય રુકમામૈયા.

પુણ્યભૂમિ મહારાષ્ટ્રે પ્રગટ થયાં અંબા! (૨)
વિચર્યાં ગુર્જર દેશે, જય જય જગદંબા! ...ૐ જય રુકમામૈયા.

જનમોજનમ સુધી તેં કેવાં તપ કરિયાં (૨)
ફળરૂપે પ્રભુ તારી કૂખે અવતરિયા! ...ૐ જય રુકમામૈયા.

પોતે સ્વધર્મ પાલન પ્રેમ થકી કીધું, (૨)
નારીજગતની સામે ઉદાહરણ દીધું! ...ૐ જય રુકમામૈયા.

નારાયણનિમિત્તે નારેશ્વર વસિયાં (૨)
અમર સ્મૃતિ કરી **રંગે** માતૃશૈલ રચિયાં! ...ૐ જય રુકમામૈયા.

ત્યાગ તિતિક્ષા ને વળી ધૈર્ય સહનશીલતા! (૨)
દિવ્ય ગુણો તવ સ્મરતાં થાયે શીતળતા! ...ૐ જય રુકમામૈયા.

કીધા મહા ઉપકાર, ભક્તો પર માડી! (૨)
ભાર કૈંકના લીધા, પોતે ઉપાડી! ...ૐ જય રુકમામૈયા.

ભાવ થકી જે ગાશે આરતી રુકમામ્બાની (૨)
ટળશે તેની ચિંતા ભવજલ તરવાની! ...ૐ જય રુકમામૈયા.

**વિવેકી માણસ એ સમાજની દીવાદાંડી છે.**

## ॥ શ્રી દત્તઃ પ્રસન્નોઽસ્તુ ॥

# પ્રકાશિત પુસ્તકોની સૂચિ

## અખિલ ભારત શ્રી રંગ અવધૂત પરિવાર, અમદાવાદ

સમર્થ દત્તાવતાર ભગવાન શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત ગીર્વાણ સ્તોત્રો, મંત્રો, ભજનો વગેરે તેમના પુસ્તકોમાં સંગ્રહિત થયેલ છે. તેનો દ્દશ્યશ્રાવ્ય માધ્યમ દ્વારા ભક્ત સમુદાયને લાભ મળે તે ભાવથી અમેરિકા સ્થિત શ્રી જશભાઈ પટેલે તેમના અમદાવાદના નિવાસ દરમ્યાન કેસેટ તેમજ વી.સી.ડી. તૈયાર કરાવી પરિવારને સમર્પિત કરેલ છે. કિફાયત ભાવે પ્રાપ્ય કેસેટ, વી.સી.ડી., ડી.વી.ડી. ની વિગત નીચે મુજબ છે.

### (૧) રૂદ્રાક્ષ ભજનાનંદ
### MP3 CD-૨ રૂા. ૬૦/- તથા પુસ્તક રૂા. ૧૫/-

અવધૂતી આનંદના ભજનો, પ્રભાતિયા, સ્તોત્રો, આરતી, થાળ, ધૂન, કેટલાક સાર્થ સ્તોત્રો અન્ય ભજનો તથા ગાયકોની નામાવલિ સાથે.

### (૨) શ્રી દત્તબાવની ગાથા
### DVD-૨ રૂા. ૧૦૦/- તથા પુસ્તક રૂા. ૧૫/-

દિવ્ય સ્તોત્ર દત્તબાવનીમાં આવતા ૪૦ જેટલા લીલા પ્રસંગોનું નાટ્યસ્વરૂપે અવધૂતગાથાના સૂત્રધાર તથા કથાકાર વલસાડના શ્રી રાકેશભાઈ જોશી દ્વારા નિર્મિત દ્દશ્યશ્રાવ્ય દર્શન DVDના માધ્યમથી માં પ્રત્યક્ષ થાય છે.

### (૩) શ્રી ગુરુનામામૃત જ્ઞાનપ્રપા
### MP3 CD-3 રૂા. ૭૫/- તથા પુસ્તક રૂા. ૨૫/-

શ્રીગુરુલીલામૃત અંતર્ગત આર્તસ્તુતિ, ગુરુમહિમા, ગુરુભક્તિ તથા વેદાંતવાણીના વિણેલા ૪૦૦૦ દોહરાઓનું સંકલન.

## (૪) શ્રીરંગદર્શન ગુજરાત
**DVD-1 રૂા. ૬૦/-**

પૂ.શ્રી રંગ અવધૂતજીના ગુજરાતમાં આવેલ ઉપાસ્યધામ- નારેશ્વર, ગરુડેશ્વર, ગોધરા, ગોરખટેકરી, દીવાબેટ, રાજપીપળા, પોર, માતર, સોલા, સરખેજ, ગાંધીનગર, સઈજ, લીંચ વગેરે સ્થાનોની દર્શનીય આધિભૌતિક તેમજ આધ્યાત્મિક માહિતી.

## (૫) શ્રી ગુરુદત્ત પંરપરા
**DVD-1 રૂા. ૭૦/-**

ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં આવેલ દત્તતીર્થધામ- નારેશ્વર, અનસૂયાજી, ગરુડેશ્વર, નાસિક-ત્રંબક, શિરડી, માહૂરગઢ, ગાણગાપુર, નરસોબાવાડી, અક્કલકોટ, કારંજા, કુરવપુર, માણગાંવ માણેકનગર, ઔદુંબર વગેરે સ્થાનોની દર્શનીય આધ્યાત્મિક તથા આધિભૌતિક માહિતી, સંગીત સાથે ધૂન, ભજનો, સ્તોત્રોનો સમાવેશ.

## (૬) શ્રીગુરુમહિમા
**MP3-1 રૂા. ૪૦/-**

અવધૂતીઆનંદના ભજનો, ધૂનો, દોહરા, સ્તોત્રો.

## (૭) અમર આદેશ
**Audio CD-3 રૂા. ૧૨૦/-**

પૂ. બાપજીએ પોતાની જન્મજયંતિ પ્રસંગે આપેલ પ્રવચનનું તેમના શ્રીમુખની વાણીમાં શ્રાવ્ય દર્શન. જેમાં બાજવા, નારેશ્વર, ડાકોર, ધર્મજ, કણભા, દ્વારિકા, નવાગામ કંપાલામાં આપેલ વ્યાખ્યાન તથા સોલા ભાગવત વિદ્યાપીઠના ખાતમૂહુર્ત પ્રસંગનું પ્રવચન-ચતુર્વિધ પુરુષાર્થનું સામંજસ્ય અને આજનો સંદેશ, રાજપીપળા - નવાપુરનું દત્ત ઉપાસના (ઉડતું પ્રવચન) વગેરેનો સમાવેશ.

## (૮) સંકીર્તન સંપુટિત દત્તબાવની
**Audio CD-1 રૂા. ૩૦/-**

બ્રહ્માનંદનમ્, દત્તનામ સંકીર્તન, દત્તબાવની, દત્તનામ સંકીર્તન.

## (૯) રૂદ્રાક્ષ-ધૂન-સંકીર્તન
**MP3-1 રૂા. ૪૦/-**

દત્તધૂન, રંગધૂન, સંકીર્તન.

## (૧૦) રૂદ્રાક્ષ સ્તોત્રાવલિ
**MP3-1 રૂા. ૪૦/-**

પૂ. બાપજી રચિત સ્તોત્રો, વંદના સ્તુતિ, દત્તનામ સંકીર્તન, દત્તનામ સ્મરણ.

## (૧૧) શ્રીરંગશરણ મૃત્યુંજય વંદના
**MP3-1 રૂા. ૪૦/-**

બ્રહ્માનંદનમ્ મૃત્યુ વિષયક શ્રીગુરુલીલામૃત અંતર્ગત દોહરા, સંગીત ગીતા- અ. ૧૫ તથા અન્ય શ્લોકો.

દત્તનામસ્મરણ, ભજન, ધૂન,(જીવતા સુધી જીવનમુક્તિ અને મૃત્યુ વેળાનું સાયુજ્ય મુક્તિ દર્શન)

## (૧૨) સંગીત ગીતા
**MP3**

પૂ.શ્રી રચિત ગીતાજીનું ગુજરાતી પદ્યાંતર.

## (૧૩) રંગ રમઝટ

અવધૂતી ગરબા- નોન સ્ટોપ. પૂ.શ્રીના ભજનો તથા અન્ય ભજનો પર બે તાળી, ત્રણ તાળી, દાંડિયા સાથે નોનસ્ટોપ ગરબા. સીડી પ્લેયર સાથે જોડે ત્રણ કલાક ગરબા કરી શકાશે.

**(D.J.)**

## (૧૪) અવધૂતીઆનંદામૃત (રૂદ્રાક્ષ)

પૂ.શ્રીના ભજનો, દોહરા, ધૂન-મંત્ર, પ્રભાતિયા, અનસૂયાબાવની, દત્તબાવની, વંદના વિગેરે.

## (૧૫) ઉષ:પ્રાર્થના - સાયંપ્રાર્થના

નારેશ્વરમાં થતી દરરોજ ઉષ:પ્રાર્થના તથા સાંયપ્રાર્થના મ્યુઝીક વગર તથા મ્યુઝીક સાથે.

## (૧૬) રંગ હૃદયમ્ સ્તોત્રાવલી: (નજીકના ભવિષ્યમાં)

રંગ હૃદયમ્માંથી ગાઈ શકાય એવા સ્તોત્રો મ્યુઝીક સાથે તથા મ્યુઝીક વગર.

❀❀❀

**નોંધ:** શ્રીરંગ અવધૂત પરિવારના ભક્તોને વિનંતી કે કોઈ પણ CD, VCD, DVDનો કોઈ ઉતારો કે નકલ ન કરે. આ ધંધાર્થી કાર્ય નથી. આપના દ્વારા વેચાણ સહકારની અપેક્ષા. આમાંથી પ્રાપ્ત થતો નફો પરિવારને જ સમર્પણ થાય છે.

**સૂચનો આવકાર્ય છે.**

❀❀❀

**Please Visit Our Following WebSite On Internet**

**www.shrirangparivar.in**
**www.rangavadhoot.us**

❀❀❀

## ❀ પ્રાપ્તિસ્થાન ❀

| | |
|---|---|
| ૧. શ્રી અંબાલાલભાઇ પટેલ | ૯૩૨૭૦૫૦૭૭૬ |
| ૨. શ્રી પ્રવિણભાઇ એ. દવે | ૯૪૨૬૦૩૨૩૪૩ |
| ૩. શ્રી કાન્તિભાઇ દવે | (૦૭૯)૨૫૩૯૯૭૪૧ |
| ૪. શ્રી પરેશભાઇ બ્રહ્મક્ષત્રિય, પાદરા | ૯૮૨૪૨૫૩૪૮૪ |
| ૫. શ્રી જશભાઇ એ. પટેલ (યુ.એસ.એ.) | ૯૩૨૭૦૫૦૭૭૬ |
| ૬. શ્રી અવધૂત સાહિત્ય ભંડાર, નારેશ્વર | ૨૫૩૬૭૧ |
| ૭. શ્રી દત્તમંદિર, સરખેજ | ૨૬૮૨૮૪૭૦ |
| ૮. શ્રી દત્તમંદિર, ગાંધીનગર | ૨૩૨૧૦૬૪૨ |
| ૯. શ્રી રંગમંદિર, સોલા-અમદાવાદ | ૯૮૨૫૩૬૮૪૭૦ |
| ૧૦. શ્રી રંગમંદિર, ભૂતડી ઝાંપા, વડોદરા | ૯૩૨૭૯૦૪૧૩૨ |
| | ૯૩૨૮૨૭૩૧૬૨ |
| ૧૧. રુકમાઇ મંડળ, કાંદિવલી | ૯૮૨૦૧૫૭૨૧૦ |
| | ૨૫૯૯૫૪૦૯ |
| ૧૨. શ્રી દત્તમંદિર, ગરુડેશ્વર | (૦૨૬૪૦)૨૩૭૦૦૫ |
| ૧૩. શ્રી અમૃતભાઇ જોષી | ૨૬૩૦૧૮૨૩ |

૧૪. **Jash Patel**

2983 Heatherwood Court Schaumburg IL.
60194 U.S.A.
Phone # 630-550-4218.
jashapatel@yahoo.com
jashapatel@gmail.com


## ❀ કાર્યાલય ❀

### શ્રી પ્રવિણભાઇ દવે

### અખિલ ભારત શ્રીરંગ અવધૂત પરિવાર

**૪૩, અશોકનગર, શાહપુર દરવાજા બહાર, અમદાવાદ-૩૮૦૦૦૪.**
**ફોન: (ઘર) ૨૫૬૩૩૭૫૪, (ઓ.) ૨૨૭૪૦૭૪૮,**
**(મો.) ૯૪૨૬૦૩૨૩૪૩.**

# સમર્પણ વંદના



તારાબેન અંબાલાલ પટેલના ગુરુદેવદત્ત

અંબરિષ સમી ભક્તિ તારનારી બની રહી
બારણે બાપજી આવ્યા રાત્રિ દુ:ખ તણી ગઇ
લાજ રાખી ગુરુ રંગે બેસી ઉરના આસને
લક્ષ્યમાં ચિત્તને રાખું નમું પ્રેમે હું આપને

અંબાલાલ ગ. પટેલના ગુરુદેવદત્ત

(શ્રીરંગ અવધૂત પરિવાર- યુ.એસ.એ. - કેનેડા - ઓડિયો - વિડીયો - સી.ડી. ના ઉપાર્જનમાંથી)



## ।। રુકમામ્બાને નમું નમું ।।

વિશ્વ કલ્યાણને માટે ધન્ય! દીધો, મા! દીકરો, ધન્ય! ત્યાગમયી, માજી! વંદું રુકમા માતને
શુદ્ધ-સાત્ત્વિક ભાવો જે અંતરે ઉછળી રહ્યા, ભીંઝવે અન્યના ભાવો, વંદું રુકમા માતને
શુભ્ર વસ્ત્રે વિભૂષિતા, માજી સાક્ષાત્ સરસ્વતી, કુમતિ-જાડ્યતા હારી, વંદું રુકમા માતને
પદ્માસને બિરાજેલાં સાક્ષાત્ પદ્મા સમા અહા! સમૃદ્ધિ સૌખ્યદાયી મા! વંદું રુકમા માતને
સદાયે શુદ્ધ ચિત્તે હા! શુદ્ધ સંકલ્પ સેવતાં, શુદ્ધ ચિત્ત કરો મારું, વંદું રુકમા માતને
શ્રદ્ધાનો ધોધ હૈયામાં જેના વહેતો અખંડ, હા! શ્રદ્ધા મારી કરો પુષ્ટ, વંદું રુકમા માતને
સદાયે તુષ્ટ હૈયામાં બુભુક્ષા ના દહે જરા, અંતઃ તુષ્ટ કરો મારું, વંદું રુકમા માતને
સદાયે શાંતિનો સિંધુ જેના અંતર ઉછળે, શાંતિ દો મુજ હૈયામાં, વંદું રુકમા માતને
દુઃખના ડુંગરો ઝીલ્યા આ સંસારે ડગ્યા વિના, વિષડાં પચવી દીધાં, વંદું રુકમા માતને
ઝઝુમ્યાં ઝંઝાવાતે, જીરવ્યાં ઝેર જગતનાં, પ્રસન્ન વદને, માજી! વંદું રુકમા માતને
દુઃખ-દાવાનળમાં મા! વહાવ્યો સૌખ્યનો ઝરો, સર્વમાં શર્વ[1] ને જોતાં, વંદું રુકમા માતને
અગમ્ય શક્તિ મા! તારી, સર્વમાં સૌખ્ય પ્રેરતી, પ્રેરજો મારી બુદ્ધિને, વંદું રુકમા માતને
અમી ઝરંતી મા! તારી દિવ્ય દૃષ્ટિ વહ્યા કરો, સદાયે મુજપે ઓ... મા! વંદું રુકમા માતને
પ્રસન્ન મુખડું તારું વેરતું હા! પ્રસન્નતા, 'પ્રસન્નોઽસ્તુ' સદા માજી! વંદું રુકમા માતને
અખંડાનંદની મૂર્તિ સ્વયં આનંદ રૂપિણી, ધન્ય! આનંદદાયી મા! વંદું રુકમા માતને
લમ્બોદર[2] તણી માતા સર્વ વિઘ્ન વિદારિણી, વિદારો વિઘ્ન સૌ મારાં, વંદું રુકમા માતને
ઉપોષણે, વ્રતે, શીલે, તિતિક્ષા-સંયમે વળી, દુર્વૃત્તિ-દાનવો જેણે, વંદું રુકમા માતને
હણ્યા છે માત્ર હોંકારે, એવી દુર્વૃત્તિહારિણી, હણો દુર્વૃત્તિને મારી, વંદું રુકમા માતને
પવિત્ર તુલસી કેરી નિત્યે પ્રદક્ષિણા કરી, ધન્ય! પાવનકારી મા! વંદું રુકમા માતને
તુલસી પૂજા, ગૌપૂજા નિત્યે સૂર્ય પૂજા કરી, દારિદ્ર્ય દેહનાં ટાળ્યાં, વંદું રુકમા માતને
સ્વયં પુષ્ટિ, સ્વયં તુષ્ટિ, પ્રજ્ઞા, મેધા, ગતિ, સ્વયં, સ્વયં કારુણ્યમૂર્તિ, મા! વંદું રુકમા માતને
સ્વયં ભક્તિ, સ્વયં શક્તિ, સ્વયં શ્રદ્ધા ને મોક્ષદા, સ્વયં આનંદદાયી મા! વંદું રુકમા માતને
સ્વયં ભુક્તિ, સ્વયં મુક્તિ, સર્વ પાપ વિમોચિની, સર્વ કલ્યાણકારી મા! વંદું રુકમા માતને
સર્વ મંગલકારી મા! દૈન્યહારી, દયાનિધિ, દારિદ્ર્ય, દુઃખહારી મા! વંદું રુકમા માતને
અન્યનું શરણું મારે નથી મા! તાહરા વિના, '**બાળ**'ને અંકમાં લે...લે... વંદું રુકમા માતને

**(પૂ. ગોવિંદ ઉપાધ્યાય વિરચિત સપ્તશતીમાંથી)**

---

૧. પ્રભુ ૨. પૂ.શ્રી રંગઅવધૂતજી.